બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

# બરકાતે ખ્વાજા (માસિક)


**ડિસેમ્બર-૨૦૨૧**

રબીઉલ આખર-જમાદિઉલ અવ્વલ
હિજરી સન : ૧૪૪૩

વર્ષ : ૧૮, અંક : ૧૨, સળંગ અંક : ૨૧૫

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | **કમાલાતે હઝરત મહબૂબે ઈલાહી બઝબાને ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہما | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 08 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 10 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 12 |
| 05 | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | 16 |
| 06 | કાનૂને શરીઅત | 19 |
| 07 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 24 |
| 08 | આવા નિઃસ્વાર્થ પ્રજાના ખાદિમ હવે ક્યાં મળશે ?! | 26 |
| 09 | અલ્લાહ પર તવક્કુલ અને સહાબીએ રસૂલ ﷺ | 30 |
| 10 | **અલ્લાહની મહાન નેઅમત રાતની કદર કરો !** | 35 |
| 11 | રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બતનો તકાઝો | 38 |
| 12 | **વર્તમાન સંજોગો મુજબ શેર બજાર વિશે શરઈ હુકમ** | 40 |
| 13 | બરકાતે ખ્વાજાની ટપાલ | 47 |


## મન્કબત દર શાને ગૌષે આ'ઝમ رضی اللہ عنہ

❑ **અઝ :** ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામા ગુલઝાર અહમદ સાહબ નૂરી (જૂનાગઢ)

યા ગૌષ કરમ કરના બેકસને પુકારા હય
મજધાર મેં કશ્તી હય ઔર દૂર કનારા હય

જીલાં સે ચલે પળહને રહઝન ભી લગે લળને
સચ બોલકે આકા ને કિરદાર સંવારા હય

ઈક આનમેં આકાને ચોરોં કો વિલાયત દી
દુન્યાકા બના આકા જો ચોર તુમ્હારા હય

હય જોલી મેરી ખાલી ઔર શાન તેરી આલી
જાયેગા ન યે હટકર સાઈલ યે તુમ્હારા હય

મશરિકસે પુકારે જો મગરિબ સે પહોંચાતે હો
અય શાહે ઝમાના યે રૂત્બા ભી તુમ્હારા હય

તયબાહ કે નઝારોં કો હમ તબ હી સમજ પાએ
બગદાદ કે મંઝરકો જબ દિલમેં ઉતારા હય

**'ગુલઝાર'** કી સુન લીજીયે આકર કે દવા દીજે
દેતા હય દોહાઈ યે બીમાર તુમ્હારા હય



# કમાલાતે હઝરત મહબૂબે ઈલાહી

## બઝબાને ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

ઉર્સ : ૧૮ રબીઉલ આખર

તંત્રી લેખ..

આજકાલ કેટલાક ઈલ્મે દીનથી અજ્ઞાન એવા બની બેઠેલા પીરો આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہથી અણગમો ધરાવે છે અને વિવિધ જૂઠા આક્ષેપો આ'લા હઝરત પર કરીને પબ્લિકને ગૈર માર્ગે દોરવા પ્રયત્નો કરે છે. પણ જો તેઓ હક્કને પસંદ કરતા હોય તો નિષ્ણક્ષપણે આ'લા હઝરતની કિતાબોનો અભ્યાસ કરે તો એહલે સુન્નત પર મહાન એહસાન કરનાર આ'લા હઝરતને પામશે. મુસલમાનો પર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہનાં જેવી રીતે ઘણા એહસાનો છે તેમાંનું એક એહસાન એ પણ છે કે આપે ઔલિયાએ કિરામના મકામ તથા મર્તબા અને તેમની અઝમત (મહાનતા) તથા રફઅત (ઉચ્ચતા)ની હિફાઝતના માટે ખૂબ જ જદ્દો જેહદ કરી છે. આપની અતિશય કોશિશોનું જ પરિણામ છે કે મુસલમાનોનાં દિલોમાં એ પાકીઝા સિફાત શખ્સિયતોની મહોબ્બતનો ચિરાગ રોશન છે.

હઝરત સૈયેદના મહબૂબે ઈલાહી رضی اللہ عنہની બારગાહ બીમારોના માટે દારુશિફા છે, મોટા મોટા હોદ્દેદારો અને માલો દૌલતવાળા ત્યાં ન્યાઝમંદીની સાથે હાજર થાય છે અને ઈન્શા અલ્લાહ ! કિયામત સુધી આ ક્રમ ચાલુ રહેશે. ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત કોઈ વલીની અઝમતો (મહાનતા)નો સ્વીકાર કિતાબોના અભ્યાસથી કર્યા કરતા ન હતા, બલ્કે પોતાની નિગાહોથી જોઈને કર્યા કરતા હતા. એટલા માટે કે આપની ખુદની બાતિની કુવ્વત (રૂહાની શક્તિ)નો આલમ એ હતો કે જો કોઈના મુર્દા દિલ પર પોતાનો દસ્તે કરમ ફેરવી દેતા તો મુર્દા દિલ ઝિંદા થઈ જતું. અને જો કોઈ ખુદાના વલીના પર ફૈઝનો દરવાજો બંધ થઈ જતો તો તેને ખોલવાની આપને ગુઝારિશ કરતા.

હુઝૂર સૈયેદના મહબૂબે ઈલાહી નિઝામુદ્દીન ઔલિયા رضی اللہ عنہની બાઅઝમત બારગાહમાં ઈમામે અહલે સુન્નતે પણ હાજર થઈને ફૈઝ પ્રાપ્ત કર્યો છે. આપે આપના મલ્ફૂઝાત શરીફમાં હુઝૂર સૈયેદના મહબૂબે ઈલાહીનું જે રીતે વર્ણન કર્યું છે એનાથી હુઝૂર સૈયેદના મહબૂબે ઈલાહીની અતિશય મહોબ્બત અને મકામ તથા મર્તબો પ્રદર્શિત થતો જોવા મળે છે. હુઝૂર સૈયેદના મહબૂબે ઈલાહીની રોશન ઝમીરીનો ઉલ્લેખ આ'લા હઝરત આ પ્રમાણે કરે છે :–

"૧૭ મી શરીફ માહે ફાખિર રબીઉલ આખિર હિ.સ. ૧૨૯૩ માં ફકીર (આ'લા હઝરત)ને એકવીસમુ વરસ હતું. આ'લા હઝરત પોતાના વાલિદે માજિદ તથા હઝરત મુહિબ્બે રસૂલ જનાબ મૌલાના મોલ્વી મુહમ્મદ અબ્દુલકાદિર સાહબ કાદરી બદાયૂની આલિયાની સાથે મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہની બારગાહમાં હાજર થયા. હુજરા શરીફની ચારેબાજુ બાતિલ ખેલ તથા મનોરંજનની મજલિસો ગરમ હતી. શોર તથા ધમાલમાં કાન પર કોઈ વાતનો અવાજ સંભળાતો ન હતો. બંને હઝરાતે આલિયા પોતાના મુત્મઈન દિલો સાથે કબ્ર શરીફ પાસે હાજર થઈને મશ્ગૂલ થઈ ગયા. આ ફકીરે (આ'લા હઝરતે પોતે) શોરબકોરની ભીડના લીધે પરેશાની અનુભવી.

દરવાઝાએ મુતહ્હરા પર ઉભા રહીને હઝરત સુલ્તાનુલ ઔલિયાથી અર્ઝ કરી કે, હે મૌલા ! ગુલામ જેના માટે હાજર થયો તેમાં આ અવાજો દખલ પાડી રહી છે. આવી અર્ઝ કરીને **બિસ્મિલ્લાહ** કહીને જમણો પગ હુજરાના પાક દરવાજામાં રાખ્યો તો ખુદાના હુકમથી સર્વ અવાજો તરત જ અદશ્ય થઈ ગયા. મેં ગુમાન કર્યું કે આ લોકો ખામોશ થઈ ગયા છે. પાછળ ફરીને જોયું તો એ જ બજાર ગરમ હતું, અંદર રાખેલો કદમ બહાર કાઢયો તો ફરી તે જ અવાજો ને જોશ જોવા મળ્યો. ફરી **બિસ્મિલ્લાહ** કહીને જમણો પગ અંદર મૂક્યો તો ફરી એ જ પ્રમાણે શાંતિ જણાઈ (કાન પર કાંઈ ન સંભળાતુ હતુ). હવે જણાયું કે આ મૌલાનો કરમ અને હઝરત સુલ્તાનુલ ઔલિયાની કરામત તથા આ નાચીઝ બંદા પર રહમત તથા મદદ છે. અલ્લાહનો શુક્ર અદા કર્યો અને મવાજહે આલિયામાં મશ્ગૂલ થઈ ગયો, ત્યાં કોઈ અવાજ ન સંભળાયો. પણ જેવો બહાર આવ્યો તો ફરી એ જ હાલ હતો કે ખાનકાહની બહાર કિયામગાહ સુધી પહોંચવું મુશ્કેલ થયું. ફકીરે (આ'લા હઝરતે) આ પોતાના પર ગુઝરેલી ગુઝારિશ રજુ કરી, કેમ કે પ્રથમ તો એ અલ્લાહની નેઅમત હતી અને રબ તઆલા ફર્માવે છે : **(અર્થ)** ''તમારા રબની એ નેઅમતોને લોકોમાં ખૂબ વર્ણન કરો.'' તેમ જ બીજું એમાં ઔલિયા કિરામના ગુલામો માટે ખુશખબરી તથા મુન્કિરો માટે બલા તથા અફસોસ છે. ઈલાહી ! સદકો તારા મહબૂબ બંદાઓનો કે અમને દુનિયા તથા આખેરત, કબ્ર તથા હશ્રમાં તારા મહબૂબોની અતિશય બરકતોથી અમને માલામાલ કરે !.. *(મલ્ફૂઝાત શરીફ, પેજ–૪૧૫, ૪૧૬)*

દોસ્તો ! વાંચો ! આ આ'લા હઝરતે વર્ણન કર્યું છે ! અને જેમના દિલમાં આ'લા હઝરત પ્રત્યે કીનો છે તેવા બીમાર દિલોને બતાવો ! કે **અકીદત શીખવી હોય બુઝુર્ગોની તો આ'લા હઝરતના દરના પ્રથમ ગુલામ બનો** ! પણ તમારી ગંદી ઝબાનને આ'લા હઝરતની વિરૂધ્ધ ચલાવતાં લાખ વાર વિચારો કે તમે કેટલો ભયાનક જુર્મ કરી રહ્યા છો !

એક જગાએ મલ્ફૂઝાત શરીફમાં આ'લા હઝરતે સૈયેદના મહબૂબે ઈલાહી رضی اللہ عنہ તથા હઝરત ઈમામ યૂસુફ رضی اللہ عنہના ઝોહદ તથા કરામત તથા ફિકહી બસીરત, મકામ તથા મર્તબામાં ફર્ક અને મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہના વાંધાનો જવાબ આપતાં લખ્યું છે :–

હઝરત મહબૂબે ઈલાહી رضی اللہ عنہનો લકબ ઝરબખ્શ છે. હઝરતની બખ્શિશની એ હાલત હતી કે બાદશાહને ત્યાંથી મોટા મોટા કિંમતી જવેરાત ભરેલા થાળો લાવીને રાખવામાં આવ્યા. એક જણ હાજર હતો તેણે અર્ઝ કરી, આ તમારા માટે તોહફો છે. તો આપે ઈર્શાદ ફર્માવ્યો, આ એકલા મારા માટે જ નથી ! આવું કહીને સૌ તેને આપી દીધું.

હઝરત ઈમામ યૂસુફ رضی اللہ عنہની પાસે હારૂન રશીદે રૂપિયા અશ્રફીઓના થાળ મોકલ્યા. એક જણે અર્ઝ કરી, આ તોહફા તમારા સૌના માટે છે. ઈર્શાદ ફર્માવ્યો, આ ફળોની જેમ છે કે જે હદિયો પેશ કરવામાં આવે તે તમામ હાજરજનોમાં બરાબર રીતે વહેંચાતો હોય છે. એના સિવાય અન્ય ચીજોનો હુકમ નથી. આ બંને બનાવોને લખીને મુલ્લા અલી કારી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ એ વાંધો ઉઠાવ્યો કે બંને જવાબો આપસમાં મેળ ખાતા નથી. મેં તેના હાશિયા પર એ જવાબ લખ્યો કે ઈમામ યૂસુફ رحمۃ اللہ علیہ મકામે તશ્રીહમાં હતા, તેમના એક એક કાર્યો તથા કથનો તથા હાલતોથી એટલે સુધી કે તેમના એક એક દેખાવ પરથી દલીલો કરવામાં આવે છે અને આ મકામે

તબતીલમાં હતા, આમનો મર્તબો એમના મર્તબાથી અલગ છે. અહીં ગૈરથી તદ્દન કટ થવું છે, એથી ઉલ્ટુ તેમનો એક ફેઅલ બલ્કે તેમની એક પોશિશ (છુપાવવું) સુદ્ધાં દલીલ હોય છે. તેમની તમામ હાલતો મન્કૂલ હોય છે. એકવાર આપ યૌમે શકમાં એટલે જે દિવસે શક હોય કે તે રમઝાનની પહેલી છે કે શા'બાનની ત્રીસમી છે, આપ બપોર પછી બજારમાં તશરીફ લાવ્યા અને ફર્માવ્યું કે રોઝો ખોલી નાખો. તે વખતનો આપનો દેખાવ નકલ થયેલ છે કે કાળા ઘોડા પર સવાર હતા, કાળો લિબાસ પહેરલ હતા, કાળો અમામો બાંધેલ હતો, મતલબ કે દાઢી મુબારક સિવાય કોઈ ચીજ સફેદ ન હતી. એના પર ક્યાસ કાઢવામાં આવ્યો કે કપડાં કાળા રંગનાં પહેરવાં જાઈઝ છે. એક જણે સવાલ કર્યો કે તમારો રોઝો છે કે નથી ? ચુપકીદીથી કાનમાં કહ્યું, હું રોઝાથી છું. એનાથી એ મસ્અલો નીકળ્યો કે મુફતી ખુદ શકના દિવસે રોઝો રાખે અને અવામને ન રાખવાનો હુકમ આપે. સારાંશ કે આપે બંને સાહબોના મર્તબામાં તફાવત નથી કર્યો. કેમ કે તેમણે કહ્યું કે બંને કથનોમાં કેટલો ફરક છે પરંતુ બંને મર્તબાઓમાં પણ તો કેટલો ફરક છે ........" *(મલ્ફૂઝાત શરીફ, પેજ-૪૧૫, ૪૧૬)*

ઈમામે અહલે સુન્નતની એ ખૂબી હતી કે અસ્લાફની (પૂર્વજ બુઝુર્ગોની) અદબની જાળવણી કોઈ પળે હાથથી જવા દેતા ન હતા અને જે મસ્અલાની તેહકીક કરે છે તેના દરેક પાસાને સ્પષ્ટ કરી દે છે જેનાથી વાંચક દરેક રીતે મુત્મઈન થઈ જાય છે. આપે અસ્લાફના અદબ તથા એહતેરામની જે સમજ જાગૃત કરી છે તેની અસરો આજે દરેક ઠેકાણે જોવા મળે છે. **પૂરા વિશ્વાસની સાથે કહી શકાય છે કે જો આપની જાત ન હોત તો કોઈ ખાનકાહ ગુસ્તાખ તથા બદ્ઝબાનોની બુરાઈથી મેહફૂઝ ન રહેત.**

**નજદિયત દારો રસન પર દેખીયે મસ્લૂબ હૈ – હમકો બસ નક્શે શહે અહમદ રઝા મત્લૂબ હૈ**

એક સાહિબે વિલાયતે હઝરત મહબૂબે ઈલાહી قدس سرہ ની બારગાહમાં દૂર દરાઝથી હાજરીનો ઈરાદો કર્યો. માર્ગમાં જેનાથી પણ મહબૂબે ઈલાહીના વિશે પૂછતા તે આપની તારીફ જ કરતો. તો તે બુઝુર્ગે પોતાના દિલમાં વિચાર્યું કે મારી મહેનત બેકાર થઈ ગઈ ! કેમ કે તેઓ **જો હક્ક્ ગો (સત્ય કહેનારા) હોત તો લોકો જરૂર તેમનુ બુરુ બોલતા હોત.** જ્યારે દિલ્હી નજીક આવ્યું તો તેમણે લોકોને આપના વિશે પૂછયું તો હવે બુરાઈઓ સાંભળવા મળી ! કોઈ કહેતું કે દિલ્હીનો મક્કાર (ધોકાબાઝ) છે ! તો કોઈ કાંઈ કહેતું ! તેમણે કહ્યું કે અલ્હમ્દુલિલ્લાહ ! મહેનત વસૂલ થઈ !....." *(મલ્ફૂઝાત શરીફ, પેજ-૨૦૪)*

**આવો ! વધુ એક પ્રસંગ જોઈ લો !** : ત્રણ કલંદર હઝરત નિઝામુદ્દીન મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ ની બારગાહમાં આવ્યા અને એમણે ભોજનની માંગણી કરી. હઝરતે તરત જ ખાદિમોને ભોજન લઈ આવવાનો આદેશ આપ્યો અને તેઓએ જે કાંઈ હાજર હતું તે તેમની સામે મૂક્યું. કલંદરોમાંથી એક જણે તે ભોજન ઉપાડીને ફેંકી દીધું અને કહ્યું કે સારું ભોજન લાવો. હઝરતે તેના અસભ્ય વર્તન તરફ ધ્યાન ન આપતાં ખાદિમોને તેના કરતાં વધારે સારુ ખાણું લાવવાની આજ્ઞા આપી. પરિણામે ખાદિમ પહેલાં કરતાં વધારે સારુ ખાણું લાવ્યો. પેલા કલંદરે પાછુ તે ફેંકી દીધું અને તેના કરતાં સારુ ખાણું માંગ્યું. હઝરતે તેના કરતા

પણ વધારે સારુ ખાણું પીરસવાનો હુકમ કર્યો અને ખાદિમે તેની સમક્ષ પહેલાં કરતાં પણ ચઢિયાતું ખાણું મૂક્યું પરંતુ કલંદરે તે પાછુ ઉપાડીને ફેંકી દીધું અને તેના કરતાં પણ ચઢિયાતા ખાણાની માંગણી કરી. અંતે

હઝરતે પેલા કલંદરને પોતાની પાસે બોલવીને તેના કાનમાં ઈર્શાદ ફર્માવ્યો કે તમે માર્ગમાં મરી ગયેલા બળદનું જે માંસ ખાધું હતું તેના કરતાં તો આ ખાણું સારુ હતું ! આ સાંભળીને પેલા કલંદરની હાલત બદલાઈ ગઈ. હકીકતમાં તેઓ ત્રણેય લાંઘણો ખેંચ્યા પછી રસ્તામાં એક મરેલો બળદ પડયો હતો જેમાં કીડા પડી ગયા હતા તેનું માસ ખાઈને આવ્યા હતા. હા, તો પેલો કલંદર આપના કદમોમાં પડી ગયો. હઝરતે તેને ઉભો કરીને પોતાના સીનાથી લગાડી લીધો અને જે કાંઈ તેને અર્પણ કરવાનું હતું તે અર્પણ કરી દીધું.

*(મલ્ફૂઝાતે આ'લા હઝરત, ભાગ–૧, પેજ–૧૨)*

હઝરત મહબૂબે ઈલાહી સાથે ઈમામ અહમદ રઝા رضی اللہ عنہને જે લગાવ તથા હુસ્ને અકીદત તથા અત્યંત મહોબ્બત હતી તે લખાણની લીટી લીટીએથી છલકાઈ રહી છે અને તેમ છતાં હસદખોરો તથા વિરોધીઓ કોઈ અણછાજતા શબ્દો બોલે તો તેમણે પોતાની આખેરતની ફિકર કરવી જોઈએ કે આ ગલત આક્ષેપ સમયના મુજદ્દિદ પર, વલીએ કામિલ પર લગાડીને તેઓ ક્યાં જશે ?! ઈમામે અહલે સુન્નતે ઔલિયાએ કિરામની અઝમતોની હિફાઝત કરી, ખાનકાહોના પીરાને તરીકત તથા મશાઈખે શરીઅતને એનો એહસાસ હોવો જોઈએ અને ખાનકાહો તથા દર્સગાહોના બંધારણના વખતે ઈમામે અહલે સુન્નત આ'લા હઝરતના ખયાલોની (માન્યતાઓની) કે જે કુર્આન હદીષ તથા અકવાલે ઉલમાથી સનદ પામેલ છે કાળજી લેવી જોઈએ, એ પ્રમાણે થશે તો ખાનકાહોની પાકીઝગીને પાયમાલ કરવાની કોઈનામાં હિંમત થશે નહીં. મોટી મોટી ખાનકાહો પર બદ્અકીદા લોકો પોતાની નજરો જમાવીને બેઠેલા છે અને ઘણી બધી જગાઓ પર તેઓ કબજા માટે કેસો પણ લડી રહ્યા છે. જો કોઈએ એની તેહકીક કરવી હોય તો દિલ્હીની ભૂમી પર ચાલ્યો જાય કે ત્યાં વહાબી દેવબંદીઓ બાકાયદા મુજાવરી કરતા જોવા મળશે ! *(ચિશ્તી બુઝુર્ગોં કે સાથ આ'લા હઝરત કી અક઼ીદત)*

## સઉદી અરબમાં બ્રિટિશ રાજદ્વારીએ ઈસ્લામ અંગીકાર કર્યો

જિદ્દાહ ખાતે ફરજ બજાવી રહેલા બ્રિટિશ કોન્સુલ જનરલે ઈસ્લામ ધર્મ સ્વીકારી લીધો છે. આ સાથે જ તેમણે સોશિયલ મીડિયા પર તેમનો એક ફોટો શેર કર્યો હતો. જેમાં તે મસ્જિદે નબવીમાં નજરે પડે છે. આ ફોટો શેર કરતાં તેમણે ટવીટ કર્યું હતું કે હું મારા સૌથી પ્રિય શહેર મદીના શરીફ આવી ઘણો ખુશ છું. તેમણે લખ્યું હતું કે હું મદીના શરીફ આવી અને મસ્જિદે નબવીમાં ફજરની નમાઝ અદા કરી ખૂબ જ ખુશ છું, બ્રિટિશ કોન્સુલ જનરલે ઈસ્લામ સ્વીકાર્યા પછી તેમનું નામ સૈફ અશર રાખ્યું છે. તેમણે કુર્આન મજીદના અંગ્રેજી અનુવાદનો અભ્યાસ કર્યો અને તેનાથી ખૂબ જ પ્રભાવિત થયા. તેમણે એક અન્ય ટવીટમાં કહ્યું હતું કે તે મદીના શરીફમાં બ્રિટિશ મુસ્લિમોની રાહ જોઈ રહ્યા છે. તેમણે કહ્યું હતું કે કોવિડ–૧૯ મહામારી પહેલા અહીં દર વર્ષે લાખો લોકો આવતા હતા અને વિશ્વાસ છે કે હવે ફરી આ સંખ્યા વધશે. અહીં માળખાકીય સુવિધાઓનો પણ અદભૂત વિકાસ થઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે સૈફ પ્રથમ બ્રિટિશ રાજદ્વારી નથી જેમણે ઈસ્લામ સ્વીકાર્યો છે બલ્કે આ પહેલા સઉદી અરબ સ્થિતિ બ્રિટિશ રાજદૂત સાઈમન પોલ કોલિસે ઈસ્લામ ધર્મ અંગીકાર કર્યો હતો અને હજ પણ કરી હતી. ત્યારે કોલિસે કહ્યું હતું કે હું ૩૦ વર્ષો સુધી મુસ્લિમ સમાજમાં રહ્યો હતો અને આ સમુદાય સાથે આટલા વર્ષો સુધી રહ્યા પછી મેં ઈસ્લામ સ્વીકારવાનો નિર્ણય કર્યો હતો. *(ગુજરાત ટુડે, તા. ૧૬–૧૧–૨૦૨૧)*



## કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ માઈદા મદીના તૈયબહમાં ઉતરી, એમાંથી اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ (આયત નં. 3) વાળી આયત સિવાય. એ આયત અરફાના દિવસે હજ્જતુલ વિદાઅમાં ઉતરી, અને સૈયદે આલમ صلی اللہ علیہ وسلمએ ખુત્બામાં એને પઢી, આ સૂરહમાં ૧૨૦ આયતો અને ૧૨૪૬૪ અક્ષરો છે.

اٰیاتُها ١٢٠ (٥) سُوْرَةُ الْمَآئِدَةِ مَدَنِيَّةٌ (١١٢) رُكُوْعَاتُها ١٦

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اَوْفُوْا بِالْعُقُوْدِ ؕ اُحِلَّتْ لَكُمْ بَهِيْمَةُ
الْاَنْعَامِ اِلَّا مَا يُتْلٰى عَلَيْكُمْ غَيْرَ مُحِلِّى الصَّيْدِ وَ اَنْتُمْ
حُرُمٌ ؕ اِنَّ اللّٰهَ يَحْكُمُ مَا يُرِيْدُ ۝١ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا
تُحِلُّوْا شَعَآئِرَ اللّٰهِ وَ لَا الشَّهْرَ الْحَرَامَ وَ لَا الْهَدْىَ وَ لَا
الْقَلَآئِدَ وَ لَاۤ اٰمِّيْنَ الْبَيْتَ الْحَرَامَ يَبْتَغُوْنَ فَضْلًا مِّنْ
رَّبِّهِمْ وَ رِضْوَانًا ؕ وَ اِذَا حَلَلْتُمْ فَاصْطَادُوْا ؕ وَ لَا يَجْرِمَنَّكُمْ
شَنَاٰنُ قَوْمٍ اَنْ صَدُّوْكُمْ عَنِ الْمَسْجِدِ الْحَرَامِ اَنْ
تَعْتَدُوْا ۘ وَ تَعَاوَنُوْا عَلَى الْبِرِّ وَ التَّقْوٰى ۪ وَ لَا تَعَاوَنُوْا عَلَى
الْاِثْمِ وَ الْعُدْوَانِ ۪

## સૂરએ માઈદાની તફસીર

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)**

*હે ઈમાનવાળાઓ ! પોતાના વચન પૂરાં કરો[૬૬] તમારા માટે હલાલ થયા બેઝબાન જાનવરો, પરંતુ તે જે તમને આગળ સંભળાવવામાં આવશે[૬૭] પણ શિકાર હલાલ સમજશો નહીં જ્યારે કે તમે એહરામમાં હોવ[૬૮] બેશક ! અલ્લાહ જે ચાહે (તે) હુકમ ફર્માવે છે (૧) હે ઈમાનવાળાઓ ! અલ્લાહની નિશાનીઓને[૬૯] હલાલ ન ઠેરવી લો. અને ન અદબવાળા મહિનાઓને[૭૦] અને ન હરમ તરફ મોકલાએલ કુર્બાનીઓને. અને ન[૭૧] જેમના ગળામાં નિશાનીઓ લટકેલી હોય[૭૨] અને ન તેમનો માલ અને આબરૂ જેઓ ઈજ્જતવાળા ઘરનો ઈરાદો કરીને આવે[૭૩] પોતાના રબનો ફઝ્લ અને તેની ખુશી ઈચ્છતા. અને જ્યારે એહરામમાંથી નીકળો ત્યારે શિકાર કરી શકો છો.[૭૪] અને તમને કોઈ ક઼ોમની અદાવત કે તેમણે તમને મસ્જિદે હરામથી રોક્યા હતા, વધુ પડતું કરવા પ્રોત્સાહન ન આપે[૭૫] અને નેકી તેમજ પરહેઝગારી પર એકબીજાની મદદ કરો. અને ગુનાહ તેમજ વધારે પડતાં પગલાં લેવામાં અંદરોઅંદર મદદ ન આપો.[૭૬]*

### :: સમજૂતી ::

**૬૬** : ઉકુદ (વચનો)ના અર્થમાં તફસીરકારોના અમુક કથનો છે, ઈબ્ને જુરેરે કહ્યું છે કે, કિતાબવાળાઓને સંબોધન કરાયું છે, અર્થ એ છે કે

હે અહલે કિતાબ મુઅમિનો ! મેં પવિત્ર કિતાબોમાં સૈયદે આલમ ﷺ પર ઈમાન લાવવા અને આપને અનુસરવા બાબત જે તમારા પાસેથી વચનો લીધાં છે તે પૂરાં કરો.

અમુક તફસીરકારોનું કહેવું છે કે મુઅમિનોને સંબોધન છે, તેમને વચનો પૂરાં કરવાનો હુકમ અપાયો છે. ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ કહ્યું કે, ઉકુદનો મતલબ ઈમાન અને તે વચનો છે જે હલાલ હરામ વિશે કુર્આનમાં લેવાયાં છે. અમુક મુફસ્સિરોનું કથન છે કે એનાથી મુઅમિનોના અંદરોઅંદરના ક઼ોલ ક઼રાર મુરાદ છે.

**૬૭** : એટલે કે **જેના હરામ હોવાનો હુકમ શરીઅતમાં આવ્યો, તે સિવાય બધા જાનવરો તમારા માટે હલાલ કરવામાં આવ્યાં.**

**૬૮** : જમીનનો શિકાર એહરામની હાલતમાં હરામ છે, અને પાણીનો જાઈઝ છે, જેમ કે આ સૂરહના અંતમાં આવશે.

**૬૯** : તેના દીન (ધર્મ)ની નિશાનીઓ. અર્થ એ છે કે જે વસ્તુ અલ્લાહે ફર્ઝ કરી, અને જેની મનાઈ કરી, તે તમામની મર્યાદા ધ્યાનમાં રાખો.

**૭૦** : હજના મહિનાઓ. જેમાં લડાઈ અજ્ઞાનયુગમાં પણ પ્રતિબંધિત હતી, અને ઈસ્લામમાં પણ એ હુકમ બાકી રહ્યો.

**૭૧** : તે કુર્બાનીઓ.

**૭૨** : અરબના લોકો કુર્બાનીઓના જાનવરોના ગળામાં હરમ શરીફના ઝાડોની છાલ વગેરેને વણીને તેના હાર પહેરાવતા હતા, જેથી જોનાર જાણી લે કે આ હરમ તરફ મોકલાએલી કુર્બાની છે, અને એને છેડછાડ ન કરે.

**૭૩** : હજ અને ઉમરા કરવા માટે.

**શાને નુઝૂલ** : શરીહ બિન હિંદ એક કુખ્યાત બદમાશ હતો, તે મદીના શરીફમાં આવ્યો. અને સરવરે આલમ ﷺની સેવામાં હાજર થઈને કહેવા લાગ્યો કે તમે લોકોને શાનું નિમંત્રણ આપો છો ? જવાબ આપ્યો, પોતાના પાલનહાર પર ઈમાન લાવવાનું, મારી રિસાલતને સત્ય સમજવાનું, નમાઝ પઢવાનું અને ઝકાત આપવાનું. પહેલાએ કહ્યું, બહું જ સારુ નિમંત્રણ છે, હું મારા સરદારોનો અભિપ્રાય લઈ લઉં, તો પછી હું પણ ઈમાન લઈ આવું, એટલું કહીને ચાલ્યો ગયો.

હુઝૂર ﷺએ તેના આવતા પહેલાં જ સહાબાને ખબર આપી દીધી હતી કે, કબીલા રબીઆનો એક માણસ આવશે, જે શયતાની ભાષા બોલશે. તેના ગયા પછી હુઝૂરે ફર્માવ્યું કે, કાફિરનું મોઢું લઈને આવ્યો, અને દગાખોર તેમજ વચનભંગ કરનારની જેમ પીઠ ફેરવી ગયો. એ ઈસ્લામ સ્વીકારનાર નથી. એવું જ થયું. તેણે દગો કર્યો, અને મદીના શરીફથી નીકળતાં ત્યાંનો માલ અને જાનવરો લઈ ગયો.

ત્યાર પછીના વર્ષે વેપારનો ઘણો બધો માલ અને હજની હાર પહેરાવેલ કુર્બાનીઓ લઈને યમામાના હાજીઓ સાથે હજના ઈરાદે નીકળ્યો. સૈયદે આલમ ﷺ પોતાના સહાબા સાથે ક્યાંક જઈ રહ્યા હતા. રસ્તામાં સહાબાએ શરીહને જોયો, અને જાનવરો તેના પાસેથી પાછો લેવાનો ઈરાદો કર્યો. હુઝૂર ﷺએ મના ફર્માવ્યું. ત્યારે આ આયત ઉતરી કે જેની આદત એવી જ હોય તેને છેડવો નહીં.

**૭૪** : આ મુબાહ હોવાનું બયાન છે, કે એહરામ પછી શિકાર મુબાહ થઈ જાય છે.

**૭૫** : એટલે કે મક્કાવાસીઓએ રસૂલે કરીમ ﷺ અને આપના અસ્હાબને હુદૈબિયહના દિવસે ઉમરા કરવાથી રોક્યા હતા. તેમના એ શત્રુતાભર્યા કામનો તમે બદલો ન લો.

**૭૬** : અમુક તફસીરકારોએ કહ્યું છે કે જેનો હુકમ કરાયો હોય તેને કરવું 'બિર' અને જેનાથી મના કરાયું હોય તેને છોડવું 'તક઼વો' અને જેનો હુકમ કરાયો હોય તેને ન કરવું 'ઈસ્મ' અને જેની મના કરવામાં આવી હોય તેને કરવું 'ઉદવાન' (વધુ પડતુ) કહેવાય છે.

# દર્સે હદીષે પાક એટલે મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફતી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

*"હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે નમાઝને કોઈ ચીજ નથી તોડતી અને[1] એને જ્યાં સુધી બની શકે દૂર કરો, એટલા માટે કે તે પસાર થનારો શૈતાન છે." (અબૂ દાઊદ)*

**૧.** એટલે કે નમાઝીની આગળથી કોઈ ચીજનું પસાર થઈ જવું નમાઝને બાતિલ નથી કરતું. જેથી આ હદીષ તોડવાની રિવાયતની વિરુદ્ધ નથી, કે ત્યાં હુઝૂરે કલ્બી (દિલી તલ્લીનતા)ને તોડવું મુરાદ છે, ન કે અસલ નમાઝને, અને અહીં અસલ નમાઝ તોડવાનો નકાર છે.

**(વિભાગ : ૩)** *"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે હું રસૂલુલ્લાહ ﷺ ની સામે સૂતેલી હતી અને મારા પગો આપના ક્િબ્લાની તરફ હોતા[1]. જ્યારે આપ સજદો કરતા તો મને દબાવી દેતા. હું મારા પગોને સમેટી લેતી. અને જ્યારે ઉભા થતા તો હું પગોને ફેલાવી દેતી અને એ જમાનામાં ઘરોમાં ચિરાગ ન હતા[2]."*

**૧.** આપ ક્િબ્લા તરફ પગો ફેલાવતાં ન હતાં કે એ મના છે, બલ્કે આપના પગો હુઝૂરે પાક ﷺ ની સામે ક્િબ્લાની તરફ રહેતા હતા. આ હદીષથી બે મસ્અલા જાણવા મળ્યા. એક એ કે નમાઝમાં થોડો અમલ જાઈઝ છે. બીજુ એ કે સ્ત્રીને સ્પર્શવું વુઝૂ નથી તોડતુ ભલે કશીય આડ વગર હોય. કેમ કે અહીં આડની શર્ત નથી આવી. ત્રીજુ એ કે સ્ત્રીનું નમાઝીની આગળ હોવું નમાઝ ખરાબ નથી કરતું. જેથી આ હદીષ હનફીઓની દલીલ છે.

**૨.** આ તદ્દન પ્રારંભિક સ્થિતિનું વર્ણન છે જ્યારે કે જરૂરતના સમયે લાકડીઓ સળગાવીને રોશની કરવામાં આવતી હતી. બાદમાં હુઝૂર ﷺ ના જમાનામાં દીવાનો રિવાજ શરૂ થઈ ગયો હતો. જેવું કે હદીષ શરીફમાં છે કે એકવાર હુઝૂરે પાક ﷺ થી એક ઉંદર દીવાની સળગતી બત્તી ખેંચીને લઈ ગયો, તો હુઝૂરે પાક ﷺ એ ફર્માવ્યું કે દીવો ઓલવીને સૂતા રહો, કેમ કે ઉંદર એના થકી ઘરમાં આગ લગાડી દે છે. જેથી આ હદીષ ચિરાગવાળી હદીષોની વિરુદ્ધ નથી.

એટલે કે જ્યાં સુધી હુઝૂર ﷺ તહજ્જુદનો ક્યામ તથા રુકૂઅ કરે ત્યાં સુધી ઈત્મિનાનથી પગો ફેલાવીને સૂતાં રહેતાં, અને જ્યારે હુઝૂરે પાક ﷺ ના સજદાનો સમય થતો તો મને દબાવીને ઈશારો કરી દેતા, જ્યારે હું પગો સમેટતી ત્યારે સજદાના માટે જગા થતી અને આપ સજદો કરતા.

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જો તમારામાંથી કોઈ જાણી લે કે તેને પોતાના ભાઈની સામેથી ગુજરવામાં નમાઝનો રસ્તો કાપીને જવામાં શું ગુનોહ થાય તો સો વરસ રોકાય રહેવું તેના માટે એક ક્દમ મૂકવા કરતાં બેહતર હોત[1]." (ઈબ્ને માજહ)*

**૧.** આ હદીષ એ હદીષની શરહ (ખુલાસો) છે જ્યાં કેવળ ચાલીસનો ઉલ્લેખ હતો, વરસ કે મહિનાનો ઉલ્લેખ ન હતો. જાણવા મળ્યું કે ત્યાં પણ વરસો જ મુરાદ હતાં. આ પરથી જાણવા મળ્યું કે નમાઝીની સામે બેસી રહેવું અથવા આવીને બેસી જવું, બેઠેલા હોય તો ઉઠી જવું અથવા સીધા ચાલ્યા જવું મના નથી, બલ્કે **સામેની બાજુ ક્રોસ કરીને પસાર થવું મના છે.** એટલે કે આપણા દેશમાં ઉત્તર કે દક્ષિણે જવું જેવું કે بَیْنَ یَدَیْہِથી માલૂમ પડયું. અલ્બત્ત જો કોઈ શખ્સ નમાઝીની આગળ આવીને બેસી જાય પછી થોડોક રોકાયને બીજી તરફ ઉઠીને જાય તો મકરૂહ છે, બલ્કે એ જ બાજુ જાય જે બાજુથી આવ્યો હતો. હદીષનો મતલબ બિલ્કુલ જાહેર છે. માણસે જોઈએ કે નમાઝીની આગળથી કદાપિ ન પસાર થાય.

*"હઝરત કઅબ અહબાર رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે, જો નમાઝીની સામેથી પસાર થનારો જાણી લેત કે એના પર શો ગુનોહ છે તો તેનું જમીનમાં ધસી જવું સામેથી પસાર થવા કરતાં બેહતર હોત અને એક રિવાયતમાં છે કે આસાન હોત[1]." (માલિક)*

**૧.** આ સર્વ ચેતવણીઓ નમાઝી આગળ પસાર થવાથી રોકવાના માટે છે. એટલે કે **જો એના અઝાબથી પૂરી જાણકારી હોત તો દરેક શખ્સ એવું ચાહત કે જમીન ફાટી જાય અને હું સમાય જઉં પણ નમાઝીની આગળથી પસાર ન થઉં.** શરીઅતે પસાર થવાની ઈજાઝત આપી છે તે આનાથી અલગ છે.

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ સુતરા વિના નમાઝ પઢે તો તેની નમાઝને ગધેડો તથા સુવ્વર અને યહૂદી તથા પારસી તથા સ્ત્રી તોડી નાખે છે[1] અને જ્યારે એ લોકો નમાઝીની આગળ પથ્થર ફેંકવા જેટલી દૂરથી પસાર થાય તો સુતરાથી કિફાયત કરશે[2]." (અબૂ દાઊદ)*

**૧.** એની શરહ (સ્પષ્ટતા) હમણા વર્ણન થઈ ચૂકી છે કે નમાઝનું હુઝૂરે કલ્બી (દિલી તલ્લીનતા) મુરાદ છે. ત્યાં ત્રણનું વર્ણન હતું અહીં પાંચનું વર્ણન છે. મતલબ એ છે કે દરેકનું પસાર થવું નુકસાનકર્તા છે પરંતુ તેમ છતાં આ પાંચનું પસાર થવું અધિક નુકસાનકર્તા છે. કેમ કે એમાં ધ્યાનભંગ વધારે થાય છે. અલ્લાહ બેહતર જાણનાર છે. જો કે મજૂસી (પારસી) પણ માણસ છે પણ મુસલમાનોને એનાથી નફરત ઘણી હોય છે એટલા માટે એમનું સામેથી પસાર થવું વધારે અઘરુ લાગે છે.

**૨.** એટલે કે જો નમાઝીની આગળ સુતરો ન હોય અને તેમનામાંથી કોઈ એટલા દૂરથી પસાર થઈ જાય કે નમાઝી સજદાની જગાને જોતાં તેમનો એહસાસ ન કરી શકે તો કોઈ વાંધો નથી, અને એ પથ્થર ફેંકવાના અંતર જેટલું છે. એટલે જો એ નમાઝી મધ્યમ શક્તિ વડે પથ્થર ફેંકે તો જ્યાં પથ્થર પડે એટલા અંતરથી પસાર થવું જાઈઝ છે. પથ્થરથી મધ્યમ કક્ષાનો પથ્થર મુરાદ છે અને ફેંકવાની મધ્યમ શક્તિ વડે ફેંકવું મુરાદ છે.


**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા

બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો) **બંને ભાગના રૂા. ૪૫૦** (ટપાલ ખર્ચ રૂા.૫૦)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧

# હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**નઝરમેં દુલ્હા કે પ્યારે જલ્વે હયાસે મેહરાબ સર ઝુકાએ**
**સિયાહ પર્દે કે મુંહ પર આંચલ તજલ્લીએ ઝાતે બહત સે થે**

શબે અસ્રાના દુલ્હા (હુઝૂર ﷺ)ના ચેહરાએ વદ્દુહ઼ા પર કાંઈક એ રીતના જલ્વા વરસી રહ્યા હતા કે મેહરાબે પણ હયાના કારણે પોતાનું માથુ ઝુકાવી દીધું જે આજ સુધી ઝુકેલુ છે. અને તેના કાળા પર્દાના મુંહ પર અલ્લાહ તઆલાના ખાલિસ જલ્વાઓમાંથી એક જલ્વાનો નૂરાની આંચલ (છેડો) રાખી દેવામાં આવ્યો. આ રીતે મેઅરાજની સફરની શરૂઆતથી પહેલાં જ આ આયોજન કરવાનો હેતુ શો હતો ? એ જ હતો કે :

*દિખાની શાન હૈ રૂહુલ અમીન કો—હૈ કરના મુફતહર અર્શે બરીંકો*

અમીને કા'બા ખત્મુલ મુરસલીન કો—હરમસે અપને મહબૂબે હસીન કો

*કરીબ અપને બુલાયા જા રહા હૈ (મૌલાના ઝિયાઉલ ક઼ાદરી)*

**ખુશી કે બાદલ ઉમંડકે આએ દિલોંકે તાઉસ રંગ લાએ**
**વો નગમએ નઅતકા સમાં થા હરમકો ખૂદ વજદ આ રહે થે**

*(તાઉસ = મોર)*

**અર્થાત** : રહમત તથા નૂરનાં સર્વ વાદળો ખુશ થઈને ભેગાં થઈ ગયાં અને નૂર તથા રહમત વરસાવવા લાગ્યાં અને દિલોના રંગીન પક્ષીઓ (મોર) પોતાનો રંગ દેખાડીને (કળા કરીને) ઝુમવા લાગ્યાં. સરકાર ﷺની દરેક તરફથી નઅતો પઢવામાં આવી રહી હતી અને કા'બા હુઝૂર ﷺની શાન સાંભળીને તથા જોઈને વજદ કરી રહ્યો હતો, જેવી રીતે કે આપની વિલાદતે બાસઆદત (જન્મ મુબારક)ના સમયે કા'બા મોઅઝ્ઝમા ત્રણ દિવસ અને ત્રણ રાતો વજદ કરતો રહ્યો. تزلزلت الكعبة ليلة ولا دته صلى الله عليه وسلم ولم تسكن ثلاثة ايام ولياليهن *(સીરતે હલબિયહ)*

**યહ ઝુમા મીઝાબે ઝરકા ઝુમર કે આ રહા કાન પર ઢલક કર**
**ફૂહાર બરસી તો મોતી ઝિળક કર હતીમકી ગોદમેં ભરે થે**

*(મીઝાબે ઝર = સોનાનુ પરનાલુ, મીઝાબે રહમત. ઢલક કર = ઉપરથી નીચે આવવું. ફૂહાર = ઓછી વર્ષા, ઝિળક કર = પડીને)*

**અર્થાત** : મીઝાબે રહમતના માથાનો નૂરાની ઝુમ્મર એવો ઝુમ્યો કે ઢલકીને કાનની નજીક આવી ગયો. રહમત તથા નૂરની હલકી હલકી વર્ષા થઈ રહી હતી જેનાં ટીપાંઓ મોતીઓની જેમ હતીમે કા'બામાં ઝળતાં રહ્યાં જેનાથી તેની ગોદ (અંદરની દીવાલવાળી જગા) ભરાઈ ગઈ.

**દુલ્હનકી ખુશ્બુ સે મસ્ત કપળે નસીમે ગુસ્તાખ આંચલોંસે**
**ગિલાફે મુશ્કીં જો ઉળ રહા થા ગઝાલ નાફે બસા રહે થે**

*(નસીબે ગુસ્તાખ = બેઅદબ સવારની હવા. મુશ્કીં = કાળા રંગનો મુશ્કવાળી ખુશ્બુવાળો. ગ઼ઝાલ = હરણ. નાફે = હરણની જોલી જેમાં કસ્તૂરી જમા થાય છે.)*

**અર્થાત :** દુલ્હન (કા'બા મોઅઝ્ઝમા)ના ખુશ્બોદાર ગિલાફ (મસ્ત કપડોં)થી સવારની હવા ઘણી ચાલાકીની સાથે ખેલકૂદ કરીને (ખુશ્બુ ચોરાવી રહી હતી) ખુશ્બુમાં વસેલો કા'બાનો ગિલાફ વજદમાં આવીને ઝુમી રહ્યો હતો અને હરણો દરરોજ પોતાની થેલીઓ કસ્તૂરીથી ભરી ભરીને લઈ જઈ રહ્યાં હતાં.

**પહાળોંકા વો હુસ્ને તઝઈન વો ઊંચી ચોટી વો નાઝો તમ્કીં**
**સબાસે સબ્ઝામેં લહરેં આઈં દુપટ્ટે ધાની ચુને હુએ થે**

*(તઝઈન = સાઝ શણગાર, સજાવટ. નાઝો તમ્કીન = શાનો શૌકત. સબા = વસંતઋતુની પશ્ચિમથી ચાલનારી હવા. ધાની = હલકો લીલો રંગ, ડાંગર ઓરવા પાત્ર જમીન)*

**અર્થાત :** સુબ્હાનલ્લાહ ! પહાડોની સાંભળી લો. તેમની ખૂબસૂરત તથા ઊંચી ટોચોનો રૂઆબ તથા દબદબો ! વાહ ! વાહ ! શું કહેવું એનું ! ઠંડી હવાએ તેમની લીલોતરીમાં એવી લહેરો પેદા કરી કે મન્ઝર એવો લાગી રહ્યો હતો જાણે તેમણે પીળાશ પડતો લીલો રંગ (ધાની–ડાંગર)ના દુપટ્ટા ઓઢી રાખ્યા છે આ સઘળુ આયોજન મેઅરાજના માટે થઈ રહ્યું છે.

*તૂર હૈ કા'બા હૈ યા અર્શે મુઅલ્લા ક્યા હૈ–રાઝ ખુલતા નહીં યહ ગુંબદે ખઝ્રા ક્યા હૈ*
*શબે મેઅરાજમેં જિબ્રીલ ભી હયરાં થે ઝિયા–કૌન હૈ કસ્રે દનામેં પસે પર્દા ક્યા હૈ*

**નહાકે નેહરોંને વો ચમકતા લિબાસ આબે રવાંકા પહના**
**કે મોજેં છળિયાં થીં ધાર લચકા હિબાબે તાબાંકે થલ ટકે થે**

*(આબે રવાં = વહેતુ પાણી. છળિયાં = કપડાને ગોટોવાળીને લટકાવી ખૂબસૂરત બનાવવું, લાકડીઓ. ધાર લચકા = પાતળો છેડો. હિબાબ = પરપોટો. તાબાં = ચમકદાર. થલ ટકે થે = જગા જગાએ ફૂલો વિખેરાએલાં હતાં (બાક઼ાયદા સિસ્ટમેટીક રાખેલાં હતાં)*

**અર્થાત :** અને નહેરોનો હાલ શું પૂછો છો ! તેમણે પણ ખૂબ નહાઈ ધોઈને વહેતા પાણીનો ચમકીલો લિબાસ પહેરી રાખ્યો હતો. તેના મોજાંઓ ધોધની જેમ અને તેની ધારો બારીક ગોટા (ડિઝાઈનવાળા) જેવી હતી. અને એની ઉપર પાણીના ખૂબસૂરત રંગબેરંગી પરપોટાઓ ચમકદાર તથા રંગીન ફૂલોની જેમ ઠેક ઠેકાણે વિખરાયેલાં હતાં, જેનાથી નહેરોના હુસ્નો જમાલને ચાર ચાંદ લાગી ગયા. આ સર્વ ઈન્તેઝામ કરીને :

*મઅબૂદને મહબૂબકે રુત્બેકો બળ્હાયા–આલમકે લિયે તાજ શફાઅતકા પહનાયા*
*મેઅરાજકી શબ અર્શે મુઅલ્લાપે બુલાયા–ષાની તો કુજા ઉન્કા બનાયા નહીં સાયા*

**પૂરાના પુર દાગ મલ્ગજા થા ઉઠા દિયા ફર્શ ચાંદનીકા**
**હુજૂમ તારે નિગહસે કોસોં ક઼દમ ક઼દમ ફર્શ બાવલે થે**

*(દાગ – ધબ્બો, નિશાન. મલ્ગજા – ન મેલો ન સાફ (માધ્યમ)*

**અર્થાત :** (જેવી રીતે કોઈ મોટા મહેમાનના આગમન પર પૂરાણા ગાલીચા તથા ફર્શ ઉઠાવી લેવામાં આવે છે અને નવા પાથરી દેવામાં આવે છે. મેઅરાજની રાતે કાંઈક એ જ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી કે) પૂરાણુ, દાગોવાળુ અને મેલુ કુચેલુ ફર્શ ઉઠાવી લેવામાં આવ્યું. (એટલે કે ૨૭મી રાતે મેઅરાજ થઈ જ્યારે ચાંદ નજર આવતો ન હતો કેમ કે એની રોશની પૂરાણી થઈ ગઈ હતી, એની જગાએ) નૂરી મખ્લૂકે (ફરિશ્તા, હૂરો, (રિઝવાને જન્નતે) પોતાની આંખોને રસ્તાની ફર્શ કરેલી હતી, જાણે ચાંદની ચાંદનીનું પૂરાણુ ફર્શ ઉઠાવી લીધું અને નૂરાની મખ્લૂકની આંખોનું સોનેરી તથા કિમખ્વાબ (સોના તથા રેશમના તારોથી વણેલા કપડા)નું ફર્શ બિછાવી દેવામાં આવ્યું. કેમ કે જે ખુદ સિરાજમ્મુનીર હોય તે કોઈ ચાંદની ચાંદનીનો હાજતમંદ નથી હોઈ શકતો. *ચમક તુઝસે પાતે હૈં સબ પાનેવાલે–મેરા દિલ ભી ચમકા દે ચમકાનેવાલે*

**ગુબાર બનકે નિષાર જાએँ–કહાં અબ ઉસ રહગુઝર કો પાએँ**
**હમારે દિલ હૂરિયોંકી આંએँ ફરિશ્તોંકે પર જહાં બિછે થે**

*(ગુબાર – ધૂળ)*

**અર્થાત :** આપણે આપણા આકાની રાહગુઝર પર કુર્બાન થઈ જઈએ પણ હવે એ રસ્તો આપણા હાથ કેવી રીતે લાગે કે શબે મેઅરાજ જે રસ્તે થઈને હુઝૂર ﷺ બારગાહે ખુદાવંદીમાં હાજર થયા અને એ રાહ પર આપણા દિલો બિછાવેલાં હતાં. ન કેવળ આપણા દિલો બલ્કે જન્નતની હૂરોએ પોતાની આંખોને રસ્તાની ફર્શ બનાવી હતી, અને નૂરાની ફરિશ્તાઓએ એ રાહ પર પોતાની નૂરી પાંખોને બિછાવેલી હતી.

**ખુદા હી દે સબ્ર જાને પુર ગમ દિખાઉં ક્યૂં કર તુઝે વો આલમ**
**જબ ઉન્કો ઝુર્મતમેં લે કે કુદ્સી જિનાંકા દુલ્હા બના રહે થે**

**અર્થાત :** હે દીદારે મુસ્તફા ﷺના માટે તડપી તડપીને નિઢાલ થનાર તથા રસૂલુલ્લાહ ﷺના વિરહમાં ગમોથી ભરેલી મારી દુઃખોની માર્યી જાન ! અલ્લાહ તને સબ્રની દૌલતથી માલામાલ ફર્માવે. હું તને એ મન્ઝર કેવી રીતે દેખાડી શકુ છું ! (તું તો પહેલેથી જ કમજોર છે, ક્યાંક તારી જાન જ ન નીકળી જાય) જ્યારે શબે મેઅરાજ જાને કાઈનાત ﷺને ફરિશ્તાઓની મુકદસ જમાઅત, મારા આકા અને શબે મેઅરાજના દુલ્હા પર ભીડ લગાડેલ હતી અને આપને સર્વ જન્નતોના દુલ્હા બનાવી રહી હતી, તારી અંદર જોવાની તો શું પણ સાંભળ વાની પણ શક્તી નથી.

**ઉતાર કર ઉનકે રુખકા સદકા યહ નૂર કા બટ રહા થા બાળા**
**કે ચાંદ સૂરજ મચલ મચલકર જબીં કી ખૈરાત માંગતે થે**

*(બાળા – સદકો. મચલ મચલકર – હઠ કરીને. જબીં – પેશાની)*

**અર્થાત :** (અને એવું લાગી રહ્યું હતું કે અલ્લાહે સર્વ જહાનના નૂરોને હુકમ આપી રાખ્યો હતો કે જો આજે તમારે વરસવું જ છે તો એ નૂરના ઉગમ સ્થાન તથા કેન્દ્રના ચેહરાએ અકદસની નિછાવરથી તમામ નૂરાનીઓમાં નૂરની ખૈરાત વહેંચવામાં આવી રહી હતી. ચાંદ તથા સૂરજનો હાલ એ હતો કે આટલા પ્રમાણમાં પ્રકાશિત હોવા છતાં હઠ તથા આગ્રહ કરીને સરકારે મદીના ﷺની મુબારક પેશાનીની ખૈરાત માગી રહ્યા હતા.

**વહી તો અબ તક છલક રહા હૈ વહી તો જોબન ટપક રહા હૈ**
**નહાને મેં જો ગિરા થા પાની, કટોરે તારોંને ભર લિયે થે**

**અર્થાત :** મેઅરાજની રાત્રે જ્યારે મારા આકા ﷺએ ગુસ્લ કર્યું, તો કાંઈ જાણો છો કે એ ગુસ્લનું પાણી ક્યાં ગયું ? જો ન જાણતા હોવ તો સાંભળો ! આ આસ્માનના તારાઓ તમને જોવા મળી રહ્યા છે ને ! તેમનામાં જે રોશની જગમગતી તથા કાંપતી કાંપતી જોવા મળે છે તેને જરા ધ્યાનપૂર્વક તો જુઓ ! એ તે જ ગુસ્લ મુબારકનું પાણી છે, જેને તારાઓએ પોતાની આંખોના કટોરાઓમાં મેહફૂઝ કરી લીધેલ હતું અને હવે એ પાણી નૂર બનીને રોશની ટપકાવી રહ્યું છે. અને જો કોઈને એમાં અતિશ્યોક્તિ જણાતી હોય તો તે પોતાની નજરોનો ઈલાજ કરાવીને આનાથી દલીલ કરીને માની જાય કે :

*નૂરને તલ્વોંકો સહલાકર જગાયા ખ્વાબસે–યૂં હૂઈ સરકારકી મેઅરાજે જિસ્માની શુરૂઅ*
*પહલે તો વો હમ રકાબે સરવરે કૌનેન થા–હો ગઈ જિબ્રઈલકી સિદરાસે હયરાની શુરૂઅ*

**બચા જો તલ્વોંકા ઉન્કે ધોવન–બના વો જન્નતકા રંગો રોગન**
**જિન્હોંને દુલ્હાકી પાઈ ઉતરન–વો ફૂલ ગુલઝારે નૂર કે થે**

**અર્થાત :** નબી કરીમ ﷺના મુબારક પગોનું ધોવણ (વુઝૂ કે ગુસ્લ કરતી વેળા જે પાણી પડતું) તેના વડે જન્નતને રંગ રોગન કરીને તેના હુસ્નને વધારવામાં આવ્યું અને જન્નતનાં નૂરાની ફૂલ અને જન્નતના બાગના ફૂલો પોતાની સુંદરતા વધારવા માટે હુઝૂર ﷺના શરીર મુબારકથી ઉતરનારો લિબાસ હાંસલ કરવામાં આગળ આગળ હતો.

**ખબર યહ તહવીલે મહરકી થી રુત સુહાના ઘળી ફિરેગી**
**વહાં કી પોશાક ઝેબેતન કી યહાં કા જોળા બળ્હા ચૂકે થે**
*(તહવીલ = હવાલે કરવું. મહર = સૂરજ. રુત = ઋતુ. ઝેબેનત કરના = પહેરવું)*

**અર્થાત :** આફતાબે નબુવ્વત (નબુવ્વતનો સૂરજ)નું શબે મેઅરાજ જમીનથી આસ્માનની તરફ અને મકાનથી લા મકાંની તરફ જવું (તહવીલે મહર) જાણે પોતાનો એક ગ્રહ છોડીને બીજા ગ્રહની તરફ ચાલવું એ વાતની દલીલ છે કે ઋતુ બદલાનારી છે અને ઉમ્મતના માટે સુહાની તથા પસંદીદા ઘડી આવનારી છે કે જ્યારે લામકાં પર ઉમ્મતની બખ્શિશના ફેંસલા થશે, એટલા માટે તો ત્યાંનો નૂરાની લિબાસ પહેર્યો અને અહીંનાં કપડાં ઉમ્મતના ગુનાહોના બદલામાં સદકો કરી આપ્યાં જેથી ઉમ્મતથી આ સદકાના તુફૈલ ગુનાહોની આફત ટળી જાય કેમ કે الصدقہ ترد البلاء "સદકો મુસીબતને ટાળી દે છે." *(અલ્હદીષ)*

**મોંઘવારી મંથલીને પણ નડે છે !**

આપણુ પ્યારુ ટનાટન સુન્ની માસિક "બરકાતે ખ્વાજા" ઈમાન અમલની સલામતી માટે ઈમાન અફરોઝ લેખો, કરન્ટ ઈસ્યુ પર પણ અસરકારક લેખો તથા બદ્અકીદાઓ, જૂઠા પીરોની સ્પષ્ટ રદ કરીને સુન્ની અવામને સત્ય માર્ગ પર ચાલવા ૨૦૦૪થી પ્રેરતુ રહ્યું છે. આપણુ માસિક હાલ ખોટમાં ચાલે છે. જેથી તેને સહારો મળે એ હિસાબે વાર્ષિક લવાજમમાં **રૂા. ૩૦/–** નો વધારો કરેલ છે.

**જાન્યુઆરી ૨૦૨૨થી લવાજમ 'રૂા. ૨૫૦/–'** કરવામાં આવેલ છે જેમની નોંધ લેશો. સદકો સમજીને પણ લવાજમ મોકલતા રહેશો ! જો આપ ચાહતા હોવ કે આ સુન્ની ક્રાંતિકારી માસિક ચાલુ રહે તો ગ્રાહકોમાં પણ વધારો કરવા કોશિશ કરશો. અલ્લાહ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં તમને બેહતરીન બદલો આપશે. *–તંત્રી*

# અસ્રારુલ અવલિયા

હપ્તો ૨૦

## હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક़ رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### મહોબ્બત વિશે ચર્ચા

ખિદમતે અક્દસમાં હાજરીની સઆદત નસીબ થઈ. શયખ બુરહાનુદ્દીન હાંસવી, શયખ બદરુદ્દીન ગઝનવી તથા અન્ય નિયાઝમંદ મૌજૂદ હતા. હઝરતે ઝબાને હક્ક તર્જુમાનથી ઈર્શાદ ફર્માવ્યો, હે દુરવેશ ! મહોબ્બતમાં ૭૦૦ મક઼ામ છે પણ પ્રથમ મક઼ામ (મર્તબો) એ છે કે જે આઝમાઈશ મહબૂબની તરફથી તે આશિકેઝાર પર નાઝિલ થઈ તેણે જોઈએ કે તે એના પર સબ્ર કરે મેં કિતાબે મહ઼બ્બતમાં લખેલુ જોયું છે કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلمથી રિવાયત કરે છે કે મહબ્બતે હક્ક એક એવો બાદશાહ છે જે દરેક દિલમાં જલ્વા અફરોઝ નથી થતો. બલ્કે એવા દિલમાં સ્થાન જમાવે છે જે એની શાનને પાત્ર હોય. એ તો લખાઈ ચૂકેલી તક઼દીર છે કે ઈશ્કે ઈલાહી દાના (શાણા) દિલમાં જ સ્થાયી થાય છે. એ પણ હઝરત રિસાલત મઆબ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે ઈશ્કે ખુદા એવી વિસાત છે કે જેમાં કોઈ એવો શખ્સ કદમ રાખવાની હિંમત નથી કરી શકતો જેણે અઢાર હજાર દુનિયાઓને લાત ન મારી દીધી હોય, અને દોસ્તની મહોબ્બતના સિવાય તેની નજરમાં કોઈ ચીજ ન બેસી હોય, વળી તે પોતાની મહોબ્બતમાં અજોડ હશે.

**ઈશ્ક઼નો ખમીર (મિજાઝ)** : હઝરત રિસાલત મઆબ رضی اللہ عنہથી રિવાયત છે કે રોઝે અઝલ જ્યારે માનવ અંગોનું સર્જન કરવામાં આવ્યું. માનવ જાતીમાંથી આશિક઼ોના ગિરોહના ઈશ્ક઼ો મહોબ્બતનું ખમીર ઈશ્ક઼ો મહ઼બ્બતે ઈલાહીથી ઉઠાવી લેવામાં આવ્યું. જેનું પરિણામ એ છે કે અઝલથી લઈને આજ સુધી તે લોકોની જીભ પર رَبِّ اَرِنِیۡۤ اَنۡظُرۡ اِلَیۡكَ (હે રબ મારા ! મને તારો દીદાર દેખાડ –સૂ. અઅ્રાફ, ૭/૧૪૩)નો જ કલમો છે. તો હે દુરવેશ ! જે આંખમાં ઈશ્ક઼નો સુરમો લગાડી દેવામાં આવ્યો છે, અર્શથી તહતુષ્ષરા (પાતાળ) સુધી કોઈ ચીજ તેની નજરમાં ગયબ નથી.

મહબ્બતે ઈલાહીનો તક઼ાઝો એ છે જે સૈયદના ઈબ્રાહીમ علیہ السلامએ પૂરો કર્યો કે અલ્લાહ કરીમની દોસ્તીના માટે પોતાના પુત્રને કુર્બાન કરવાથી ખચકાયા નહીં. જ્યારે જોયું કે મહોબ્બતમાં કામિલ છે તો હુકમ થયો કે પુત્રને કુર્બાન ન કરો, અમે એના બદલામાં જન્નતથી કુર્બાની મોકલીએ છીએ.

**હઝરત ખલીલુલ્લાહ علیہ السلامના ઈશ્ક઼નો ઈમ્તિહાન** : સૈયદના ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلامએ ઈશ્કે ઈલાહીનો દમ ભર્યો. હઝરત જિબ્રઈલે અમીને ખુદાએ કુદુસની બારગાહમાં અર્ઝ કરી મને ઈજાઝત અતા થાય કે સૈયદના ઈબ્રાહીમ علیہ السلامની આઝમાઈશ કરું. ફર્માન થયું, સારી વાત છે, જાવ !

અને મારા બંદા ઈબ્રાહીમની ઈમ્તેહાન લો. હઝરત જિબ્રઈલે અમીન સફા પહાડ પર તશરીફ લાવ્યા અને ઉભા થઈ ગયા. હઝરત સૈયદના ઈબ્રાહીમ علیہ السلام ખાનાએ કા'બાની ઈમારતની અંદર હતા. હઝરત જિબ્રઈલ علیہ السلامએ બુલંદ અવાજથી ''યા અલ્લાહ !'' કહ્યું જેવો કે એ અવાજ ઈબ્રાહીમ علیہ السلامએ સાંભળ્યો તો તરત જ ખાનએ કા'બાની બહાર તશરીફ લાવ્યા અને કહેવા લાગ્યા, હે ખ્વાજા ! એકવાર ફરીથી અલ્લાહ પાકનું નામ એ જ પ્રમાણે લો. જિબ્રઈલે અમીને કહ્યું, આ નામે પાકને સાંભળવાનો શુક્રાના અદા કરો. તો ફરી એ નામ લઉં. આ જગાએ હઝરત શૈખુલ ઈસ્લામ قدس سرہની આંખોમાં આસું આવી ગયાં અને આ મષ્નવી ઈર્શાદ ફર્માવી :

شکرانہ دہم ہر آنچہ در مِلک من است۔ از بہر خدائے بگوے اللہ تو باز

جاں نیز وہم وآنچہ در قلبِ من است۔ یکبار اگر بگوئی اللہ تو باز

**(અર્થ)** : ''જે કાંઈ મારા અખત્યારમાં છે તે પૂરેપૂરું આપી દઉં જો ખુદાના ખાતર એકવાર ''અલ્લાહ'' ફરી કહો. જાન પણ આપી દઈશ અને જે કાંઈ દિલની અંદર છે. એકવાર ફરી અલ્લાહનું નામ લઈ લો.'' સારાંશ કે સૈયદના ઈબ્રાહીમ علیہ السلامએ ફર્માવ્યું, મારાં આટલાં હજાર ઊંટ છે, સર્વેને મહબૂબની રઝા તથા મહોબ્બતમાં કુર્બાન કરું છું, હવે કહો ! હઝરત જિબ્રઈલે કલમો ''યા અલ્લાહ'' ફરી કહ્યો. સૈયદના ઈબ્રાહીમ علیہ السلامએ પોતાની માલ સંપત્તિ જે કાંઈ પાસે હતું તે અલ્લાહની રાહમાં આપી દીધું. જિબ્રઈલે અમીને ફરી પૂછયું, હવે શું ફર્માઈશ છે ? હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ ફર્માવ્યું, એકવાર ફરી કહો, મારા શરીરમાં જાન છે તે પણ દોસ્તની રાહમાં ફિદા કરી દઉં. જિબ્રઈલે અમીને ફરી ''યા અલ્લાહ'' કહ્યું, હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ નારો માર્યો અને બેહોશ થઈને પડી ગયા. જ્યારે હોશમાં આવ્યા તો જિબ્રઈલે અમીને તેમના ઈશ્ક઼ની નિખાલસતા પર આફરીન કહ્યું. અને કહ્યું કે ઈબ્રાહીમ ખલીલુલ્લાહ મ઼હબ્બતે હક્ક઼માં સાચા છે. જિબ્રઈલે અમીન પરત પોતાને સ્થાને પહોંચીને બારગાહે ખુદાવંદીમાં સજદામાં પડીને અર્ઝ કરવા લાગ્યા, ઈલાહી ! મેં ઈબ્રાહીમ ખલીલુલ્લાહને તારી મહોબ્બતમાં એવા જ પામ્યા જેવા કે સાંભળ્યા હતા.

મહ઼બ્બતે હક્ક઼માં સાદિક઼ તથા મુખ્લિસ તે જ છે જે દરેક વખતે દોસ્તની યાદમાં મશગૂલ રહે. એક પળ માટે ઝિક્રે ખુદાથી ગાફિલ ન રહે.

**ઝિક્રે યારનો તક઼ાઝો** : અહલે સુલૂકને ત્યાં જાહેર છે કે લોકો જેની સાથે મહોબ્બત કરે છે તેની ચર્ચા ખૂબ જ અધિક પ્રમાણમાં કરે છે. એટલા માટે મહબ્બતે ખુદાનો દાવો કરનારાઓ માટે લાઝિમ છે કે એક પળના માટે પણ યાદે ખુદાથી ગાફેલ ન થાય. જેમ કે હુજ્જતુલ આરિફીનમાં મૌજૂદ છે : مَنْ اَحَبَّ شَیْئًا اکثو ذکرہ ''જે શખ્સ જે ચીજથી મહોબ્બત કરે છે તેનો ખૂબ જ અધિક પ્રમાણમાં ઝિક્ર છે.''

ફર્માવ્યું, એકવાર હઝરત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ રાબિઆ બસરી رحمۃ اللہ علیہાની પાસે બેઠેલા હતા. મહ઼બ્બતે હક્ક઼ના વિષયે ચર્ચા થતી રહી. ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, ન મારા દિલમાં એ ખયાલ પેદા થયો કે હું પુરૂષ છું અને ન હઝરત રાબિઆ رحمۃ اللہ علیہاને ખયાલ ગુજર્યો કે તે સ્ત્રી છે. આપે ક઼સમ ખાઈને ફર્માવ્યું કે જ્યારે હું રાબિઆ رحمۃ اللہ علیہا પાસેથી ઉઠયો તો મેં જોયું કે ઈશ્ક઼ે ઈલાહીના સરમાયાથી મારો દામન ખાલી છે અને ઈશ્ક઼ના ઈખ્લાસથી રાબિઆની જોલી માલામાલ છે.

હઝરત શયખુલ ઈસ્લામ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, હે દુરવેશ ! જો દુનિયાનો સર્વ માલ તથા સંપત્તિ હક્ક઼ના તલબગારોને હલાલ તથા પાકીઝા સ્થિતિમાં હિસાબ કિતાબ વિના અતા કરવામાં આવે તો તેઓ તેને લેવામાં શરમ અનભવશે, જેવી રીતે કે સામાન્ય લોકો મુરદાર તથા હરામ લેવામાં કરે છે. એકવાર

બગદાદમાં એક બુઝુર્ગની સોહબતમાં અમુક દિવસો પસાર કરવાનો મોક઼ો મળ્યો. દરેક વખતે જ્યારે તે બુઝુર્ગ સજદામાં માથુ રાખતા તો ખુદાએ કરીમની બારગાહમાં ખૂબ જ આજીજીપૂર્વક મુનાજાત (દુઆ) પઢતા, "હે અલ્લાહ ! જો તેં મને ક઼યામતના દિવસે દોઝખમાં મોકલી દીધો તો અસ્રારે ઈશ્ક઼માંથી એક ભેદ એવો જાહેર કરી દઈશ કે દોઝખ મારાથી હજાર વરસો દૂર ભાગી જશે, એટલા માટે કે મહોબ્બતની આગની સામે કોઈ આગ માથુ ઉઠાવવાને પાત્ર નથી, અને જો માથુ ઉઠાવે તો તબાહ થઈ જશે."

એકવાર હઝરત રાબિઆ બસરી رحمۃ اللہ علیہا સજદામાં માથુ રાખતાં પછી ઉભાં થઈ જતાં કેટલીયેવાર આવું કર્યા બાદ આખરમાં કહેતાં, હે અલ્લાહ ! જો હું દોઝખના ડરથી તારી બંદગી કરું છું તો છતાંય મારુ ઠેકાણુ દોઝખમાં કરજે અને જન્નત મારા પર હરામ ઠરાવજે. અને જો તારા માટે તારી બંદગીમાં સમય પસાર કરું છું તો મારા ખુદા તારા લાઝવાલ હુસ્ને અઝલથી મને ફયઝયાબ ફર્માવ.

ફર્માવ્યું, અહલે મહ઼બ્બતની વફ઼ાનો તક઼ાઝો એ છે કે ખુદાએ કુદુસની મહાન સલ્તનતનું સર્વ કાંઈ પોતાની પૂરી સજાવટ તથા શણગારની સાથે સાથે તેમની સમક્ષ પેશ કરવામાં આવે તો તે મંઝૂર ન કરે દીદારે હક્ક઼ના સિવાય, તેમની નજરમાં કાયનત તથા તેમાં જે કાંઈ છે તે ન જચે, બલ્કે તેને આંખ ઉઠાવીને ન જુએ.

**મહોબ્બતવાળાઓની વાતો :** ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ જ્યારે આલમે શૌક઼ તથા મહબ્બતે હક્ક઼માં મશગૂલ થયા તો ત્રણ ત્રણ ચાર ચાર દિવસ રાત આલમે સરખૂશીમાં મોટા અવાજે એ જ કહેતા : يَوْمَ تُبَدَّلُ الْأَرْضُ غَيْرَ الْأَرْضِ જ્યારે આ જમીનની વિશાળતાને લપેટી દેવામાં આવશે અને બીજી જમીનની ફર્શ બિછાવી દેવામાં આવશે, એટલે ક઼યામતનો દિવસ આવશે.

હઝરત ખ્વાજા ઈબ્રાહીમ બલ્ખી અદહમી رحمۃ اللہ علیہથી લોકોએ પૂછયું કે હઝરત ! આપે બલ્ખની બાદશાહીને શા માટે ત્યજી દીધી. ફર્માવ્યું, એક દિવસ બેઠેલો હતો. મહોબ્બતનો આઈનો મારી સામે કરી દેવામાં આવ્યો. મેં જોયું કે મારી મંઝિલ ક઼બ્ર છે, એક લાંબો સફર મારી સામે છે અને કાંઈ દિલ બહેલાવનારુ નથી. ન મારી પાસે સફરનો સામાન છે ન રાહનુ ભાથુ. ઈન્સાફ કરનારા કાઝીની સામે છું અને પોતાની મઅઝેરત (માફી) માટે કોઈ દલીલ મૌજૂદ નથી. બાદશાહીથી દિલ બેઝાર થઈ ગયું. પોતાના દેશને ત્યજીને બીજા દેશમાં આવી ગયો. એટલે કે જાહેરી મુલ્કથી બાતિની મુલ્કની તરફ વળી ગયો.

ત્યારબાદ ફર્માવ્યું, હે દુરવેશ ! ખુદાએ કરીમની મહોબ્બત એવી બાદશાહી છે કે જેને એ નસીબ થઈ જાય તો તે એ વાત પર રાજી નથી થતો કે એના સિવાય પણ તેની પાસે કાંઈ રહે. એકવાર ગઝનીમાં મારી મુલાકાત એક એવા દુરવેશથી થઈ જે અહલે મહ઼બ્બતમાંથી હતો. મેં સવાલ કર્યો કે હે દુરવેશ ! ઈશ્ક઼ે ઈલાહીની સીમા છે કે નહીં ? તરત જ ચીસ પાડી ઉઠયા અને મને કહ્યું, હે જૂઠા ! ઈશ્ક઼ે ઈલાહીની કોઈ હદ નથી. મહબ્બતે ખુદાની આગ તે તલ્વાર છે જે જે શરીઅતમાંથી પણ પસાર થાય છે, તેના ટુકડે ટુકડા કરી દે છે.

મેં હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર અવશી رحمۃ اللہ علیہની ઝબાન મુબારકથી સાંભળ્યું કે આ માણસના સર્વ અંગોમાં મહ઼બ્બતે ઈલાહીનું ખમીર રાખવામાં આવ્યું છે. જાણે કે એનું ખમીર જ મહોબ્બતથી ઉઠાવવામાં આવ્યું છે. એટલા માટે આંખો દોસ્તની મહોબ્બતમાં ડૂબેલી છે, કાન ઝિક્રે મહબૂબના સિવાય કાંઈ સાંભળવા તૈયાર જ નથી. હાથ અને પગો સૌ તેની મહોબ્બતમાં મસ્ત તથા વ્યવસ્ત છે. તો હે દુરવેશ ! આદમીઝાદાના શરીરનો એ ઝર્રો ઝર્રો તેની મહોબ્બતથી ખાલી નથી. *(ક્રમશઃ)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## ખિયારે શર્ત (છૂટછાટની શરત)

**મસ્અલા** : એવી શરત પર બકરી ખરીદી કે આટલું દૂધ આપે છે, યા ગાભણ (સગર્ભા) છે તો વેચાણ ફાસિદ કહેવાશે અને જો એવી શરત કરી કે વધારે દૂધ આપે છે તો વેચાણ ફાસિદ થશે નહીં. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : થોડકી વસ્તુઓમાંથી કોઈ એક ચીજ નક્કી કર્યા વગર ખરીદી, એવું કહીને કે આમાંથી એક હું ખરીદું છું. તો ખરીદનાર એમાંથી જે ચાહે તે ગમે તે એક નક્કી કરી લે એને "ખિયારે તઅય્યીન" કહેવામાં આવે છે. એના માટે કેટલીક શરતો છે : (૧) એ તમામ વસ્તુઓમાંથી ગમે તે એક ખરીદે એવું નહીં કે મેં આ બધી વસ્તુઓ ખરીદી. (૨) બે વસ્તુઓમાંથી એક યા ત્રણ વસ્તુઓમાંથી એકને ખરીદે. ચારમાંથી એક ખરીદી તો એ સહીહ નથી. (૩) એવી ચોખવટ હોય કે આમાંથી જે જોઈએ અને જે ચાહે તે લઈ લે. (૪) એની મુદ્દત પણ ત્રણ દિવસની હોવી જોઈએ. (૫) વિવિધ પ્રકારની વસ્તુઓમાં હોય, મિષ્લી (એક જ પ્રકારની મળતી આવતી) વસ્તુઓમાં ન હોય (૬) હવે રહી એ વાત કે ખિયારે તઅય્યીનની સાથે ખિયારે શર્તની પણ જરૂરત છે કે કેમ? એ બાબતમાં ઉલ્મામાં મતભેદ છે. મતલબ કે જો ખિયારે તઅય્યીન સાથે ખિયારે શર્તની વાત થઈ હોય અને ખરીદનારે નક્કી કરતી વખતે (સોદો કરતી વખતે) એકને નક્કી કરી લીધી તો ખિયારે શર્તનો હુકમ બાકી રહેશે કે મુદ્દતની અંદર આ નક્કી કરેલ એકનો સોદો રદ કરી શકે છે. જો મુદ્દત પૂરી થઈ ગઈ હોય અને ખિયારે શર્તના કારણે સોદો રદ કર્યો તો વેચાણ લાઝિમ થયું (સોદો મંઝૂર રહેશે) અને ખરીદનાર પર લાઝિમ થશે કે જો હજુ સુધી નક્કી ન કર્યું હોય તો હવે નક્કી કરી લે. *(દર, રદ વ ફતહ)*

**મસ્અલા** : ગ્રાહકે વેચનાર સાથે એવું નક્કી કર્યું હોય કે જો વસ્તુ હલાક થઈ જશે તો હું એનો જામિન નહીં અર્થાત હું નક્કી કરેલ (કિંમત) નહીં આપું. તો એવી હાલતમાં કિંમત આપવી પડશે. એ પ્રકારની શર્ત કરવી બેકાર છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : કિંમત નક્કી કરીને વસ્તુ લઈ જવાથી ત્યારે કિંમત ચૂકવવી લાઝિમ થશે જ્યારે કે એને ખરીદવાને ઈરાદે જ લઈ ગયો હોય અને તે હલાક થઈ ગઈ હોય, બાકી નહીં. દા.ત. દુકાનદારે ગ્રાહકને કહ્યું કે આ લઈ જાઓ તમારે માટે દસની છે. ખરીદનારે કહ્યું કે લાવો, એને જોઈશ અથવા ફલાણા માણસને બતાવીશ, એવું કહીને લઈ ગયો અને તે હલાક થઈ ગઈ તો નક્કી કરેલ કિંમત નહીં દેવી પડે કેમ કે તે અમાનત છે (ગણાશે) અને જો એવું કહીને લઈ ગયો કે લાવો,પસંદ પડશે તો લઈ લઈશ અને જો તે બરબાદ થઈ ગઈ તો નક્કી કરેલ કિંમત અદા કરવી પડશે. *(રદુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : દુકાનદાર પાસેથી કાપડનો ટુકડો એવું કહીને માગીને લઈ ગયો કે પસંદ પડશે તો ખરીદી લઈશ અને તેની પાસે હલાક થઈ ગયો તો કિંમત આપવી પડશે નહીં અને જો એવું કહીને લઈ ગયો કે જો પસંદ પડશે તો દસ ૧૦ રૂપિયામાં ખરીદી લઈશ અને પછીથી તે હલાક થઈ ગયો તો

નક્કી કરેલ (કિંમત) આપવી પડશે. બન્નેમાં ફર્ક એ છે કે પહેલી વાતમાં કિંમતની વાત થઈ નથી એ કબ્જો ખરીદીના લીધેનો કહેવાશે નહીં અને બીજી વાતમાં કિંમતની વાત થઈ ચૂકી છે પરિણામે ખરીદીની રીતે (ખરીદ કરી છે) એ કબ્જો લીધો ગણાશે. *(ફત્હુલ કદીર)*

## ખિયારે રૂયત

કેટલીક વખત એવું બને છે કે વસ્તુને જોયા વગર ખરીદી લેવામાં આવે છે અને જોયા પછી તે ચીજ નાપસંદ પડે છે. એવી હાલતમાં શરીઅતે ખરીદનારને હક્ક આપેલો છે કે જોયા પછી જો વસ્તુ ન લેવા ઈચ્છે તો સોદો રદ કરી દે. એને **ખિયારે રૂયત** કહેવામાં આવે છે.

**મસ્અલા** : જે મજલિસમાં વેચાણ થયું એમાં વેચેલો માલ હાજર છે પરંતુ ખરીદનારે જોયો નથી (જેમ કે પીપમાં ઘી કે તેલ હતું અથવા ગુણોમાં અનાજ હતું અથવા ગાંસડીમાં કાપડ હતું અને ખોલીને જોવાની જરૂર ઊભી થઈ ન હતી) અથવા તો ત્યાં વેચેલો માલ હાજર ન હતો એટલે જોઈ શકાયો ન હતો. મતલબ કે જોવા પછી ખરીદનારને છૂટ છે કે તે ચાહે તો સોદાને મંજૂર રાખે કે ન રાખે. ભલે પછી વેચનારે જે માલ બતાવ્યો હતો તેવો હોય કે અલગ હોય. બન્ને હાલતમાં માલ જોયા પછી સોદો રદ કરી શકે છે. *(દર, રદ વગેરે)*

**મસ્અલા** : ખરીદનારે જોયા પહેલાં જ પોતાની સંમતિ જાહેર કરી દીધી અથવા એમ કહી દીધું કે મેં છૂટ રદ (જતી) કરી. તો પણ (માલ) જોયા પછી સોદો રદ કરવાનો હક્ક પ્રાપ્ત છે. એટલા માટે કે જોતી વખતે જ છૂટ મળે છે. જોતા પહેલાં છૂટ હોતી જ નથી જેથી એને બાતિલ કરવાનો કોઈ અર્થ નથી. *(હિદાયા વગેરે)*

**મસ્અલા** : ખિયારે રૂયત માટે મુદ્દત (સમય)ની કોઈ મર્યાદા નથી કે આટલો વખત પસાર થયા પછી ખિયાર નહીં રહે. બલ્કે એ છૂટ જોવા પર (માલ) જ્યારે પણ જુએ અને જોયા પછી રદ કરવાનો હક્ક ત્યાં સુધી રહે છે જ્યાં સુધી સ્પષ્ટપણે કે (ઈન્ડાયરેક્ટ) દલાલતન રઝામંદી ન મળે.

**મસ્અલા** : ખિયારે રૂયત ચાર જગ્યાએ હોય છે : **(૧)** નક્કી કરેલી ચીજની ખરીદીમાં **(૨)** ઈજારામાં **(૩)** વહેંચણીમાં **(૪)** મસ્લેહતથી વસ્તુ નક્કી કરવામાં માલના દાવામાં (પરસ્પરની વાતચીતથી વસ્તુ નક્કી કરવામાં). જો ખૂનના બદલાના (કે઼સાસના) દાવામાં કોઈ ચીજ પર મસ્લેહત થઈ તો એમાં ખિયારે રૂયત નથી. કરજમાં ખિયારે રૂયત નથી. પરિણામે મુસલ્લમ ફીહ જો કે અયન નથી બલ્કે દેન વાજિબ ફિઝ્ઝિમ્મા છે. તો એમાં પણ ખિયારે રૂયત છે. રૂપિયા તથા અશરફીઓમાં પણ ખિયારે રૂયત (જોવા પર છૂટ) નથી એટલા માટે કે એ કરજના પ્રકારમાંથી છે. અલ્બત્ત ! જો સોના ચાંદીનાં વાસણ હોય તો ખિયારે રૂયત છે. વેચાણના માલની મુદ્દત જો અયન હોય તો મુસલ્લમ અલૈહ માટે ખિયારે રૂયત છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : વેચનારે એવી ચીજ વેચી જેને એણે જોઈ નથી (જેમ કે એને વારસામાં કોઈ ચીજ મળી છે જેને જોયા વગર વેચી દીધી) તો વેચાણ સહીહ છે અને એને એ હક્ક઼ નથી કે જોયા પછી વેચાણને રદ કરી દે. *(દુરર ગુરર)*

**મસ્અલા** : જુદા જુદા પ્રકારની ચીજોની વહેંચણી જો સાથીઓમાં થઈ તો એમાં ખિયારે રૂયત (જોવાની છૂટ) ખિયારે શર્ત (છૂટની શર્ત) ખિયારે એબ (એબની છૂટ) ત્રણે થઈ શકે છે અને ઝવાતુલ ઈમષાલની વહેંચણીમાં ફકત ખિયારે એબ હશે, બાકીના બન્ને નહીં હોય. અને ગેર ઝવાતુલ ઈમષાલ

જ્યારે કે એક જિન્સ (પ્રકારના) હોય, (એક પ્રકારનાં કપડાં અથવા ગાયો, બકરીઓ) તો એમાં પણ ત્રણે ખિયાર સાબિત રહેશે. *(રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : જે સોદો રદ કરવાથી રદ ન થાય. જેમ કે મહેર અને ક઼િસાસનો બદલો સુલેહ અને તલાકનો બદલો સુલેહ. એ ચીજો જો કે ઐન છે એમાં ખિયારે રૂયત નથી. *(ફ઼ત્હુલ કદીર)*

**મસ્અલા** : જોયા વગરની ચીજ ખરીદી છે તો જોતાં પહેલાં પણ એનો સોદો રદ કરી શકે છે. કેમ કે એ સોદાની ખરીદનારની જિમ્મેદારી લાઝિમ થતી નથી. (ખરીદનાર જિમ્મેદાર ગણાશે નહીં).

*(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : જો ખરીદનારે વેચાયેલા માલનો કબ્જો લઈ લીધો અને જોયા પછી ડાયરેક્ટ કે ઈન્ડાયરેક્ટ રીતે પોતાની રઝામંદી જાહેર કરી દીધી, અથવા એમાં કોઈ એબ પેદા થઈ ગઈ અથવા એવો ફેરફાર કરી દીધો જે રદ થઈ શકે એમ ન હોય (દા.ત. આઝાદ કરી દીધો) અથવા એમાં બીજા કોઈનો હક્ક પેદા થયો (જેમ કે ખિયારે શર્ત કર્યા વગર બીજાને વેચી દીધો) અથવા ગીરવી આપી દીધો, અથવા ઈજારા પર આપી દીધો, આ બધી હાલતમાં ખિયારે રૂયત રહેશે નહીં. પછીથી સોદાને રદ કરી શકાશે નહીં. અને જો એનો સોદો કર્યો પરંતુ પોતાના માટે એમાં (છૂટની શરત) ખિયારે શર્ત કરી લીધી અથવા વેચવા માટે એનો ભાવ કર્યો, અથવા ખેરાત કર્યો પણ કબ્જો નથી આપ્યો અને આ બધી વાતો (માલ) જોયા પછી બની તો દલાલતન (ઈન્ડાયરેકટ) રઝામંદી મળી ગઈ, પછીથી સોદો રદ કરી શકશે નહીં. અને માલને જોતાં પહેલાં આ બધી વાતો બની તો ખિયાર બાકી છે. જોયા પછી માલ પર કબ્જો કરવો એ પણ રઝામંદીની જ દલીલ છે. *(આલમગીરી વ રદ)*

**મસ્અલા** : માલનો કબ્જો કરીને જોતા પહેલાં જ સોદો કરી દીધો. પાછળથી (એબ) નુકસાનીને લીધે બીજા ખરીદનારે પાછો આપ્યો અથવા ગીરો મૂક્યા પછી એને છોડાવી લીધો અથવા ઈજારો આપ્યો હતો તેને તોડી નાખવામાં આવ્યો તો ખિયારે રૂયત જે આ બધા ફેરફારને કારણે જતો રહ્યો હતો તે પાછો મળશે નહીં. *(આલમગીરી)*

**મસ્અલા** : વેચેલા માલનો કોઈ ભાગ એના હાથથી નીકળી ગયો અથવા એમાં વધઘટ થઈ (ભલે વધારો મુત્તસિલા હોય કે મુનફસિલા હોય) તો છૂટ બાતિલ થઈ ગઈ. *(આલમગીરી)*

**મસ્અલા** : ખરીદનારે જ્યાં સુધી ખિયારે રૂયત રદ ન કર્યો (જતી ન કરી હોય) ત્યાં સુધી વેચનાર એની પાસે કિંમતની માગણી કરી શકશે નહીં. *(ફ઼ત્હુલ ક઼દીર)*

**મસ્અલા** : ખરીદનાર ખરીદી કર્યા પછી મૃત્યુ પામ્યો તો વારસદારને વારસાઈમાં જોવાની છૂટ મળશે નહીં અર્થાત વારસદારને એ હક્ક઼ મળશે નહીં કે તે સોદાને રદ કરે. *(આલમગીરી)*

**મસ્અલા** : જે વસ્તુને પહેલાં જોઈ ચૂક્યો છે જો એમાં કોઈ ફેરબદલ પેદા થઈ ગઈ હોય તો જોવાની છૂટ મળશે અને જો તેવી જ હોય તો છૂટ મળશે નહીં. હા ! જો સોદો કરતી વેળા એને ખબર ન હોય કે આ તે જ ચીજ છે જેને મેં ખરીદી છે તો છૂટ મળશે. *(આલમગીરી)*

**મસ્અલા** : વેચનાર એમ કહે કે આ તે જ વસ્તુ છે જેને તેં જોઈ હતી એમાં કોઈ ફેરબદલ નથી થઈ અને ખરીદનાર એમ કહે કે ફેરબદલ થઈ છે તો ખરીદનારે ગવાહ રજૂ કરી સાબિત કરવું પડશે કે ફેરબદલ થઈ છે. જો ગવાહ રજૂ ન કરે તો વેચનારનું સોગંદપૂર્વક કહેવું વિશ્વાસપાત્ર ગણાશે. પરંતુ આ એવી હાલતમાં થશે કે ખરીદનારના

(વસ્તુ) જોવાને વધારે વખત ન થયો હોય અને આટલા સમયમાં ખાસ કરીને આ વસ્તુમાં કોઈ ફેરફાર નથી થતો એવી જાણકારી હોય અને એટલો વધુ સમય પસાર થઈ ગયો કે એવી ચીજમાં સ્વાભાવિક રીતે જ ફેરફાર થઈ જાય છે. (દા.ત. બાંદી છે જેને જોયા પછી ૨૦ વર્ષ પૂરાં થયાં (જેને ૨૦ વર્ષ પહેલાં જોઈ હતી અને તે વખતે તે જવાન હતી) તો ખરીદનારની વાત માનવામાં આવશે.

*(આલમગીરી)*

**મસ્અલા** : ઝુબહ કરેલી બકરીની કલેજી ખરીદી પરંતુ હજુ તેનું ચામડું ઉતાર્યું ન હોય તો એ વેચાણ (સોદો) સહીહ ગણાશે. વેચનાર પર લાઝિમ છે કે કલેજી કાઢીને આપી દે, ખરીદનારને જોવાની છૂટ છે. અને બકરીને ઝુબહ કરવામાં આવી નથી તો એ વેચાણ સોદો દુરસ્ત નથી. ભલે વેચનાર એમ કહેતો હોય કે હું ઝુબહ કરીને કાઢી આપુ છું.

*(આલમગીરી)*

**મસ્અલા** : જોવાની છૂટને કારણે સોદો રદ કરવા માટે ન કાઝીના હુકમની જરૂર છે ન વેચનારની રઝામંદીની હાજત. *(આલમગીરી)*

**મસ્અલા** : છૂટને કારણે સોદો રદ કરવા માટે એ શરત છે કે વેચનારને (સોદો) રદ કર્યાની જાણકારી થવી જોઈએ. કેમ કે જો એ પ્રમાણે ન થયું તો તે એવું જ સમજતો રહેશે કે સોદો થઈ ગયો અને બીજા ગ્રાહકની તલાશ નહીં કરે તેથી એને નુકસાન થવાનો સંભવ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : વેચાણના માલને જોવાનો એ અર્થ નથી કે તે પૂરેપૂરો જોઈ લેવામાં આવે, એનો કોઈ ભાગ જોવામાં બાકી રહેવા ન પામે. બલ્કે એ અર્થ છે કે જે હિસ્સો જોવા માટે જરૂરી હતો તેને જોઈ લે. દા.ત. વેચાણ માટેની ઘણી વસ્તુઓ છે અને તેના જથ્થામાં કોઈ ફેરફાર ન હોય, બધી એક સરખી જ હોય. જેમ કે ખીલી અને ભારે વસ્તુઓ એટલે કે જેનો નમૂનો રજૂ કરવામાં આવતો હોય છે. એમાં અમુકને જોઈ લેવી પૂરતી છે. દા.ત. અનાજનો ઢગલો છે એનો જાહેરી હિસ્સો જોઈ લેવો પૂરતો છે. હા ! જો અંદરનો ભાગ એ પ્રમાણેનો ન હોય, બલ્કે નુકસાની કે ખામીવાળો હોય તો ખરીદનારને જોવાની છૂટ તથા એબ (ખામી)ની છૂટ પણ મળશે અને ખામી ભર્યો ન હોય પણ હલકા પ્રકારનો હોય તો પણ જોવાની છૂટ છે. ભલે ખામીની છૂટ નથી. એ રીતે કેટલાક કોથળાઓમાં અનાજ ભરેલું છે તો એકમાંથી જોઈ લેવું પૂરતું છે. જ્યારે કે બાકીનામાં એનાથી હલકા પ્રકારનું (અનાજ) ન હોય.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : ખરીદનાર કહેતો હોય કે આ બાકીનો માલ તેવો નથી જે મેં જોયો હતો અને વેચનાર કહેતો હોય કે આ તેવો જ છે. જો નમૂનો હાજર હોય તો બીજાને બતાવવામાં આવે તેઓ જે કહે તે વિશ્વાસપાત્ર ગણાશે અને નમૂનો હાજર ન હોય તો ખરીદનારે ગવાહ લાવવા પડશે નહીંતર વેચનારનું કહેવું વિશ્વાસપાત્ર ગણાશે. આ વાત ત્યારે જ બનશે કે જ્યારે અનાજ ત્યાં જ કોથળાઓમાં ભરેલું મૌજૂદ હોય. જો અનાજ મૌજૂદ ન હતું અને વેચનારે ફકત નમૂનો રજૂ કરી સોદો કર્યો હતો અને નમૂનો બાકી રહેવા ન પામ્યો હતો, પાછળથી વેચનાર બાકીનું અનાજ લાવ્યો હતો અને આ પ્રકારનો મતભેદ પડયો હતો તો ખરીદનારનું કહેવું વિશ્વાસપાત્ર ગણાશે. *(રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : એક માણસે એક ચીજ ખરીદી પણ તેણે તે ચીજને જોઈ નથી. એણે બીજા માણસને તે ચીજ જોવા માટે વકીલ બનાવ્યો કે તે જોઈને પસંદ કરી લે. વકીલે જોઈને પસંદ કરી તો સોદો લાઝિમ થયો (મંઝૂર રાખવો પડશે) અને જો નાપાસંદ કરી તો સોદો રદ કરી શકે છે. *(રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : ખરીદનારે બીજા કોઈ માણસને વસ્તુ લેવા માટે મોકલ્યો અર્થાત એણે તે માણસને એમ કહ્યું કે વેચનાર પાસે જઈને કહે કે મને ખરીદનારે વસ્તુ લેવા મોકલ્યો છે તો તેનું (આવનારનું) જોવું પૂરતું નથી. એટલે કે જો ખરીદનાર જોઈને નાપસંદ કરે તો સોદો રદ કરી શકે છે. વકીલે માલને વકાલત પહેલાં જોયો હોય અને પાછળથી વકીલ બનીને ખરીદ્યો તો એને જોવાની (પસંદ કરવાની) છૂટ રહેશે.

*(દૂર્રે મુખ્તાર, આલમગીરી)*

**મસ્અલા** : આંધળાનું ખરીદ વેચાણ બન્ને જાઈઝ છે. જો કોઈ ચીજને વેચશે તો છૂટ મળશે નહીં અને ખરીદશે તો છૂટ મળશે અને વસ્તુને ઉલટ પલટ કરી ટટોળવું એ જોવાના હુકમમાં ગણાશે. ટટોળીને પસંદ કરી લીધી તો છૂટ રદ થશે. ખાવાની વસ્તુને ચાખવી તથા સુંઘવાની વસ્તુને સુંઘી લેવી પૂરતી છે. અને જે વસ્તુની જાણકારી ન ટટોળવાથી કે ન ચાખવાથી કે સુંઘવાથી માલમ પડતી હોય (જેમ કે જમીન, મકાન, લોંડી, ગુલામ) ત્યાં એ ચીજના ગુણો બતાવવા પડશે અને જે ગુણો બતાવ્યા હોય તે પ્રમાણેનો જ માલ હોય તો સોદ રદ કરી શકશે નહીં, નહીંતર રદ કરી શકે છે. આંધળો ખરીદનાર પોતે બીજા માણસને કબ્જો મેળવવા કે ખરીદવા માટેનો વકીલ બનાવી શકે છે. વકીલનું જોઈ લેવું છેવટનું કાયમી ગણાશે. આંધળો માણસ કોઈ ચીજ પોતાને માટે ખરીદે કે બીજા માટે (દા.ત. કોઈએ આંધળાને વકીલ બનાવી દીધો) તો એ બન્ને હાલતમાં છૂટ મળી શકશે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : કોઈ એક ચીજના બદલામાં બીજી નક્કી કરી એ પ્રમાણેનો સોદો થયો. દા.ત. કિતાબને કપડાના બદલામાં સોદો કર્યો તો આવી હાલતમાં વેચનાર અને ખરીદનાર બન્નેને જોવાની છૂટ મળશે કેમ કે અહીં બન્ને જણા ખરીદનાર છે. *(દુર્રે મુખ્તાર)*

પેજ નં. ૩૭ નું ચાલુ...

તો કોઈ તિલાવતે કુર્આન કરે છે, કોઈ દીની મસાઈલના સંશોધનમાં તથા દીની સાહિત્યમાં રાત પસાર કરી દે છે. ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ તથા ગૌષ પાક رضی اللہ عنہ તો રાતમાં હજારો રકાત નફ્લો પઢતા હતા. ૪૦ વરસ સુધી ઈશાના વુઝૂથી ફજરની નમાઝ પઢી, રાતના કુર્આન ખત્મ કરી દેતા, અને પૂરી રાત રબને રાજી કરવામાં ગુજારી દીધી. એ જ પ્રમાણે અન્ય બુઝુર્ગો રાતના એકાંતમાં રબની ઈબાદતોમાં વ્યસ્ત રહેતા હતા. અને આટલી ઈબાદતો કરવા છતાંય પોતે અલ્લાહના ખૌફથી તેમનાં દિલો કાંપતાં હતાં ! સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رضی اللہ عنہ રાતભર ઈબાદત કરવા છતાંય તેમનામાં ખુદાનો ખૌફ એવો હતો કે વુઝૂમાં ફક્ત એકવાર દાઢીના ખિલાલની કેવળ સુન્નત છૂટી ગઈ હતી તો તેને યાદ કરીને કેટલીયવાર આંખો તર કરી દેતા હતા કે નબી પાક ﷺને કયામતમાં શું મોઢું બતાવીશ !

અફસોસ ! આજનો માહોલ જુઓ કે દિવસે અને રાતભર અલ્લાહ વ રસૂલની નાફર્માનીમાં મોટાભાગના લોકોની જિંદગી વહી રહે છે પણ આખેરતના ભયાનક અંજામની રજ માત્ર ચિંતા નથી થતી. મારી બહેનો પણ રાતને શૈતાની પ્રવૃત્તિઓમાં ન ગુઝારે બલ્કે રસૂલે પાક ﷺની લખ્તે જિગર, જન્નતી ઔરતોની સરદાર, ખાતૂને જન્નત હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہاની જીવન પધ્ધતિ અપનાવે કે આપના એક સજદામાં રાત ખત્મ થઈ જતી હતી.

દીની ભાઈઓ ! બહેનો ! ઈસ્લામના બુઝુર્ગો સહાબા, અવલિયા, નેક ખાતૂનોની જિંદગીઓનો અભ્યાસ કરો અને તેના મુજબ જીવવા કોશિશ કરો તેમાં જ આપણી દુનિયા તથા આખેરતની ભલાઈ છે.

# અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

હપ્તો : ૧૧

**૪૦. અગર તીન આયત પળ્હને સે પેહલે કોઈ ગલતી હો જાએ તો ક્યા સજદએ સહ્વ કરના યા નમાઝ કો દોબારા પળ્હના ઝરૂરી હૈ ?**

તીન આયત પળ્હને સે પેહલે યા બા'દમેં અગર ઐસી ગલતી હૂઈ. જિસ સે મઅ્ના ફાસિદ હો જાતા હૈ તો નમાઝ ફાસિદ હો જાએગી. યે મસ્અલા તો વાઝેહ હૈ. લેકિન બા'ઝ અવામ મેં યે ગલતફહમી પાઈ જાતી હૈ કે વોહ ગલતી જિસસે મઅ્ના ફાસિદ નહીં હોતા અગર તીન આયત પળ્હને સે પેહલે પાઈ ગઈ તો સજદએ સહવ કરના યા નમાઝ કો દોબારા પળ્હના ઝરૂરી હોગા. ચુનાંચે કભી ઈસ તરહ કા મુઆમલા પેશ આતા હૈ તો લોગ ઈસ તરહ કી બાતેં કરતે હૂએ નઝર આતે હૈં. હાલાં કે યે બિલ્કુલ ગલત હૈ. શરીઅત કા હુકમ યે હૈ કે વોહ ગલતી જિસ સે મઅ્ના ફાસિદ નહીં હોતા ચાહે વોહ તીન આયત પળ્હને સે પેહલે યા બા'દ મેં પાઈ જાએ ઉસ કી વજહ સે ન સજદએ સહવ કરના લાઝિમ હોગા, ન નમાઝ કો દોબારા પળ્હના.

**''મસાઈલે સજદએ સહવ''મેં હૈ :-**

''સૂરત શુરૂઅ અભી તીન છોટી આયતોં કી મિક્દાર નહીં પળ્હ પાયા થા કે ભૂલ ગયા ફિર ઉસે દોહરાયા મગર યાદ ન આયા ઔર ઉસે છોળ કર દૂસરી સૂરત યા આયતેં પળ્હીં તો નમાઝ હો ગઈ સજદએ સહવ કી ઝરૂરત નહીં ઔર અગર સોચને મેં તીન બાર سُبْحَانَ اللّٰهِ કેહને કી મિક્દાર દેર હો ગઈ ફિર ઉસ કે બાદ પળ્હના શુરૂઅ કિયા તો ઈસ સૂરત મેં સજદએ સહ્વ વાજિબ હૈ. ઈમામને સૂરએ ફાતિહા કે બા'દ તીન છોટી આયતેં યા એક બળી આયત પળ્હ લી ઉસકે બા'દ કહીં ગલત પળ્હ દિયા અગર યે ગલતી ઐસી હૈ જિસ સે નમાઝ ફાસિદ હો જાએગી તો મુક્તદિયોં કો લુક્મા દેના ઝરૂરી હૈ વરના સબ કી નમાઝ ફાસિદ હો જાએગી. ઔર અગર ઉસ ગલતી સે નમાઝ ફાસિદ નહીં હોતી તો લુક્મા દેના જાઈઝ હૈ મગર સજદએ સહ્વ વાજિબ નહીં હૈ.'' *(મસાઈલે સજદએ સહ્વ, સફ્હા : ૬૬)*

**૪૧. અગર તકબીરે ઈન્તિક઼ાલ મેં ગલતી હો જાએ જૈસે રૂકૂઅ સે ઉઠતે વક્ત سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ કી જગહ કોઈ اَللّٰهُ اَكْبَرُ કેહ દે તો ક્યા નમાઝ ટૂટ જાએગી ? યા સજદએ સહવ કરના ઝરૂરી હોગા ?**

કુછ અવામ મેં યે ગલત ફેહમી પાઈ જાતી હૈ કે અગર તકબીરે ઈન્તિક઼ાલ યાની એક રૂકનસે દૂસરે રૂકન મેં જાને કે લિયે જો તકબીર કહી જાતી હૈ ઉસ મેં ગલતી હો જાએ, જૈસે રૂકૂઅ સે ઉઠતે વક્ત سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ કી જગહ કોઈ اَللّٰهُ اَكْبَرُ કેહ દે તો નમાઝ ટૂટ જાએગી યા સજદએ સહ્વ લાઝિમ હોગા. યે સરાસર ગલત હૈ. ઐસી ગલતી હોને સે ન નમાઝ ટૂટતી હૈ, ન સજદએ સહ્વ લાઝિમ હોતા હૈ. જૈસા કે ''ફતાવા રઝવિય્યા'' મેં હૈ :

સવાલ કિયા ગયા કે ''જમાઅત મેં ઈમામને سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ કી જગહ اَللّٰهُ اَكْبَرُ કહા ઔર સજદએ સહ્વ નહીં કિયા, ક્યા નમાઝ હૂઈ યા નહીં ?''

જવાબ દિયા ગયા કે ''નમાઝ હો ગઈ ઔર સજદએ સહવ કી અસ્લન હાજત નહીં.

*(ફતાવા રઝવિય્યહ, જિલ્દ : ૮, સફ્હા : ૨૧૬)*

**અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી** (સદર મજલિસે કઝા ઈદારા શરઈય્યહ-ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ, જિ. ભરૂચ)

**૪૨. ફર્ઝ કી તીસરી યા ચૌથી રકઅત મેં સૂરએ ફાતિહા પળ્હના ભૂલ ગએ તો ક્યા સજદએ સહવ વાજિબ હો જાએગા ?**

કુછ લોગ યે સમજતે હૈં કે ફર્ઝ નમાઝ કી તીસરી ઔર ચોથી રકઅત મેં સૂરએ ફાતિહા પળ્હના વાજિબ હૈ લિહાઝા અગર ભૂલે સે પળ્હના રેહ જાએ તો સજદએ સહવ વાજિબ હો જાએગા હાલાકે યે ગલત હૈ. ફર્ઝ કી તીસરી ઔર ચોથી રકઅત મેં સૂરએ ફાતિહા પળ્હના વાજિબ નહીં બલ્કે અફઝલ હૈ. વાજિબ તો યે હૈ કે તીન મર્તબા سُبْحَانَ اللّٰه કેહને કી મિક઼દાર ખળા રહા જાએ. લિહાઝા તીસરી, ચોથી રકઅત મેં કોઈ સૂરએ ફાતિહા પળ્હના ભૂલ ગયા યા જાનબૂજ કર નહીં પળ્હી તો સજદએ સહ્‌વ લાઝિમ નહીં હોગા જબ કે વાજિબ મિક઼દાર કે બરાબર ખળા રહા હો. "બહારે શરીઅત"મેં હૈ :

"નમાઝે ફર્ઝ કી તીસરી ઔર ચૌથી રકઅત મેં અફઝલ સૂરએ ફાતિહા પળ્હના હૈ ઔર سُبْحَانَ اللّٰه કેહના ભી જાઈઝ હૈ ઔર બક઼દ્ર તીન તસ્બીહ (યાની سُبْحَانَ اللّٰه) કે ચુપ ખળા રહા તો ભી નમાઝ હો જાએગી, મગર સુકૂત ન ચાહિયે" *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૩, સફહા : ૫૩૧)*

"ઉસી મેં દૂસરી જગહ હૈ :

"અગર (ફર્ઝ કી) પિછલી (રકઅતોં) મેં اَلْحَمْد ન પળ્હી જબ ભી સજદએ સહવ નહીં." *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૪, સફહા : ૭૧૧)*

**૪૩. ફર્ઝ કી તીસરી યા ચૌથી રકઅત મેં સૂરએ ફાતિહા કે સાથ કોઈ સૂરત પળ્હ લી તો ક્યા સજદએ સહ્‌વ વાજિબ હો જાએગા ?**

ફર્ઝ કી તીસરી ઔર ચૌથી રકઅત મેં સૂરએ ફાતિહા કે સાથ કોઈ સૂરત પળ્હને સે સજદએ સહવ લાઝિમ હોને કે બારે મેં જો કુછ લોગોં કે ઝહન મેં તસવ્વુર પાયા જાતા હૈ યે ગલત હૈ, ઈસ સે ન સજદએ સહ્‌વ વાજિબ હોતા હૈ, ન નમાઝ કો દોબારા પળ્હના, નમાઝ બિલ્કુલ સહીહ હોતી હૈ. જૈસા કે "બહારે શરીઅત" મેં હૈ :

"ફર્ઝ કી પિછલી રકઅતોં મેં સૂરત મિલાઈ તો સજદએ સહવ નહીં ઔર ક઼સ્દન ક઼સ્દન (જાનબૂઝકર) મિલાઈ જબ ભી હરજ નહીં મગર ઈમામ કો ન ચાહિયે." *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૪, સફહા : ૭૧૧)*

ઐસા હી "ફતાવા રઝવિય્યા" જિલ્દ : ૮, સફહા : ૧૯૨ પર હૈ.

**૪૪. અગર રૂકૂઅ કી તસ્બીહ સજદે મેં યા સજદે કી તસ્બીહ રૂકૂઅ મેં પળ્હ લી તો ક્યા સજદએ સહ્‌વ લાઝિમ હોગા ?**

યે ગલત ફેહમી કુછ અવામ મેં પાઈ જાતી હૈ કે અગર રૂકૂઅ કી તસ્બીહ સજદેમેં યા સજદે કી તસ્બીહ રૂકૂઅ મેં પળ્હલી જાએ તો સજદએ સહવ લાઝિમ હો જાતા હૈ, જો કે બિલ્કુલ ગલત હૈ, ઈસ તરહ કી ગલતી સે સજદએ સહ્‌વ વાજિબ નહીં હોતા. ઐસા હી "ફતાવા રઝવિય્યા" જિલ્દ : ૮, સફહા : ૨૧૬ પર હૈ.

---

**બરેલી શરીફ :** તા. ૧૫–૧૧–૨૦૨૧, ૯ રબી. આખર, હિ. ૧૪૪૩ સોમવારના સોશિયલ મીડિયા થકી જાણવા મળ્યું કે હુઝૂર અમીને શરીઅત અશ્શાહ મુફતી મુહમ્મદ સિબ્તૈન રઝા ખાન ક઼ાદરી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَان નાં અહલિયા સાહેબા વિસાલ ફર્માવી ગયાં છે. આપની દફનવિધિ મંગળવારે બપોર પછી ખાનકાહે અમીને શરીઅતમાં થઈ. અલ્લાહ કરીમની બારગાહમાં દુઆ છે કે મૌલા તઆલાના તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમાની મગફિરત ફર્માવે તથા આપના દરજાઓને ખૂબ બુલંદ ફર્માવે. (આમીન) –*તંત્રી*

# આવા નિઃસ્વાર્થ પ્રજાના ખાદિમ હવે કયાં મળશે ?!

કાર્યાલય

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આજે અમો એક સહાબીએ રસૂલની નિખાલસતા, નિઃસ્વાર્થપણુ અને દુનિયાની દૌલતથી બેરૂખીનો આલમ કેવો હતો તે દર્શાવીએ છીએ તેને જુઓ અને આજે દુનિયાના દેશોના રાજ્યોના સત્તાધારીઓ, રાજકારણીઓના હાલ જુઓ કે જેમનો ધંધો જ હરામનું ભેગુ કરવાનો બની ગયો છે ! કેટલો ફરક છે અલ્લાહના રસૂલ ﷺની તાલીમ પર ચુસ્તપણે અમલ કરનારાઓ અને આજના લાંચીયા ઓફિસરો તથા મંત્રીઓમાં ?! રસૂલે પાક ﷺની સોહબતની અસરે કેવા કેવા ઉમદા ઈન્સાનો આ જગતને અર્પણ કર્યા એને જોઈને આપણી અક્કલો દંગ રહી જાય છે. આજના સત્તાધારીઓ ડગલે ને પગલે પ્રજાનું શોષણ હદથી વધારે પ્રમાણમાં વિવિધ ટેકસો વગેરે વડે કરી રહ્યા છે, તથા પ્રજાની લાગણી રાખવાના બદલે જાણે પ્રજાની ઠેકડી ઉડાવી રહ્યા હોય તેવાં નિવેદનો કરતા હોય છે. વળી પ્રજાના નાણાથી શાહી ઠાઠથી જીવતા હોય છે. કાશ ! કે આજના રાજકારણીઓ આવી ઈમાનદારીથી રાજ કરે તો દુનિયામાં અમ્નો અમાન છવાઈ જાય, પ્રજા સુખી થઈ જાય. અને ખાસ તો આજે મુસલમાનો આવા જ સહાબીઓના જીવન પરથી બોધ લે તો દુનિયામાં તથા આખેરતમાં કામયાબ થઈ જાય. ઈન્શા અલ્લાહ ! અલ્લાહ તઆલા આપણને કુર્આન હદીષની તાલીમ પ્રમાણે ચાલવાની તથા સાચા, નિખાલસ નેક ઈન્સાન બનવાની તૌફીક઼ અતા કરે. હરામથી બચી હલાલ ખાવા, હલાલ કામોની તૌફીક઼ આપે. આમીન. *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

સહાબીએ રસૂલ હઝરત ઉમૈર બિન સઅદ અન્સારી رحمۃ اللہ علیہ : અન્સારના ક઼બીલા અવસથી તેમને ખાનદાની સંબંધ છે અને તેમનું મૂળ વતન મદીના મુનવ્વરા છે. મુલ્કે શામની ફતહોના બારામાં જેટલી લડાઈઓ થઈ તે સર્વ જંગોમાં તેમણે મહાન મહાન બહાદુરીભર્યા કારનામાં અંજામ આપ્યાં. અમીરુલ મો'મિની હઝરત ઉમર رضی اللہ عنہએ પોતાની ખિલાફતના જમાનામાં તેમને મુલ્કે શામમાં હમ્સના ગવર્નર નિયુક્ત કરી આપ્યા હતા. આપ એટલા પ્રમાણમાં આબિદ તથા ઝાહિદ હતા કે તેમની ઈબાદત તથા રિયાઝત અને તેમનો ઝુહદ તથા તક઼વો કરામતની હદે પહોંચેલો હતો, ત્યાં સુધી કે અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવ્યા કરતા હતા કે, કાશ ! "ઉમૈર બિન સઅદ" જેવા અમુક શખ્સો મને મળી જતા જેમને હું મુસલમાનો પર હાકિમ બનાવતો. *(હાશિયા કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૧૬૨ બહવાલા ઈબ્ને સઅદ)*

તેમની ઝાહિદાના (દુનિયાની લાલચ વિનાની) તથા આબિદાના જિંદગી વિના શંકાએ એક ઘણી જ મહાન કરામત છે, જેનો એક નમૂનો જોઈ લો :–

મુહમ્મદ બિન મુઝાહિમ કહે છે કે જે દિવસોમાં હઝરત ઉમૈર બિન સઅદ رضی اللہ عنہ હમ્સના ગવર્નર હતા ત્યારે અચાનક તેમની પાસે અમીરુલ મો'મિનીન હઝરત ઉમર رضی اللہ عنہનું એક ફર્માન પહોંચ્યું જેનું લખાણ આ પ્રમાણે હતું :–

"હે ઉમૈર બિન સઅદ ! અમે તમને એક મહત્વનો હોદ્દો સોંપીને હમ્સ મોકલ્યા હતા, પણ કાંઈ ખબર ન મળી કે તમે પોતાના હોદ્દાને સારી રીતે સંભળાવ્યો છે કે નહીં. જેથી જે વખતે મારું આ ફર્માન તમારી પાસે પહોંચે તો જેટલા પ્રમાણમાં માલે ગનીમત તમારા ખજાનામાં જમા છે સૌને ઊંટો પર લાદીને એની સાથે મદીના મુનવ્વરા ચાલ્યા આવો અને

મારી સમક્ષ હાજર થઈ જાવ."

ખિલાફતના દરબારનું આ ફર્માન પઢીને તરત જ આપ ઉભા થઈ ગયા અને પોતાની લાઠીમાં પોતાની નાની સરખી મશક અને ખોરાકની થેલી અને એક મોટો પ્યાલો લટકાવીને લાઠી ખભા પર રાખી અને મુલ્કે શામથી પગપાળા ચાલીને મદીના મુનવ્વરા પહોંચ્યા. અને દરબારે ખિલાફતમાં હાજર થઈ ગયા અને અમીરુલ મો'મિનીનને સલામ કરી. અમીરુલ મો'મિનીને તેમને કફોડી હાલતમાં જોયા તો આશ્ચર્યમાં પડી ગયા અને ફર્માવ્યું, હે ઉમૈર ઈબ્ને સઅદ ! તમારી હાલત આટલી ખરાબ શાથી છે ? શું તમે બીમાર પડી ગયા હતા ? અથવા તમારું શહેર બદ્તરીન શહેર છે ? અથવા તમે મને ધોકો આપવા માટે આવો ઢોંગ રચેલો છે ?! અમીરુલ મો'મિનીનના આ સવાલોને સાંભળીને તેમણે ખૂબ જ ગંભીરતાપૂર્વક શાંતિથી અર્ઝ કર્યું, હે અમીરુલ મો'મિનીન ! શું અલ્લાહ તઆલાએ તમને મુસલમાનોની ગુપ્ત હાલતોની જાસૂસીથી મના નથી કર્યું ?! આપે એવું શાથી ફર્માવ્યું કે મારો હાલ ખરાબ છે ? શું તમો જોઈ નથી રહ્યા કે હું બિલ્કુલ તંદુરસ્ત તથા તાજો છું અને મારી પૂરી દુનિયાને મારા ખભાઓ પર ઉઠાવીને આપના દરબારમાં હાજર થયો છું. અમીરુલ મો'મિનીને ફર્માવ્યું, હે ઉમૈર બિન સઅદ ! દુનિયાનો કયો સામાન તમે લઈને આવ્યા છો ? હું તો તમારી સાથે કાંઈ જ નથી જોઈ રહ્યો ! આપે અર્ઝ કરી, હે અમીરુલ મો'મિનીન ! જુઓ ! આ મારી ખોરાકની થેલી છે, આ મારી મશક છે જેનાથી હું વુઝૂ કરું છું અને એમાં જ મારું પીવાનુ પાણી રાખુ છું અને આ મારો પ્યાલો છે, અને આ મારી લાઠી છે જેનાથી હું મારા દુશ્મનોથી જરૂરતના સમયે જંગ પણ કરું છું અને સાપ વગેરે ઝેરીલા પ્રાણીઓને પણ મારી નાખુ છું. આ સઘળો સામાન મારી દુનિયા નથી તો બીજુ શું છે ?! આ સાંભળીને અમીરુલ મો'મિનીને ફર્માવ્યું, હે ઉમૈર બિન સઅદ ! ખુદા તમારા પર તેની રહમત નાઝિલ ફર્માવે, તમે તો અજીબ માણસ છો !

પછી અમીરુલ મો'મિનીને પ્રજાનો હાલ પૂછયો અને મુસલમાનોની ઈસ્લામી જિંદગી તથા ઝિમ્મીઓના બારામાં પૂછતાછ કરી તો તેમણે જવાબ આપ્યો કે **મારી હુકૂમતનો દરેક મુસલમાન ઈસ્લામી અરકાનનો પાબંદ છે અને ઈસ્લામી જિંદગીના રંગમાં રંગાયેલો છે અને હું ઝિમ્મીઓથી જિઝિયો લઈને તેમની પૂરે પૂરી હિફાઝત કરું છું. અને હું મારા હોદ્દાની જિમ્મેદારીઓ નિભાવવાની ભરપુર કોશિશ કરું છું.**

પછી અમીરુલ મો'મિનીને ખજાનાના બારામાં પૂછયું તો તેમણે કહ્યું કે કેવો ખજાનો ? **હું હમેશાં માલદાર મુસલમાનોથી ઝકાત તથા સદકા વસૂલ કરીને ગરીબો મિસ્કીનોમાં વહેંચી આપુ છું.** જો મારી પાસે ફાજલ માલ બચતો તો હું જરૂર તમારી પાસે મોકલી આપતો.

પછી અમીરુલ મો'મિનીને ફર્માવ્યું કે હે ઉમૈર બિન સઅદ ! તમે "હમ્સ"થી મદીના મુનવ્વરા પગપાળા આવ્યા છો તો તમારી પાસે કોઈ સવારી ન હતી ? અને તમારી સલ્તનતની હદોમાં મુસલમાન તથા ઝિમ્મીઓમાં ભલા કોઈ જ માણસ ન હતો જે તમને સવારીનું એક જાનવર આપી દેતો ? આપે અર્ઝ કરી, હે અમીરુલ મો'મિનીન ! મેં રસૂલે કરીમ ﷺથી એ પણ સાંભળ્યું છે કે મારી ઉમ્મતમાં કેટલાક લોકો એવા હશે કે જો પ્રજા ખામોશ રહેશે તો એ હાકિમો તેમને બર્બાદ કરશે અને જો પ્રજા ફરિયાદ કરશે તો એ હાકિમો તેમની ગરદનો ઉડાડી મૂકશે. અને મેં રસૂલુલ્લાહ ﷺથી એ પણ સાંભળ્યું છે કે તમે લોકો સારી વાતોનો હુકમ આપતા રહો અને બુરી વાતોથી મના કરતા રહો, નહીં તો અલ્લાહ તઆલા તમારા પર એવા લોકો સવાર કરી દેશે જેઓ

બદ્તરીન ઈન્સાન હશે. તે વખતે નેક લોકોની દુઆઓ કબૂલ નહીં થાય. હે અમીરુલ મો'મિનીન ! હું તે બુરા હાકિમોમાંથી હોવાનું પસંદ નથી કરતો, એટલા માટે મને પગપાળા ચાલવું માન્ય છે પણ પોતાની પ્રજાથી કાંઈ તલબ કરવું અથવા તેમના તોહફાઓને કબૂલ કરવા કદાપિ કદાપિ પસંદ નથી.

ત્યાર બાદ અમીરુલ મો'મિનીને ફર્માવ્યું, હે ઉમૈર બિન સઅદ ! હું તમારી કાર્યવાહીઓથી બેહદ ખુશ છું એટલા માટે ત્યાં તમારી ગવર્નરીના હોદ્દા પર યથાવત રહીને ફરીથી હમ્સ જાવ અને ત્યાં જઈને હુકૂમત કરો. આપે ખૂબ જ આજીજીપૂર્વક ગદગદ થઈને અર્ઝ કરી, હે અમીરુલ મો'મિનીન ! હું તમને ખુદાનો વાસ્તો આપીને હવે આ હોદ્દાને કબૂલ કરવાથી માફીનો તલબગાર છું અને હવે કદાપિ કદાપિ આ મહત્વના હોદ્દાને કબૂલ નથી કરી શકતો જેથી આપ મને માફ કરી આપો.

આ સાંભળીને અમીરુલ મો'મિનીને ફર્માવ્યું કે, સારું જો તમે આ હોદ્દાને સ્વીકારી નથી શકતા તો મારા તરફથી ઈજાઝત છે કે તમે તમારાં ઘરવાળાંઓમાં જઈને રહો. જેથી આપ મદીના મુનવ્વરાથી ત્રણ દિવસના અંતરે આવેલ એક વસ્તીમાં જ્યાં તેમનાં બીવી બચ્ચાં રહેતાં હતાં ત્યાં જઈને રહેવા લાગ્યા.

આ બનાવના કેટલાક દિવસો બાદ અમીરુલ મો'મિનીને એકસો અશરફીઓની એક થેલી પોતાના એક સાથીને જેનું નામ હબીબ હતું તેને એવું કહીને આપી કે તમે ઉમૈર બિન સઅદના મકાન પર જઈને ત્રણ દિવસ સુધી મહેમાન બનીને રહો, પછી ત્રીજા દિવસે આ થેલી મારા તરફથી તેમની ખિદમતમાં પેશ કરીને કહી દેજો કે તે આ અશરફીઓને પોતાની જરૂરતમાં ખર્ચ કરે.

જેથી હઝરત હબીબ رضی اللہ عنہ અશરફીઓની થેલી લઈને હઝરત ઉમૈર બિન સઅદ رضی اللہ عنہના મકાન પર પહોંચ્યા અને અમીરુલ મો'મિનીનના સલામ અર્ઝ કર્યા. આપે સલામનો જવાબ આપ્યો અને અમીરુલ મો'મિનીનની ખબર અંતર પૂછી અને સત્તાની હાલતના વિશે સવાલ કર્યો, પછી અમીરુલ મો'મિનીના માટે દુઆ કરી.

હઝરત હબીબ رضی اللہ عنہ ત્રણ દિવસ સુધી તેમના ઘરે રોકાયેલા રહ્યા અને દરરોજ ખાવામાં બંનેવ સમયે એક એક રોટી અને ઝયતૂનનું તેલ તેમને મળતુ રહ્યું. ત્રીજા દિવસે હઝરત ઉમૈર બિન સઅદે ફર્માવ્યું, હે હબીબ ! હવે તમારી મહેમાનીની મુદ્દત ખત્મ થઈ ગઈ જેથી આજે હવે તમો પોતાના ઘરે જઈ શકો છો. અમારા ઘરમાં બસ આટલો જ ખાવાનો સામાન હતો જે અમે ખુદ ભૂખ્યા રહીને તમને ખવડાવી આપ્યો. આ સાંભળીને હઝરત હબીબ رضی اللہ عنہએ અશરફીઓની થેલી પેશ કરી દીધી અને કહ્યું કે અમીરુલ મો'મિનીને આપના ખર્ચના માટે આ અશરફીઓને મોકલી છે. આપે થેલી હાથમાં લઈને આ પ્રમાણે કહ્યું, **"હે હબીબ ! હું રસૂલુલ્લાહ ﷺની સોહબતથી સરફરાઝ થયો પરંતુ એ વખતે દુનિયાની દોલતથી મારો દામન કદી દાગદાર નથી થયો. પછી મેં અમીરુલ મો'મિનીન હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની સોહબત પામી, પરંતુ તેમના દૌરમાં પણ દુનિયાની દૌલતની ખરાબીઓથી હું મહેફૂઝ રહ્યો, પરંતુ આ જમાનો મારા માટે બદ્તરીન દૌર સાબિત થયો કે હું અમીરુલ મો'મિનીનના હુકમથી મજબૂર થઈને કમને હમ્સનો ગવર્નર બન્યો અને હવે અમીરુલ મો'મિનીને આ દુનિયાની દૌલત મારા ઘરમાં મોકલી આપી છે."**

આટલુ કહેતાં કહેતાં તેમને ડૂમો ભરાઈ ગયો અને આપ ચીસ પાડીને ચોધાર આંસુએ રડવા લાગ્યા. અને તેમનાં આંસુઓની ધાર એમના ચેહરા પર

વરસાદની જેમ વરસવા લાગી, અને તેમણે અશરફીઓની થેલી પરત કરી આપી. આ જોઈને ઘરમાંથી તેમનાં બીવી સાહેબાએ કહ્યું કે આપ એ થેલીને પરત ન કરો કેમ કે આ જાનશીને પયગંબર હઝરત ઉમર رضی اللہ عنہની ભેટ છે, એને રદ કરી દેવાથી હઝરત અમીરુલ મો'મિનીના દિલને ઘણી ઠેસ પહોંચશે. અને એ આપની શાનને લાયક નથી કે આપ હઝરત અમીરુલ મો'મિનીનના દિલને સદમો પહોંચાડો. એટલા માટે આપ એ થેલીને લઈને જરૂરતમંદોને આપી દો. બીવી સાહેબાના મુખ્લિસાના મશ્વરાને કૃબૂલ કરીને આપે થેલી પોતાની પાસે રાખી લીધી અને તરત જ ફકીરો મિસ્કીનોને બોલાવીને તમામ અશરફીઓ વહેંચી કાઢી અને એમાંથી એક પૈસો પણ પોતાની પાસે ન રાખ્યો.

હઝરત હબીબ رضی اللہ عنہ આ મન્ઝર જોઈને આશ્ચર્યથી દંગ રહી ગયા અને મદીના મુનવ્વરા પહોંચીને જ્યારે હઝરત અમીરુલ મો'મિનીનને આખો બનાવ અર્ઝ કર્યો તો અમીરુલ મો'મિનીન પર પણ રિક્કત (કંપારી) છવાઈ ગઈ અને ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગ્યા અને મોડે સુધી રડતા રહ્યા. પછી જ્યારે તેમનાં આંસુ રોકાયાં તો તરત જ તેમને બોલાવવા માટે એક ફર્માન લખ્યું અને એક કાસિદના થકી એ ફર્માન તેમના ઘરે મોકલી આપ્યું.

હઝરત ઉમૈર બિન સઅદ رضی اللہ عنہએ ફર્માન વાંચીને કહ્યું કે, અમીરુલ મો'મિનીનના હુકમનું પાલન મારા પર વાજિબ છે. એવું કહ્યું અને તરત જ પગપાળા મદીના મુનવ્વરાના માટે ઘરેથી નીકળી પડયા અને ત્રણ દિવસ સફર કરીને ખિલાફતના દરબારમાં હાજર થયા.

અમીરુલ મો'મિનીને ફર્માવ્યું કે હે ઉમૈર બિન સઅદ ! જે અશરફીઓ મેં તમારી પાસે મોકલી હતી એને તમે ક્યાં ક્યાં ખર્ચ કરી ? અર્ઝ કરી, હે અમીરુલ મો'મિનીન ! મેં એ જ વખતે એ સૌ અશરફીઓને ખુદાની રાહમાં ખર્ચી કાઢી.

અમીરુલ મો'મિનીન આશ્ચર્યના આલમમાં તેમનું મોં તાકતા રહ્યા. પછી પોતાના પુત્ર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماને કહ્યું કે તમે બયતુલ માલમાંથી બે કપડાં લાવીને ઉમૈર ઈબ્ને સઅદને પહોંચાડી આપો અને એક ઊંટ પર ખજૂરો લાદીને તેમને આપી દો. આપે અર્ઝ કરી, હે અમીરુલ મો'મિનીન ! કપડાં તો હું સ્વીકારી લઉં છું કેમ કે મારી પાસે કપડાં નથી, પણ ખજૂરોને હું કદાપિ લઈશ નહીં, કેમ કે હું એક સાઅ ખજૂરો મારા મકાન પર છોડીને આવ્યો છું જે મારા પરત થતા સુધી મારાં બીવી બચ્ચાં માટે પૂરતી છે. પછી હઝરત ઉમૈર બિન સઅદ رضی اللہ عنہ અમીરુલ મો'મિનીનથી વિદાય લઈને પોતાના ઘરે ચાલ્યા આવ્યા અને તેના થોડાક જ દિવસો બાદ તેમનો વિસાલ થઈ ગયો.

જ્યારે અમીરુલ મો'મિનીનને આપના ઈન્તેકાલની ખબર પહોંચી તો આપ બેઈખ્તિયાર રડી પડયા અને હાજરજનોને ફર્માવ્યું કે હવે તમો સૌ લોકો પોત પોતાની મોટી તમન્નાઓને મારી સામે વર્ણવો. તરત જ સર્વ હાજરજનોએ પોત પોતાની મોટી મોટી તમન્નાઓને જાહેર કરી દીધી. સૌની તમન્નાઓનો ઉલ્લેખ સાંભળીને આપે ફર્માવ્યું, પરંતુ મારી સૌથી મોટી તમન્ના એ છે કે કાશ ! ઉમૈર બિન સઅદ જેવા સાફ દિલ તથા પાક બાઝ અને ઈખ્લાસના પયકર થોડાક મુસલમાન મને મળી જાય તો હું તેમનાથી મુસલમાનોના કામોમાં મદદ લેતો.

ત્યાર બાદ આપે હઝરત ઉમૈર બિન સઅદ رضی اللہ عنہના માટે મગફિરતની દુઆ કરી અને કહ્યું કે અલ્લાહ તઆલા ઉમૈર બિન સઅદ رضی اللہ عنہ પર પોતાની રહમત નાઝિલ કરે. *(કન્ઝુલ ઉમ્માલ, ૧૬/૧૬૨, ૧૬૬, બહવાલા "કરામતે સહાબા" અઝ : હઝરત અબ્દુલ મુસ્તફા આ'ઝમી رحمۃ اللہ علیہ)*

# અલ્લાહ પર તવક્કુલ અને સહાબીએ રસૂલ ﷺ કાર્યાલય

હઝરત ઔફ બિન માલિક رضی اللہ عنہ સહાબી છે. તેમની કુન્નિયતના બારામાં મતભેદ છે. અમુકનો કૌલ છે કે એમની કુન્નિયત "અબૂ અબ્દુર્રહમાન" છે અને અમુકની નજીક "અબૂ હમ્માદ" અને અમુક લોકોએ કહ્યું કે "અબૂ અમ્ર" છે. ઈસ્લામ લાવ્યા બાદ સૌ પ્રથમ જેહાદ જેમાં તેમણે શિર્કત કરી તે જંગે ખૈબર છે. આપ ઘણા જ જાંબાઝ અને મુજાહિદ સહાબી હતા. ફતહે મક્કાના દિવસે કબીલા અશ્જઅનો ઝંડો તેમના જ હાથમાં હતો. મુલ્કે શામ વસવાટ કરી લીધો હતો અને હદીષમાં અમુક સહાબા رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن અને ઘણા તાબઈન તેમના શાગિર્દ છે. દમિશ્ક શહેરમાં હિ.સ. ૭૩ના વરસમાં તેમનો વિસાલ શરીફ થયો. *(અસદુલ ગ઼ાબા, ભાગ–૪૪ પેજ–૧૫૬)*

હઝરત મુહમ્મદ બિન ઈસ્હાકનું બયાન છે કે હઝરત ઔફ બિન માલિક رضی اللہ عنہને કાફિરોએ ગિરફતાર કરીને તેમને રસ્સીઓ વડે બાંધી રાખ્યા હતા. તેમના પિતા માલિક અશ્જઈ رضی اللہ عنہ હુઝૂરે અકદસ ﷺની ખિદમતે અકદસમાં હાજર થયા અને બનાવ રજૂ કર્યો. આપે ઈર્શાદ ફર્માવ્યો, તમે તમારા પુત્ર ઔફની પાસે કાસિદ થકી એ કહેવડાવી દો કે તે ખૂબ જ અધિક પ્રમાણમાં لَا حَوْلَ وَلَا قُوَّۃَ اِلَّا بِاللّٰہِ. પઢતા રહે.

જેથી હઝરત ઔફ બિન માલિક رضی اللہ عنہ એ વઝીફો પઢવા લાગ્યા. એક દિવસ એકાએક તેમની સર્વ રસ્સીઓ તૂટી ગઈ અને તે મુક્ત થઈને કાફિરોની કેદથી નીકળી પડયા અને એક ઊંટણી પર સવાર થઈને ચાલી નીકળ્યા. રસ્તામાં એક ચરાગાહની અંદર કાફિરોના સેંકડો ઊંટ ચરી રહ્યાં હતાં. આપે તે ઊંટોને પોકાર્યાં તો તે સર્વ દોડતાં ભાગતાં આપની ઊંટણીની પાછળ પાછળ ચાલી નીકળ્યાં. તેમણે મકાન પર પહોંચીને પોતાનાં મા બાપને પોકાર્યાં તો તેઓ સૌ તેમનો અવાજ સાંભળીને દોડી નીકળ્યાં અને એ જોઈને આશ્ચર્યમાં પડી ગયાં કે હઝરત ઔફ બિન માલિક رضی اللہ عنہ ઊંટોના જબરદસ્ત ટોળા સાથે હાજર છે, જેથી સૌ ખુશ થઈ ગયાં.

તેમના પિતા હઝરત માલિક અશ્જઈ رضی اللہ عنہએ બારગાહે નબુવ્વતમાં પહોંચીને પૂરો બનાવ સંભળાવ્યો અને ઊંટોના બારામાં પણ અર્ઝ કરી તો આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે એ ઊંટોને તમે જે ચાહો કરો, તમારો પુત્ર એ ઊંટોનો માલિક બની ચૂક્યો છે. એ ઊંટોમાં હું કોઈ દખલ કરીશ નહીં. આ અલ્લાહ તઆલાની તરફથી એક રોજી છે જે તમને અતા કરવામાં આવી. રિવાયત છે કે એ જ મોકા પર આ આયત નાઝિલ થઈ :–

وَمَنْ یَّتَّقِ اللّٰہَ یَجْعَلْ لَّہٗ مَخْرَجًا ۙ وَّ یَرْزُقْہُ مِنْ حَیْثُ لَا یَحْتَسِبُ ؕ وَمَنْ یَّتَوَکَّلْ عَلَی اللّٰہِ فَھُوَ حَسْبُہٗ ؕ

"અને જે શખ્સ અલ્લાહ તઆલાથી ડરે છે, અલ્લાહ તઆલા તેના માટે તકલીફોથી છૂટકારાનો માર્ગ કાઢી આપે છે અને તેને એવી જગાએથી રોજી પહોંચાડે છે જ્યાં તેને ગુમાન પણ નથી હોતુ. અને જે શખ્સ અલ્લાહ તઆલા પર તવક્કુલ કરશે તો અલ્લાહ તઆલા તેના માટે પૂરતો છે." *(સૂ. તલાક, ૬૫/૨,૩)* *(અત્તરગીબ વત્તરહીબ, ૩/૧૦૫, તફસીરે ઈબ્ને કષીર, ૪/૩૮૦, બ હવાલા કરામાતે સહાબા)*

આપણે પણ સહાબાની જેમ ઈમાન રાખીને અલ્લાહ પર તવક્કુલ (ભરોસો) રાખવો જોઈએ અને મુસીબતોના ઉપાય માટે આમ તેમ ફાં ફાં ન મારતાં આ વઝીફાને રોજની આદત બનાવવો જોઈએ, ઈન્શા અલ્લાહ ! મુસીબતો નજીક પણ નહીં આવે અને અણધાર્યા લાભો થશે.

# હું મુસલમાન થઈને કુર્આન વિશે શું જાણું છું ?!



હપ્તો ૦૬

**લેખક : ડૉક્ટર મુહમ્મદ અહમદ નઈમી**
*(જામિઆ હમદર્દ યુનિવર્સિટી–ન્યુ દિલ્હી)*
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

પ્યારા દીની ભાઈઓ ! કુર્આન શરીફ એ આપણા બંધારણનો પાયો છે. માનવ જાતની હિદાયત માટે એ નાઝિલ થયું. એના હુકમાનુસાર ચાલીને જ આપણે જન્નતમાં પહોંચી શકીએ છીએ અને જહન્નમથી નજાત પામી શકીએ છીએ. પ્રસ્તુત લખાણમાં "કુર્આનના હક્કો" દર્શાવવામાં આવેલા છે તેને દિલના ઊંડાણથી શાંત ચિત્તે વાંચો અને દિલ પર હાથ રાખીને કહો કે આપણામાંથી કેટલા છે જે એ હક્કોની અદાયગી પૂર્ણપણે અંજામ આપી રહ્યા છે. બલ્કે આપણી કૌમનું જીવન ઈલ્લા માશા અલ્લાહ ! મોટાભાગે કુર્આનથી વિમુખ જઈ રહ્યું છે. કુર્આન શરીફને સમજવાની વાત તો દૂર રહી પણ તેની તિલાવત પણ હાલના દૌરમાં તો સિંગલ ફિગર ટકાવારી જ કરતી હશે. એવા કેટલા હશે જે કુર્આનને ૧૨ મહિનામાં પણ અડકતા નથી તો તેનામાં ચિંતન મનનની વાત જ ક્યાં રહી ?!

આજે આપણા યુવાનો, સ્ત્રીઓ, વડીલો બલ્કે બાળકો પણ (ઈલ્લા માશા અલ્લાહ !) સૌથી વધુ સમય મોબાઈલ પર ગેમો, ડ્રામાઓ, વિવિધ રમતો, બિન જરૂરી મેસેજો તથા હરામ દશ્યો જોવા પાછળ ગુજારે છે. મુસલમાનોનાં દિલ તથા દિમાગો રૂહાનિયતથી દૂર થઈ રહ્યાં છે. પણ આપણે જો આપણી દુનિયા તથા આખેરતની ભલાઈ ચાહતા હોઈએ તો કુર્આનથી રિશ્તાને મજબૂત કરવો જોઈએ. કુર્આનને સમજવા માટે **કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન** (ગુજરાતીમાં કુર્આનનો તર્જુમો તથા તફસીર સાથે) મળે છે તેને મંગાવી સતત તેનો અભ્યાસ કરવો જોઈએ અને અમલી જિંદગીમાં એને ઉતારીને રબના કુર્આનના હક્કો અદા કરવા કોશિશ કરવી જોઈએ. અલ્લાહ સૌને તૌફીક઼ બખ્શે. *(તંત્રી)*

## કુર્આનના હક્કો

કુર્આન તથા હદીષના અભ્યાસથી માલૂમ પડે છે કે કુર્આનના આદાબ સિવાય કુર્આને હકીમના કેટલાક હક્કો પણ છે જેની કુર્આન આપણાથી માગણી કરે છે. અને આ તે હક્કો છે કે જેમની અદાયગી પર ન કેવળ એ કે કુર્આન કરીમની રહમત તથા બરકતનો દારોમદાર છે બલ્કે તેમના પર જ દુનિયા તથા આખેરતની નજાત તથા કામયાબી સમાયેલી છે. કુર્આને કરીમના કેટલાક પાયાના હક્કો છે જેમનામાંથી અમુક નીચે પ્રમાણે છે :

**(૧) તસ્દીક઼ (સમર્થન) તથા તાઝીમ :** એટલે કે દિલથી એનું સમર્થન તથા તાઝીમ કરવી કે એ કોઈ સામાન્ય કિતાબ કે મામૂલી કલામ નથી બલ્કે એ અલ્લાહનું મુક઼દ્દસ કલામ છે. જ્યાં સુધી દિલથી એનું સમર્થન થશે નહીં ત્યાં સુધી તાઝીમનો જઝબો ઉત્પન્ન થશે નહીં. કુર્આને પાક ઈર્શાદ ફર્માવે છે :

اِنَّهٗ لَقُرْاٰنٌ كَرِیْمٌۙ﴿۷۷﴾ فِیْ كِتٰبٍ مَّكْنُوْنٍۙ﴿۷۸﴾ لَّا یَمَسُّهٗۤ اِلَّا
الْمُطَهَّرُوْنَؕ﴿۷۹﴾ تَنْزِیْلٌ مِّنْ رَّبِّ الْعٰلَمِیْنَ﴿۸۰﴾ اَفَبِهٰذَا الْحَدِیْثِ
اَنْتُمْ مُّدْهِنُوْنَۙ﴿۸۱﴾

"બેશક ! એ ઈજ્જતવાળુ કુર્આન છે સુરક્ષિત લખેલુ. એને ન સ્પર્શો પણ વુઝૂ સાથે. નાઝિલ કરેલ છે સર્વ જહાનના રબનું. તો શું તમે આ કલામને મામૂલી કલામ સમજો છો." *(સૂ. વાક઼િઆ, આ ૭૭ થી ૮૧)*

**(૨) તરતીબ સાથે પઢવું** : કુર્આને પાકને ખૂબ જ સાફ સાફ, અટકી અટકીને તેના ઉસૂલ તથા ક઼ાયદાઓ સાથે પઢવું. જેમ કે ઈર્શાદે રબ્બાની છે :–

وَ رَتِّلِ الْقُرْاٰنَ تَرْتِيْلًا "કુર્આને પાક ખૂબ સાફ સાફ પઢો." *(સૂ. મુઝ્ઝમ્મિલ, આ. ૪)*

**(૩) સમજીને પઢવું** : આ ત્રીજો હક્ક઼ છે જેનો મતલબ છે કે ચિંતન મનન તથા ધ્યાનપૂર્વક તેના અર્થો તથા મતલબોને સમજીને પઢવું જોઈએ. કુર્આનની તિલાવતના સમયે કોઈ અન્ય બાજુ દિમાગ વળવું ન જોઈએ. અલ્લાહ તઆલા ખુદ ફર્માવે છે કે : اَفَلَا يَتَدَبَّرُوْنَ الْقُرْاٰنَ "શું તેઓ કુર્આનમાં ચિંતન મનન નથી કરતા ?!" *(સૂ. નિસાઅ, આ. ૮૨)*

كِتٰبٌ اَنْزَلْنٰهُ اِلَيْكَ مُبٰرَكٌ لِّيَدَّبَّرُوْٓا اٰيٰتِهٖ وَ لِيَتَذَكَّرَ اُولُوا الْاَلْبَابِ

"આ બરકતવાળી કિતાબ છે જેને અમે (હે રસૂલે મોઅઝ્ઝમ !) આપના પર એટલા માટે ઉતારેલ છે કે જેથી લોકો તેની આયતોમાં ચિંતન મનન કરે અને બુધ્ધિવાળા નસીહત હાંસલ કરે." *(સૂ. સ઼ાદ, આ. ૨૯)*

**(૪) અનુસરણ તથા પયરવી કરવી** : કુર્આન મજીદની તાલીમાત તથા હુકમોની પયરવી તથા અનુસરણ અત્યંત જરૂરી છે. કુર્આને કરીમ વારંવાર તેની તાકીદ કરતુ જોવા મળે છે. જેમ કે ઈર્શાદે રબ્બાની છે :–

وَ هٰذَا كِتٰبٌ اَنْزَلْنٰهُ مُبٰرَكٌ فَاتَّبِعُوْهُ وَ اتَّقُوْا لَعَلَّكُمْ تُرْحَمُوْنَ

"આ કિતાબ જે અમે નાઝિલ કરી મુબારક છે, તમે તેનું અનુસરણ તથા પયરવી કરો અને (અલ્લાહ તઆલાથી) ડરો જેથી તમારા પર રહમ કરવામાં આવે." *(સૂ. અન્આમ, આ. ૧૫૫)*

وَ لَئِنِ اتَّبَعْتَ اَهْوَآءَهُمْ بَعْدَ الَّذِيْ جَآءَكَ مِنَ الْعِلْمِ مَا لَكَ مِنَ اللّٰهِ مِنْ وَّلِيٍّ وَّ لَا نَصِيْرٍ

**"જો તમે (કુર્આને કરીમની તા'લીમના સિવાય) એ લોકોની ખ્વાહિશોનું અનુસરણ કર્યુ તેમ છતાં કે તમારી પાસે ઈલ્મ તથા યક઼ીનની રોશની (કુર્આન) આવી ચૂકી છે તો અલ્લાહની દોસ્તી તથા મદદથી બિલ્કુલ મેહરૂમ થઈ જશો."**

*(સૂ. બક઼રહ, આ. ૧૨૦)*

**તબ્લીગ તથા પ્રચાર** : કુર્આને મુક઼દ્દસ એક વિશ્વવ્યાપી (આલમગીર) આસ્માની કિતાબ છે અને મુસલમાન આ વિશ્વવ્યાપી કિતાબ પર ઈમાન તથા યક઼ીન રાખનારી એક વિશ્વવ્યાપી ક઼ૌમ છે. પૃથ્વી જગતની વિશ્વવ્યાપી ક઼ૌમની હેસિયતથી દરેક મુસલમાનની જિમ્મેદારી છે કે તે પોતાની વિસાતના પ્રમાણે કુર્આને કરીમની તાલીમને આમ કરે (ફેલાવે) અને તેની તબ્લીગ તથા પ્રચારમાં ભાગ લે. જેમ કે ઈર્શાદે રબ્બાની છે :–

وَ لَا يَصُدُّنَّكَ عَنْ اٰيٰتِ اللّٰهِ بَعْدَ اِذْ اُنْزِلَتْ اِلَيْكَ وَ ادْعُ اِلٰى رَبِّكَ

"ક્યાંક એવું ન બને કે અલ્લાહની આયતો નાઝિલ થયા બાદ તે આપને એનાથી રોકી દે. આપ સતત તમારા પરવરદિગાર તરફથી દા'વત આપતા રહો." *(સૂ. ક઼સ઼સ, ૨૮/૮૭)*

બીજી જગાએ આદેશ થયો : بَلِّغْ مَآ اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ "પહોંચાડી આપો જે કાંઈ નાઝિલ કરવામાં આવ્યું આપના પર આપના રબની તરફથી." *(સૂ. માઈદા, આ. ૬૭)*

وَ مَا عَلَيْنَآ اِلَّا الْبَلٰغُ الْمُبِيْنُ "અને અમારા પર નથી પણ રોશન તબ્લીગ કરવું." *(સૂ. યાસીન, આ. ૧૭)*

ઉપરોક્ત હક્કો઼ ઉપરાંત કુર્આને પાકના કેટલાક

અન્ય પણ હક્કો છે જેને કુર્આને હકીમ અને મુબારક હદીષોમાં વર્ણવવામાં આવેલ છે, જેના માટે એનો અભ્યાસ જરૂરથી કરશો.

આ રીતે જાહેર થાય છે કે કુર્આનના આદાબની જેમ કેટલાક કુર્આનના હક્કો પણ છે કે જેના પર અમલ કરવો લાઝિમ તથા જરૂરી છે.

**કુર્આનની ખૂબીઓ :** કુર્આને હકીમ અગણિત ઉમદા ગુણો તથા ખૂબીઓ ધરાવે છે. કોઈ માનવ બુધ્ધિ કે ચિંતનમાં એ શક્તિ નથી કે તેની સર્વ ખૂબીઓને ઘેરી શકે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે કુર્આને હકીમમાં લગભગ ૭૦ વાર "કુર્આન" શબ્દનો ઉલ્લખે કર્યો છે. અને એના ઉપરાંત કુર્આનની ઘણી મહાન ખૂબીઓ વર્ણવી છે, જેમાંથી અમુક નીચે મુજબ છે :–

**(૧)** કુર્આન હિદાયત, રહમત, બશારત, નેઅમત, બરકત, નૂર, શિફા, નસીહત, બયાન, બુરહાન અને સુકૂનનું અજોડ ઉગમ સ્થાન (સર ચશ્મા) છે. કુર્આનની વર્ણવેલ ખૂબીઓ તથા વિશિષ્ટતાઓનું વર્ણન કરતાં ખુદાવંદે કુદુસ ઈર્શાદ ફર્માવે છે :–

قُلْ نَزَّلَهٗ رُوْحُ الْقُدُسِ مِنْ رَّبِّكَ بِالْحَقِّ لِيُثَبِّتَ الَّذِيْنَ اٰمَنُوْا وَ هُدًى وَّ بُشْرٰى لِلْمُسْلِمِيْنَ۝

"તમે ફર્માવો, એને પાકીઝગીની રૂહે નાઝિલ કર્યું તમારા રબની તરફથી ઠીક ઠીક કે એનાથી ઈમાનવાળાઓને અડગ કરે, અને હિદાયત તથા બશારત મુસલમાનોને." *(સૂ. નહ્‌લ, આ. ૧૦૨)*

وَ هُدًى وَّ رَحْمَةً لِّقَوْمٍ يُّؤْمِنُوْنَ۝ "અને હિદાયત તથા રહમત ઈમાનવાળાઓ માટે." *(સૂ. નહ્‌લ, આ. ૬૪)*

هٰذَا كِتٰبٌ اَنْزَلْنٰهُ مُبٰرَكٌ "અને આ બરકતવાળી કિતાબ અમે ઉતારી, તો તેની પયરવી (અનુસરણ) કરો અને **પરહેઝગારી કરો કે તમારા પર રહમ થાય."** *(સૂ. અન્આમ, આ. ૧૫૫)*

قَدْ جَآءَتْكُمْ مَّوْعِظَةٌ مِّنْ رَّبِّكُمْ وَ شِفَآءٌ لِّمَا فِي الصُّدُوْرِ ۙ وَ هُدًى وَّ رَحْمَةٌ لِّلْمُؤْمِنِيْنَ۝

"હે લોકો ! તમારી પાસે તમારા રબની તરફથી નસીહત આવી અને દિલોની સેહત (સફાઈ) તથા હિદાયત, અને રહમત ઈમાનદારો માટે." *(સૂ. યૂનુસ, આ. ૫૭)*

وَ نَزَّلْنَا عَلَيْكَ الْكِتٰبَ تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ "અને અમે તમારા પર આ કુર્આન ઉતાર્યું કે દરેક ચીજનું રોશન વર્ણન છે." *(સૂ. નહ્‌લ, આ. ૮૯)*

يٰۤاَيُّهَا النَّاسُ قَدْ جَآءَكُمْ بُرْهَانٌ مِّنْ رَّبِّكُمْ وَ اَنْزَلْنَاۤ اِلَيْكُمْ نُوْرًا مُّبِيْنًا۝

"હે લોકો ! બેશક ! તમારી પાસે અલ્લાહની તરફથી બુરહાન (દલીલ) આવી અને એમે તમારી તરફ રોશન નૂર નાઝિલ કર્યું." *(સૂ. નિસાઅ, આ. ૧૭૪)*

اَلَا بِذِكْرِ اللّٰهِ تَطْمَئِنُّ الْقُلُوْبُ۝ **"સાંભળી લો ! અલ્લાહની યાદમાં જ દિલોનું ચૈન છે."**

*(સૂ. રઅદ, આ. ૨૮)*

**(૨)** ઝિક્ર, હિકમત, બસીરતો, ફુર્કાન, કિતાબે મુબીન, કિતાબે અઝીઝ, કલામુલ્લાહ, તઝકેરા, હક્ક તથા અહસનુલ હદીષ જેવી અજોડ ખૂબીઓ પણ તેનો તરી આવતો હિસ્સો છે. જેમ કે કુર્આને પાક ખુદ ઈર્શાદ ફર્માવે છે : وَ هٰذَا ذِكْرٌ مُّبٰرَكٌ اَنْزَلْنٰهُ "અને આ છે બરકતવાળુ ઝિક્ર કે જે અમે ઉતાર્યું."

*(સૂ. અંબિયા, આ. ૫૦)*

وَ مَنْ يُّؤْتَ الْحِكْمَةَ فَقَدْ اُوْتِيَ خَيْرًا كَثِيْرًا "અને જેને હિકમત (કુર્આન) મળી તેને અઢળક ભલાઈ મળી."

*(સૂ. બકરહ, ૨૬૯)*

قَدْ جَآءَكُمْ بَصَآئِرُ مِنْ رَّبِّكُمْ "તમારી પાસે આંખો ખોલનારી દલીલો આવી તમારા રબની તરફથી." *(સૂ. અન્આમ, આ. ૧૦૪)*

تَبٰرَكَ الَّذِیْ نَزَّلَ الْفُرْقَانَ عَلٰی عَبْدِهٖ لِیَكُوْنَ لِلْعٰلَمِیْنَ نَذِیْرَا

"ઘણી બરકતવાળો છે તે કે જેણે નાઝિલ કર્યું કુર્આન પોતાના બંદા પર જે સર્વ જહાનને ડર સંભળાવનારો છે." *(સૂ. ફુર્કાન, આ. ૧)*

قَدْ جَآءَكُمْ مِّنَ اللّٰهِ نُوْرٌ وَّ كِتٰبٌ مُّبِیْنٌ "બેશક ! તમારી પાસે અલ્લાહની તરફથી એક નૂર આવ્યું અને રોશન કિતાબ." *(સૂ. માઈદા, આ. ૧૫)*

اِنَّ الَّذِیْنَ كَفَرُوْا بِالذِّكْرِ لَمَّا جَآءَهُمْ ۚ وَ اِنَّهٗ لَكِتٰبٌ عَزِیْزٌ

"બેશક ! જેઓ ઝિક્રથી મુન્કિર (નકારનાર) થયા જ્યારે તે એમની પાસે આવ્યું, તેમની ખરાબીનો હાલ કાંઈ ન પૂછ ! અને બેશક ! એ ઈજ્જતવાળી કિતાબ છે." *(સૂ. હા-મીમ-સજદા, આ. ૪૧)*

حَتّٰی یَسْمَعَ كَلٰمَ اللّٰهِ "ત્યાં સુધી કે એ અલ્લાહનું કલામ સાંભળે." *(સૂ. તૌબા, આ. ૬)*

اِنَّ هٰذِهٖ تَذْكِرَةٌ "બેશક ! એ તઝકેરા (નસીહત) છે." *(સૂ. મુઝ્ઝમ્મિલ, આ. ૧૯)*

قُلْ یٰۤاَیُّهَا النَّاسُ قَدْ جَآءَكُمُ الْحَقُّ مِنْ رَّبِّكُمْ ۚ

"તમે ફર્માવો, હે લોકો ! તમારી પાસે તમારા રબની તરફથી હક્ક આવ્યું." *(સૂ. યૂનુસ, આ. ૧૦૮)*

اَللّٰهُ نَزَّلَ اَحْسَنَ الْحَدِیْثِ كِتٰبًا مُّتَشَابِهًا مَّثَانِیَ

"અલ્લાહે નાઝિલ કરી સૌથી સારી કિતાબ કે અવ્વલથી આખર સુધી એક જેવી છે."

*(સૂ. ઝુમર, આ. ૨૩)* (ક્રમશઃ)

**(૩) કુર્આન દરેક ઉણપ તથા ખામીથી પાક છે :** જેવી રીતે અલ્લાહ તબારક વ તઆલા સુબ્હાનહૂની જાત દરેક અયબ તથા ખામીથી પાક છે એવી જ રીતે તેનું કલામ પણ સર્વ અયબો તથા ખામીઓથી પાક છે. જેમ કે ઈર્શાદે રબ્બાની છે :

قُرْاٰنًا عَرَبِیًّا غَیْرَ ذِیْ عِوَجٍ لَّعَلَّهُمْ یَتَّقُوْنَ

"કુર્આન અરબીમાં છે અને એમાં કોઈ પ્રકારની કમી તથા વક્રતા (ટેઢાપણુ) નથી કે જેથી લોકો પરહેઝગાર બની જાય." *(સૂ. ઝુમર, આ. ૨૮)*

**(૪) કુર્આને પાક રોશનીનો મીનારો છે :** કુર્આને પાકની એક વિશિષ્ટ ખૂબી એ છે કે એ લોકોને કુફ્ર તથા શિર્કના અંધકારોથી કાઢીને ઈમાનની રોશની અતા કરે છે. આ ખૂબીનો ઉલ્લેખ કરતાં કુર્આને પાક ઈર્શાદ ફર્માવે છે :–

الٓرٰ ۚ كِتٰبٌ اَنْزَلْنٰهُ اِلَیْكَ لِتُخْرِجَ النَّاسَ مِنَ الظُّلُمٰتِ اِلَی النُّوْرِ ۙ

"આ એવી કિતાબ છે જે અમે એટલા માટે આપના પર નાઝિલ કરી કે આપ લોકોને અંધારાંઓમાંથી કાઢીને રોશનીમાં લાવો"

*(સૂ. ઈબ્રાહીમ, આ.૧)*

**(૫) હિફ્ઝ તથા ક્રિરાઅત અને અર્થો ભાવાર્થના લેહાઝથી આસાન છે :** કલામે ઈલાહીની એક ખૂબી એ છે કે તે પઢવા, યાદ કરવા તથા અર્થો ભાવાર્થ સમજવા અને સમજાવવાના એતબારથી ખૂબ જ સહેલુ તથા આસાન તર છે. કુર્આને પાક ખુદ ઈર્શાદ ફર્માવે છે :–

وَ لَقَدْ یَسَّرْنَا الْقُرْاٰنَ لِلذِّكْرِ فَهَلْ مِنْ مُّدَّكِرٍ

"અને બેશક ! અમે કુર્આનને યાદ કરવા માટે આસાન કરી આપ્યું તો છે કોઈ યાદ કરનાર !"

*(સૂ. કમર, આ. ૧૭,૨૨,૩૨,૪૦)*

فَاِنَّمَا یَسَّرْنٰهُ بِلِسَانِكَ لِتُبَشِّرَ بِهِ الْمُتَّقِیْنَ

"અમે કુર્આનને આપની ભાષામાં આસાન કરી આપ્યું છે કે આપ એના થકી પરહેઝગારોને ખુશ ખબરી આપો." *(સૂ. મરયમ, આ. ૯૭)*



# અલ્લાહની મહાન નેઅમત

## રાતની કદર કરો !

**રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા**
*(મુદર્રિસ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

અલ્લાહ રબ્બુલ ઈજ્જત સમસ્ત બ્રહ્માંડનો સર્જનહાર છે, પોતાની સર્વ મખ્લૂકને તેણે તેમની જરૂરતો પ્રમાણે નેઅમતો અતા ફર્માવી છે. ઈર્શાદે બારી તઆલા છે :–

وَاٰتٰىكُمْ مِّنْ كُلِّ مَا سَاَلْتُمُوْهُ ۗ وَاِنْ تَعُدُّوْا نِعْمَتَ اللّٰهِ لَا تُحْصُوْهَا ۗ اِنَّ الْاِنْسَانَ لَظَلُوْمٌ كَفَّارٌ ﴿٣٤﴾

''અને તેણે તમને દરેક તે ચીજ અતા ફર્માવી આપી જે તમે તેનાથી માગી અને જો તમે અલ્લાહની નેઅ્મતોની ગણત્રી કરવા ઈચ્છો (તો) સંપૂર્ણ ગણત્રી નહીં કરી શકો, બેશક ! ઈન્સાન ઘણો જાલિમ ઘણો નાશુક્રો છે. *(સૂ. ઈબ્રાહીમ આ : ૩૪)*

અલ્લાહની આપેલી અસંખ્ય નેઅમતોમાંથી ''ઊંઘ'' પણ અલ્લાહની ઘણી મોટી નેઅમત છે. બેશક ! ''ઊંઘ'' પણ અલ્લાહના ફઝ્લો રહમતની ખુલી નિશાનીઓમાંથી છે, સ્વાસ્થ્ય જીવન જીવવા માટે સારા ખોરાકની સાથે યોગ્ય માત્રામાં ''ઊંઘ'' પણ જરૂરી છે. ''ઊંઘ'' પૂરી થવાથી ઈન્સાન સ્ફુર્તિમય થઈ જાય છે. જો ઊંઘ પૂરી ન થાય તો ન દિમાગ સારી રીતે કામ કરે છે ન શરીર.

وَّجَعَلْنَا نَوْمَكُمْ سُبَاتًا ﴿٩﴾ ''અને અમે તમારી ઊંઘને (શારીરિક) આરામ (નો સબબ) બનાવી (છે).'' *(સૂ. નબા, ૭૮/૯)*

ઈન્સાનને જ્યારે નેઅમતો મળે છે તો તે તેની બેકદ્રી કરવા લાગે છે, જેમ કે **આજકાલ મોડેથી સૂવું અને સવારે મોડેથી ઉઠવું સામાન્ય વાત થઈ ગઈ છે.** ઈન્સાનને ખાવા પીવા સાથે ઘણી બધી વસ્તુઓની જરૂરત હોય છે. રબ તઆલાએ કુર્આન મજીદમાં ''ઊંઘ''નું મહત્વ બતાવ્યું છે :–

وَهُوَ الَّذِيْٓ اَرْسَلَ الرِّيٰحَ بُشْرًاۢ بَيْنَ يَدَيْ رَحْمَتِهٖ ۚ وَاَنْزَلْنَا مِنَ السَّمَآءِ مَآءً طَهُوْرًا ﴿٤٨﴾

''અને એ જ છે જેણે તમારા માટે રાતને વસ્ત્રની જેમ ઢાંકનારી બનાવી અને ઊંઘને (તમારા માટે) આરામ (નું માધ્યમ) બનાવ્યુ અને દિવસને (કામ કાજ માટે).'' *(સૂ. ફુર્કાન, ૨૫/૪૮)*

આ આયતે કરીમા અલ્લાહ તઆલાની કુદરત પર દલીલ પેશ કરે છે અને આ આયતમાં મખ્લૂક પર અલ્લાહ તઆલાની નેઅમતોનો ઈઝહાર છે. આજે ઊંઘના મહત્વનો કોઈ એહસાસ નથી, આપણે બેદર્દી સાથે તેની બેકદ્રી કરી રહ્યા છીએ. ઊંઘ અલ્લાહના ફઝ્લ, રહમત અને નેઅમતમાંથી છે જે તેણે પોતાની મખ્લૂકને અતા ફર્માવી છે. નસીહત પ્રાપ્ત કરવાવાળાઓ માટે મોટી નસીહત છે. ઊંઘ ઈન્સાનના દિવસભરના થાક અને માનસિક તણાવને આરામમાં બદલી નાખે છે. અલ્લાહ ! અલ્લાહ ! આ આરામભર્યા એહસાસને કોણ નથી જાણતું ! કોણ નથી ચાહતું ! એક મુસાફર ''ઊંઘ''ના કારણે થાકથી સુકૂન પામે છે અને બીમારને સૂવાથી ચેન મળે છે, વગેરે વગેરે.

### ★ दिन लह्वमें खोना तुझे, शब सुब्ह तक सोना तुझे ★

આજે નવયુવાન નસ્લ સાથે બાળકો, વૃદ્ધો પણ મોડી રાત્રે સૂવાના આદી થઈ ગયા છે. મોડી

રાત સુધી ઘરોમાં મોબાઈલ, ટી.વી.માં લાગેલા રહે છે. નવયુવાન પેઢી કલબો, ચોરા ચકલાની બેઠકોમાં મોજ મસ્તીમાં મગન રહે છે : અને જે રાત અલ્લાહ તઆલાએ મહાન નેઅમત રૂપે અતા ફર્માવી છે તેની કોઈ કદર નથી. જરૂરી માત્રામાં સૂવાથી ઈન્સાન પોતાના થાક અને માનસિક તણાવથી નજાત પામે છે અને ફરી ચુસ્ત થઈ જાય છે. કુર્આન મજીદ અને અહાદીષે પાકમાં જગા જગાએ તેનું વર્ણન છે. કમનસીબે આજકાલ આપણા સમાજમાં રાત જેવી કિંમતી નેઅમતની બેકદ્રી સામાન્ય વાત થઈ ગઈ છે. રાત્રે મોડે સુધી જાગવા અને પછી બપોર સુધી સૂવાની કુટેવ આમ થઈ ગઈ છે જે અસંખ્ય નુકસાનોનું કારણ છે, શરીઅતની રૂએ પણ નુકસાનકારક છે અને જીવનના દરેક ક્ષેત્રમાં તેની બુરી અસર થઈ રહી છે. મેડિકલ દષ્ટિએ પણ તેનાં ઘણા નુકસાન છે. જો તમે સ્વસ્થ જીવન જીવવા ચાહો છો તો રાતના મૂલ્યને ધ્યાનમાં રાખો. રાતમાં સર્વ કાર્યોથી જલ્દી ફારિગ થઈ જાવ, દીની કાર્યો નમાઝ વગેરેથી ફારિગ થઈ જલ્દી સૂઈ જાવ, કારણ કે રાતનો આરામ દિવસના આરામથી સેંકડો ઘણો બેહતર અને સ્વાસ્થ્યવર્ધક છે અને સંપૂર્ણ પ્રકૃતિના અનુકૂળ છે.

وَمِنْ رَّحْمَتِهٖ جَعَلَ لَكُمُ الَّيْلَ وَالنَّهَارَ لِتَسْكُنُوْا فِيْهِ وَ
لِتَبْتَغُوْا مِنْ فَضْلِهٖ وَلَعَلَّكُمْ تَشْكُرُوْنَ۝

''અને તેણે પોતાની રહમતથી રાત અને દિવસને બનાવ્યાં જેથી તમે રાતમાં આરામ કરો અને (દિવસમાં) તેનો ફઝ્લ (રોજી) તલાશ કરી શકો અને તમે શુક્રગુઝાર બનો. *(સૂ. કસસ, આ. ૭૩)*

ઈર્શાદ ફર્માવ્યો, હે લોકો ! અલ્લાહ તઆલાએ પોતાની રહમતથી તમારા માટે રાત દિવસ બનાવ્યાં જેથી તમે રાત્રે આરામ કરો, પોતાના શરીરોને આરામ આપો અને દિવસની મહેનતથી થતી થકાનને દૂર કરો અને દિવસમાં રોજી તલાશ કરો જે અલ્લાહ તઆલાનો ફઝ્લ છે.

## ★ મોડે સુધી સૂઈ રહેવાની નહૂસતો ★

કુદરતના નિઝામ વિરૂધ્ધ કોઈ કાર્ય અને અલ્લાહના હુકમની અવગણના કરીને કોઈ પણ સફળતા પ્રાપ્ત કરી શકતુ નથી, મોડે સુધી સૂતા રહેવાની નહૂસતો તેને ઘેરી લે છે, ચેહરાનું નૂર વ ખત્મ થઈ જાય છે, રિઝ્કમાં કમી થાય છે, બરકતો છીનવી લેવામાં આવે છે. પછી મૌલાના સાહેબ, ઈમામ સાહેબને મસ્જિદોમાં દુઆની દરખાસ્તની ચિઠ્ઠીઓ મોકલવામાં આવે છે, જે કામ પોતે કરવાં જોઈએ તે કરતા નથી અને તેની ભરપાઈ માટે બીજી તરફ દોડે છે ! એટલા માટે જ ઈમામ અહમદ રઝા ખાન ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે.

*દિન લહ્વ મેં ખોના તુઝે, શબ સુબ્હ તક સોના તુઝે*
*શર્મે નબી, ખૌફે ખુદા, યે ભી નહીં, વો ભી નહીં*

મોડે સુધી સૂવાની નહૂસત એક તો એ છે કે ઊંઘથી જે આરામ અને સુકૂન મળે તે નસીબ થતો નથી, આખો દિવસ સુસ્તી, ઊંઘનો ખુમાર, આળસ તેના પર છવાએલાં રહે છે અને તેના કારણ દરેક કામ પ્રભાવિત થાય છે, ભલે સફર પર જવાનું હોય, સ્કૂલ જવાનું હોય અથવા ઓફિસ, દરેક કામ પ્રભાવિત થાય છે. અને જેને તેની આદત પડી જાય તો સમજી શકાય છે કે સુસ્તી અને આળસવાળો વ્યક્તિ જીવનના મેદાનમાં કેટલો સફળ થઈ શકે છે.

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

يُسَبِّحُوْنَ الَّيْلَ وَالنَّهَارَ لَا يَفْتُرُوْنَ۝ ''તેઓ રાત દિવસ (તેની) તસ્બીહ કરતા રહે છે અને જરા પણ સુસ્તી નથી કરતા. *(સૂ. અંબિયા, આ : ૨૦)*

ફરિશ્તાઓ દરેક સમયે અલ્લાહ તઆલાની તસ્બીહ અને પાકી બયાન કરતા રહે છે અને તેઓ તેમાં કોઈ પ્રકારની સુસ્તી નથી કરતા.''

*(તફસીરે ખાઝિન, ૩/૨૭૩)*

ઈન્સાનો સિવાય સર્વ મખ્લૂક઼ અલ્લાહના બનાવેલા નિઝામ (આયોજન) પ્રમાણે ચાલી રહી છે.

### ★ મહેનતથી ભાગવું અને આરામ પસંદી ઝહેર છે ★

સુસ્તી અને આરામ પસંદી મુસલમાનોમાં ઘર કરી ગઈ છે. તેના ઘણા પ્રકારો છે, શું શું લખવામાં આવે. આળસ ઈન્સાનને ઘણુ નુકસાન પહોંચાડે છે, સૌથી મોટી વાત એ છે કે આળસવાળો ઈન્સાન સમયની ક઼દર નથી સમજતો, સમયને બરબાદ કરે છે, આજે કરીશું, કાલે કરીશું વગેરે. આળસુ ઈન્સાન દિલ અને દિમાગથી કમજોર હોય છે, કમ હિમ્મત હોય છે, જેના કારણે કોઈ કામ સમય પર નથી કરતો, અને જે કામ સમય પર નથી થતું તેમાં જરૂર કોઈ કમી રહી જાય છે. દુનિયામાં સૌથી અધિક કિંમતી ચીજ સમય છે, જેણે સમયની ક઼દર ન કરી તેણે પોતાના જીવનની કદર ન કરી. કહેવત છે કે ''ગયેલો સમય પાછો આવતો નથી.'' પરંતુ આ વાત સુસ્ત માણસની સમજમાં આવતી નથી. આપણે મોડે સુધી સૂઈને સમયને બરબાદ ન કરવો જોઈએ, કોઈ ન કોઈ વાતની ચિંતા અને કામની કોશિશમાં રહેવું જોઈએ. પોતાની કૌમની ભલાઈ માટે કાંઈ ને કાંઈ કરતા રહેવું જોઈએ.

*બેકાર મ બાશ, કુછ કિયા કર*
*ગર ન કર સકે તો કુછ કહા કર*
*ટલના થા મેરે પાસ સે તુઝ કો અય કાહિલી*
*કમ્બખ્ત તૂ તો આ કે યહીં ઢેર હો ગઈ*

અલ્લાહ તઆલા આપણને ''ઊંઘ'' જેવી નેઅમતની ક઼દ્રો કિંમત સમજવાની, મોડે સુધી સૂતા રહેવાના નુકસાનોને સમજીને તેમનાથી બચવાની તૌફીક઼ અતા ફર્માવે.

### ★ ઊંઘ કુર્બાન કરનારાઓના બે પ્રકાર ! ★

એક છે રાત પડતાં શૈતાનના ખાતર રાતની ઊંઘ કુર્બાન કરનારા અય્યાશ લોકો, અને બીજા અલ્લાહની ઈબાદત, તેના ઝિક્ર તથા તેને રાજી કરવામાં, એટલે અલ્લાહને ખાતર ઊંઘ કુર્બાન કરનારા અલ્લાહના નેક બંદાઓ.

જગતભરમાં જેઓ આખેરતથી બેફિકર થઈ ગયા છે તેવા લોકો રાતનાં અંધકારનો ઓરો ખેંચાતાં જ જાત જાતની મનોરંજનની મેહફિલો, કલબો, નાચગાનની પાર્ટીઓ, હરામકારીઓના અડ્ડાઓને આબાદ કરતા જોવા મળી રહ્યા છે. શરાબ, શબાબ તથા ક઼બાબની મેહફિલોમાં તેજી આવી જાય છે. ચોરે ચૌટે ટોળે ટપ્પે કલાકો સુધી મોડી રાત સુધી ઠટ્ઠા મશ્કરી અને ગીબતની મેહફિલો ગરમ રહે છે. ક્યાંક મોબાઈલોમાં વ્યસ્ત યુવાનો, તરૂણો વિવિધ ગેમો, નાજાઈઝ દશ્યો, ડ્રામાઓમાં ગુમ રહે છે. સમય કે જે અલ્લાહની અણમોલ નેઅમત છે તથા રાતની ઊંઘ જેવી મહાન નેઅમતને ઠુકરાવી શૈતાની કરતૂતોમાં રાત ગુજારે છે અને અડધી રાત પછી કે ફજરની નજીક નજીક સૂઈ જાય છે, ફજર પણ ગાયબ અને દિવસના મોડેથી ઉઠે છે. અને આ સર્વ શૈતાની કામો છતાં તેમને ગુનાહનો એહસાસ નથી થતો !

જ્યારે બીજી બાજુ અલ્લાહના નેક બંદાઓ રાતના અંધકારની રાહ એટલા માટે જુએ છે કે પોતાના રબને રાજી કરવામાં લાગી જાય. કોઈ નફ્લ નમાઝો પઢે છે...... ☞અનુસંધાન પેજ નં.૨૩ પર..

# રસૂલુલ્લાહ ﷺ થી મહોબ્બતનો તક઼ાઝો



**અઝ : મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી**
**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ**
*(ઈંગ્લિશ/કોમ્પ્યુટર ટીચર, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*

*આકાએ કરીમ ﷺની મહોબ્બત આ ફના થનાર દુનિયા, બરઝખ (ક઼બ્ર) અને મેહશરના મેદાનમાં પણ સહારો આપશે.*

અલ્લાહ રબ્બુલ ઈજ્જત પોતાના હબીબ ﷺ પર રહમતો નાઝિલ ફર્માવે છે અને દુરૂદ પણ મોકલે છે. આપ ﷺ પર દુરૂદ પહોંચાડવું (પઢવુ) અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલા અને તેના પવિત્ર ફરિશ્તાઓની સુન્નત છે. એવી જ રીતે રસૂલે આ'ઝમ ﷺથી મહોબ્બત કરવી પણ અલ્લાહ તઆલાની અઝીમ સુન્નત છે. જો આપણે મુક઼દ્દસ કુર્આનનો અભ્યાસ કરીએ તો આપણે એ નિર્ણયે પહોંચીશું કે મહોબ્બતના અલગ અલગ અંદાજો અલગ અલગ જગ્યાઓ પર જોવા મળે છે. મેહબૂબની અદાઓ અલ્લાહને એટલી પસંદ હતી કે રસૂલના કામને પોતાનું કામ ઠરાવી દેતાં ફર્માવ્યું : وَمَا رَمَيْتَ اِذْ رَمَيْتَ وَلٰكِنَّ اللّٰهَ رَمٰى "અને હે મેહબૂબ ! એ માટી તમે ફેંકી, તમે નથી ફેંકી, અલ્લાહે ફેંકી છે." *(સૂ. અન્ફાલ, આ. ૧૭)*

રસૂલુલ્લાહ ﷺને જો કોઈ ઈજા પહોંચાડે, તો અલ્લાહ તેને પોતાની ઈજા અને દુશ્મની ઠરાવી દે છે અને મહબૂબની તસ્કીન (સુકૂન) માટે ફર્માવે છે :–

وَلَقَدْ نَعْلَمُ اَنَّكَ يَضِيْقُ صَدْرُكَ بِمَا يَقُوْلُوْنَ ﴿٩٧﴾
فَسَبِّحْ بِحَمْدِ رَبِّكَ وَكُنْ مِّنَ السّٰجِدِيْنَ ﴿٩٨﴾

"અને બેશક ! અમને ખબર છે કે તેમની વાતોથી તમે દિલને સંકૂચિત કરો છો તો પોતાના રબની તારીફ કરતાં તેની પાકી બોલો અને સજદાવાળાઓમાં થાવ. *(સૂરએ હઝર, આ. ૯૭)*

આમ જો કોઈ શખ્સ અલ્લાહની મહોબ્બતનો દાવેદાર હોય તો રબ તઆલા પોતાના મહબૂબના દર પર જવા અને તેમના વસીલાથી ઈસ્તિગફારનો હુકમ આપે છે. જેમ કે સૂરએ આલે ઈમરાન, આયત ૩૧ માં છે : "હે મેહબૂબ ! તમે ફર્માવી દો કે, લોકો ! જો તમે અલ્લાહને દોસ્ત રાખો છો તો મારા ફર્માબરદાર થઈ જાવ અલ્લાહ તમને દોસ્ત રાખશે, તમારા ગુનાહો બખ્શી આપશે, અને અલ્લાહ બખ્શવાળો મહેરબાન છે."

જો કોઈ શખ્સ ગુનાહ કરી બેઠો છે તો રબ તઆલા પોતાના મેહબૂબના દર પર જવા અને તેમના વસીલાથી અસ્તગફાર કરવાનો હુકમ આપે છે. ઈર્શાદે ઈલાહી છે :–

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْۤا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَ
اسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا ﴿٦٤﴾

"અને અમે કોઈ રસૂલ ન મોકલ્યા પણ એટલા માટે કે અલ્લાહના હુકમથી તેમનું અનુસરણ કરવામાં આવે. અને **જો તેઓ પોતાની જાનો પર જુલ્મ કરે તો હે મહબૂબ ! તમારી સમક્ષ હાજર થાય અને પછી અલ્લાહથી માફી ચાહે અને રસૂલ તેમની શફાઅત ફર્માવે તો જરૂર અલ્લાહને ખૂબ તૌબા ક઼બૂલ કરવાવાળો અને મહેરબાન પામશે.** *(સૂ. નિસાઅ, આ. ૬૪)*

લખાણનો હેતુ એ છે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત પોતાના બંદાઓમાં સૌથી વધારે મહોબ્બત પોતાના

આખરી નબી હુઝૂર રહમતે આલમ ﷺથી ફર્માવે છે. આ'લા હઝરત ઈમામે ઈશ્કો મહ્બ્બત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ફર્માવે છે : *કુર્આન સે મૈંને નઅત ગોઈ સીખી* એટલે કે મહ્બ્બતે રસૂલ અને રસૂલ ﷺનું અનુસરણના ઈઝહારનો તરીકો મેં કુર્આનથી શીખ્યો. કુર્આન દરેક સમયે, દરેક જગ્યાએ રસૂલ ﷺની મહોબ્બત અને રસૂલ ﷺના અનુસરણનું બયાન અને ચર્ચા કરતુ જોવા મળે છે.

આપણે કદાચ આ હદીષે રસૂલ ﷺ પર વિચારવાની કોશિશ કરી નથી. જેમાં ફર્માવવામાં આવ્યું :–

لَا يُؤْمِنُ أَحَدُكُمْ حَتّٰى أَكُونَ أَحَبَّ إِلَيْهِ مِنْ وَالِدِهٖ وَوَلَدِهٖ وَالنَّاسِ أَجْمَعِينَ

''તમારામાંથી કોઈ ત્યાં સુધી કામિલ મોમિન નથી બની શકતો જ્યાં સુધી હું તેના નજીક તેના પિતા, અવલાદ અને બધા જ લોકોથી વધારે મેહબૂબ ન બની જાવ.''

આ હદીષમાં જે મહોબ્બતનો તકાઝો કરવામાં આવ્યો છે, આપણે એ તકાઝાને પૂરો નથી કર્યો. યાદ રાખો કે દરેકની મહોબ્બત તાકત (હિમ્મત) આપે છે, પરંતુ હુઝૂર ﷺની મહોબ્બત તાકતની સાથે દુનિયામાં પણ સહારો આપે છે, કબ્રમાં પણ સહારો આપશે અને આખેરતની ખતરનાક જગ્યાઓ પર પણ આકા ﷺની મહોબ્બત સહારો આપશે. આ ફિત્નાઓના સમયમાં જો મુસ્લિમ ઉમ્મત સત્તા અને વર્ચસ્વ, સફળતા અને સિધ્ધિ મેળવવા માગતી હોય તો તેણે રસૂલ ﷺની બારગાહમાં રૂજૂઅ કરવું (વળવું) પડશે. રસૂલની ઈતાઅતથી પોતાના શરીર અને રૂહને સુગંધિત કરવું પડશે. **જ્યાં સુધી આપણા દિલોમાં દરેક ચીજથી વધારે મહોબ્બત અલ્લાહ અને રસૂલથી નહીં હોય અને દરેક ચીજથી વધારે મજબૂત રિશ્તો રસૂલથી નહીં હોય ત્યાં સુધી આપણે કામયાબ નથી થઈ શકતા.** અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે ફર્માવ્યું :–

كَتَبَ اللّٰهُ لَاَغْلِبَنَّ اَنَا وَرُسُلِيْ ۭ اِنَّ اللّٰهَ قَوِيٌّ عَزِيْزٌ ﴿۲۱﴾

''અલ્લાહ લખી ચૂકયો છે કે, જરૂર હું જ ગાલિબ (શક્તિશાળી) રહીશ અને મારા રસૂલ. બેશક ! અલ્લાહ કુવ્વત (તાકત) અને ઈજ્જતવાળો છે.

*(સૂરએ મુઝાદિલા, ૨૧)*

સહાબાએ કિરામની કામયાબીનું રાઝ તેમની હુઝૂર ﷺથી બેહદ મહોબ્બત અને રસૂલથી મજબૂત રિશ્તો અને તેમનાથી નિસ્બત થયેલ વસ્તુઓથી પણ મહોબ્બતમાં રાખવામાં છુપાયેલ છે. તેઓ દરેક એ વસ્તુનો એહતેરામ (ઈજ્જત) કરતા હતા જે રસૂલુલ્લાહ ﷺથી સંબંધિત થઈ જાય. અલ્લાહ કરીમ બધાને રસૂલુલ્લાહ ﷺની મહોબ્બતમાં જીવંત રાખે અને રસૂલે પાક ﷺની મહોબ્બતમાં મૌત અતા ફર્માવે. (આમીન)


**અણમોલ કિતાબ મંગાવો**

**❀❀ કાનૂને શરીઅત ❀❀**

(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)

**લેખક : અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : હાફેઝ મૂસા વેમી/ઈબ્રાહીમભાઈ વેમી**

**એક સેટના**

**હદીયો : રૂા. ૨૫૦/–**

જેમાં અકીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક, અખ્લાકિયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે.

ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

પ્રકાશક **સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા** મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧ Phonepay/G.Pay/Paytm Mo. 94274 64411



## વર્તમાન સંજોગો મુજબ

# શેર બજાર વિશે શરઈ હુકમ

:: સંપાદક ::
મુફ્તી સાબિર નજમી મિસ્બાહી
(દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

શેર માર્કેટ (Share Market) જેને સ્ટોક માર્કેટ (Stock Market) પણ કહે છે, એમાં પૈસા રોકવા તથા શેર ખરીદવું કેવું ?

આજથી લગભગ પાંચ વરસો પહેલાં આ મસ્અલાનો હુકમ માલૂમ કરવા માટે અલજામિઅતુલ અશ્રફિયા–મુબારકપુરના ફિક્હી સેમીનારમાં આ મસ્અલો મુફ્તિયાને કિરામ તથા ઉલમાએ એઝામની સમક્ષ રજૂ કરવામાં આવ્યો. જેના પર સંપૂર્ણ ચર્ચા વિચારણા અને ચિંતન મનન પછી **તે સમયના સંજોગોને લક્ષમાં રાખીને** આપણા ઉલમા તથા મુફ્તિયાને કિરામે એકમતિએ એ ફેંસલો બહાર પાડયો કે શેર માર્કેટમાં પૈસા રોકવા (ઈન્વેસ્ટ કરવા) અને શેર ખરીદવા નાજાઈઝ છે. નાજાઈઝ ઠરાવવાના પાયાનાં કારણો આ હતાં :

**(૧)** શેર માર્કેટમાં પ્રેફરન્સ શેર હોય છે કે જે શરઈ એતબારથી વ્યાજમય કરજ છે.

**(૨)** તેમજ એક કર્ઝે તમસ્સુકાત (બોન્ડ)નો મામલો પણ જોવા મળે છે (જેને બોન્ડ–Bond કહેવામાં આવે છે) અને એ પણ વ્યાજમય કરજ પર આધારિત હોય છે.

**(૩)** તેમજ એ વખતે દલાલો તરફથી બદદિયાનતી (અપ્રમાણિકતા) તથા ધોકાબાજી ખૂબ જ આમ હતી. જેથી શેર ખરીદવા તથા શેર માર્કેટમાં પૈસા ઈન્વેસ્ટ કરવામાં કેમ કે વ્યાજમય કરજ પર મદદ કરવું અને પોતાના માસૂમ માલને બર્બાદીના મુખમાં લઈ જવું હોવાથી તેને નાજાઈઝ ઠરાવ્યું હતું.

એ યાદ રાખશો કે જે શેર માર્કેટમાં જે ઈક્વિટી શેર હોય છે તે શરીઅતની રૂએ પાર્ટનરશીપ (ભાગીદારી)ની એક જાઈઝ સ્થિતિ છે, પરંતુ કેમ કે એમાં ઉપરોક્ત દર્શાવેલ ખરાબીઓ અમુક હદ સુધી જોવા મળતી હતી એના લીધે એનાથી પણ બચવાનો હુકમ આપવામાં આવ્યો. જેમ કે મજલિસે શરઈ મુબારકપુરના ફિક્હી સેમીનારનો ફેંસલો કાંઈક આ પ્રમાણે છે : "પ્રેફરન્સ શેરો" કરજની મૂડી છે જેના પર મળનારો નફો વ્યાજ છે. એટલા માટે એ "પ્રેફરન્સ શેરો" થકી મૂડી રોકાણ હરામ છે.

એ જ સ્થિતિ "બોન્ડ"માં પણ હોય છે એટલા માટે એના થકી પણ મૂડી રોકાણ હરામ છે.

"ઈક્વિટી (Equity) શેરો"ના થકી મૂડી રોકાણ "શિર્કતે ઈનાન" *(નફા નુકસાન બંનેમાં ભાગીદારીવાળી પાર્ટનરશીપ)* છે એના પર એકમતિ થઈ ગઈ.

"ઈક્વિટી શેર" થકી મૂડી રોકાણ ઉકૂદે ફાસિદા (નાજાઈઝ સોદાઓ) તથા વ્યાજના કારણે નાજાઈઝ છે.

*(મજલિસે શરઈકે ફૈસલે, જિલ્દ–૧, ફૈસલા–૨, પેજ : ૧૪૦ થી ૧૪૪)*

"શેર બાઝાર કે મસાઈલ"માં છે :–

"આવા માહોલમાં કંપની સાથે ભાગીદારી પોતાના માસૂમ માલને તબાહીના મુખમાં લઈ જવા સમાન છે અથવા કમસે કમ (તેની) નજીક છે તેમજ ફતહે બાબે મઅ્સિયત (ગુનાહોનો દરવાજો ખોલવું) પણ છે જે જાતે પોતે ખુદ નાજાઈઝ છે એટલા માટે સદ્દે બાબે મઅ્સિયત (ગુનાહોનો દરવાજો બંધ કરવાનો)નો હુકમ આપવામાં આવે.

*(શેર બાઝારકે મસાઈલ, પેજ–૧૮)*

પાછલાં કેટલાય વરસોથી શેર બજારમાં પૈસા ઈન્વેસ્ટ કરવાનો તથા શેર ખરીદવાનો મામલો ખૂબ જ અધિક પ્રમાણમાં વધી ગયો છે. જેમ કે ઘણા મુસલમાનો તરફથી સવાલો કરવામાં આવી રહ્યા છે. અધિક ખાસ કરીને હાલમાં પાછલા એક વરસથી શેર ખરીદવા અને શેર માર્કેટમાં પૈસાનું રોકાણ કરવાના બારામાં વારંવાર પૂછવામાં આવી રહ્યું છે. એટલા માટે મેં જરૂરી જાણ્યું કે શેર માર્કેટના વર્તમાન નીતિ નિયમો તથા મામલાઓ પર સંશોધન તથા વિચારણા કરીને એ માલૂમ કરવામાં આવે કે શું આજના દૌરમાં પણ તે ખરાબીઓ જોવા મળે છે જે પહેલાં જોવા મળતી હતી ? તેમજ શું શરીઅતના એતબારથી હવે શેર ખરીદવા તથા શેર માર્કેટમાં પૈસા રોકવા માટે કાંઈક ગુંજાઈશ નીકળી શકે છે ? કેમ કે જો ગુંજાઈશ હોય તો ખાસ સ્થિતિઓમાં રુખસદ આપવામાં આવે કે જેથી મુસલમાનોને બને ત્યાં સુધી ગુનાહ અને હરામકારીથી બચાવી શકાય. મેં કેટલાયે વિશ્વાસનીય ઝરીયાઓ થકી તેહક઼ીક઼ કરી જેનાથી મને આ વાતો જાણવા મળી.

(૧) આજકાલ શેર માર્કેટમાં મોટાભાગની કંપનીઓ એવી છે જેઓ પ્રેફરન્સ શેર નથી રાખતી. બલ્કે કેવળ ઈક્વિટી શેરો જ રાખે છે કે જો શેર હોલ્ડર ચાહે તો પહેલેથી જ એ સ્પષ્ટતા કરી આપે કે મારા પૈસાથી વ્યાજ અદા કરવામાં નહીં આવે.

(૩) તેમજ ગવર્નમેન્ટ તરફથી તેના નિયમો તથા કાયદાઓ પર પાબંદીથી અમલ કરાવવાના આધાર પર હવે શેર માર્કેટમાં અપ્રમાણિકતા તથા ધોકાબાજીનું પાસુ ઓછુ જોવા મળે છે, જ્યારે માણસ એના બારામાં જરૂરી માહિતી ધરાવતો હોય.

જેથી આ વાતોની રોશનીમાં મારા ઈલ્મના પ્રમાણે લોકોને ગુનાહ તથા હરામકારીથી બચાવવાના માટે **હવે અમુક શરતોની સાથે શેર માર્કેટમાં પૈસાનું રોકાણ કરવાની ઈજાઝત મળી શકે છે.** જે પણ મુસલમાન શેર ખરીદવા ચાહતો હોય તે પ્રથમ કંપનીના બારામાં સારી રીતે માહિતી હાંસલ કરી લે અને **આ સર્વ શરતોની અનિવાર્યપણે પાબંદી કરે, નહીં તો એ મામલો તેના માટે સખત હરામ થશે.**

શર્તો આ પ્રમાણે છે :

**(૧)** એવી કંપનીના શેર ખરીદે જે જાઈઝ કારોબાર અથવા (જાઈઝ) સર્વિસમાં પૈસા ઈન્વેસ્ટ કરતી હોય. હરામ કારોબાર જેમ કે શરાબ, સુવ્વરની લેણદેણ, ફિલ્મો, ડ્રામાઓ વગેરેમાં ઈન્વેસ્ટ ન કરતી હોય.

**(૨)** એવી કંપનીના એક્વિટી શેર ખરીદે જે પ્રેફરન્સ શેર અને બોન્ડ (Debenture)ન રાખતી હોય.

**(૩)** ઉપર બતાવેલ કંપનીઓમાં એટલા જ શેર ખરીદવામાં આવે જેટલા કેશ આપી તમે ડિલિવરીમાં બદલાવી પોતાના એકાઉન્ટમાં જમા કરાવી શકો.

**(૪)** જે કંપનીના શેર ખરીદવા ચાહે છે પ્રથમ તેની પ્રોફાઈલ (Profile), બેલેન્સ શીટ (Balance Sheet) વગેરેને સારી રીતે જોઈ લે જેનાથી એ સંતોષ પ્રાપ્ત થઈ જાય કે આપણા પૈસા નહીં ડૂબે.

ઈક્વિટી શેર (Equity Shares) ના થકી શેર બજારમાં ભાગીદારી કરવાનુ જાઈઝ હોવા પર કેટલીક ગવાહીઓ ઉપલબ્ધ થાય છે જેના સંપૂર્ણ જવાબો હુઝૂર સિરાજુલ ફુક઼હા મુહક્ક઼િક઼ે મસાઈલે જદીદા મુફતી નિઝામુદ્દીન સાહબ ક઼િબ્લા دامت برکاتہم એ પોતાની માયાનાઝ કિતાબ "શેર બાઝારકે મસાઈલ"માં આપ્યા છે. જેમાંથી ૨-૩ ગવાહીઓ અને તેના જવાબો હું અહીં વર્ણવવાનું યોગ્ય સમજુ છું જેથી મસ્અલાનો હુકમ સ્પષ્ટ થઈ જાય.

**બીજી શંકા અને તેનું નિવારણ :** કંપનીઓ પોતાના કારોબારમાં હિસ્સાઓથી ગેર મુન્સલિક઼ (ન જોડાયેલ) વ્યાજમય કરજનો પણ ઉપયોગ કરે છે જેના

વિવિધ સ્વરૂપો છે. દા.ત.

★ બેંકોથી હાંસલ કરવામાં આવતુ કરજ.

★ ડિબેન્ચર્સ જેને બોન્ડઝ પણ કહેવામાં આવે છે.

★ તરજીહી હિસસ (પ્રેફરન્સ શેર) એની હકીકત પણ વ્યજમય કરજની જ હોય છે જેમ કે એની તફસીલ વર્ણન થઈ ચૂકી છે.

હિસ્સાઓથી મુન્સલિક (જોડાયેલ) કરજ ખુદ હિસ્સાદાર અથવા ભાગીદારને આપવું પડે છે, એટલા માટે એને અખત્યાર હોય છે વ્યાજ પર કરજ ન આપે, પરંતું ડિવેન્ચર્સ (બોન્ડ્ઝ) કે પબ્લિક માટે જારી કરવું. પ્રેફરન્સ શેરો અને બેંકની લેવડમાં કંપનીના જે પાર્ટનર નથી તે વ્યાજ પર કરજ આપે છે.

અને કંપની એનાથી રૂપિયાનું રોકાણ કરે છે, આ વ્યાજની નાપાકીથી કોઈ પણ ભાગીદાર પોતે પોતાને કેવી રીતે મેહફૂઝ રાખી શકશે ?

બીજા શબ્દોમાં એ રીતે સમજો કે શિર્કતે ઈનાનમાં દરેક ભાગીદાર બીજાનો વકીલ અને ખુદ મુઅક્કિલ હોય છે. આ જ હાલ કંપનીના એ ભાગીદારોનો પણ હોય છે જેઓ શિર્કત ઈનાનની રીતે ભાગીદારી કરે છે. તેમનો છે. અલ્બત્ત જ્યારે આ ભાગીદારો રાયની અધિકતાથી ડાયરેકટરોની સમિતિ બનાવીને કંપનીની બાબતોની જિમ્મેદારી તેમને સોંપી દે છે, તો એ વકીલ નથી રહી જતા અને હવે વકીલ કેવળ ડાયરેકટરોની સમિતિ હોય છે. અને આ ભાગીદારો કેવળ મુવક્કિલ હોય છે. અને વકીલનું કાર્ય કેમ કે મુવક્કિલનું જ કાર્ય હોય છે એટલા માટે કંપનીનું વ્યાજમય કરજ લેવું ન કેવળ કંપનીનુ કાર્ય છે બલ્કે એના મુવક્કિલ એ ભાગીદારોનું પણ કાર્ય છે. એની જિમ્મેદારી બંનેવના માથે એકસરખી લાગુ પડે છે.

**નિવારણ :** (૧) જો એ કૌલ મુફતા બિહ (જેના પર ફત્વો આપવામાં આવે એવા) હોય કે એક ભાગીદાર જે કરજ લેશે તે બીજાના જિમ્મે પણ લાઝિમ થશે. તો પછી વર્ણવેલ શંકાઓનો ખરેખર કોઈ હલ નથી, એના સિવાય કે એ બતાવી દેવામાં આવે કે આ હુર્મત (હરામ હોવું) કેવળ ફેઅલ (કાર્ય) સુધી સીમિત છે, વેપાર તથા તેના નફામાં તેની કોઈ અસર નથી, એટલે કે કમાણી હલાલ થશે, રોજી હલાલ થશે, અલ્બત્ત ભાગીદાર બનવું જે એક કાર્ય છે તે હરામ તથા ગુનોહ થશે.

**નિવારણ :** (૨) આ ચર્ચા તનઝ્ઝુલ (સામેવાળાની વાત માનવામાં આવે એ) રૂપે એ તકદીર પર હતી કે શિર્કતે ઈનાનમાં કોઈપણ ભાગીદાર વેપાર માટે જે કરજ લેશે તે બીજા ભાગીદારનું પણ કરજ લેવું ઠરશે. અને તેની અદાયગી તેના જિમ્મે પણ લાઝિમ થશે.

પણ આ મઝહબના બે કથનોમાંથી એક કથન છે. અને એના બિલ્કુલ વિરૂધ્ધ મઝહબનુ એક અન્ય કથન એ છે કે ભાગીદારે પોતાના અન્ય ભાગીદારોની તરફથી કરજ લેવાનો કૃતઈ અખત્યાર નથી. અને આ જ કથન ઉસૂલે મઝહબના પ્રમાણે છે તો જો કે કંપની અથવા ડાયરેકટરોની સમિતિ ભાગીદારોની સામાન્ય વકીલ છે પરંતું આ સમાન્યપણામાં કરજ લેવું સામેલ નથી. જેમ કે ફતાવાએ કાઝીખાનમાં છે :–

وَإنْ وَ كَّلَ واحِدٌ منهما (أى من شريكئ العنان) صاحبَهٗ بالإستدانةِ لايصح الأمرُ، ولايملک الإستدانة علىٰ صَاحبهٖ-ويرجع المقرض عليه،لاعلىٰ صَاحبهٖ-لأنّ التوكيلَ بالإستدانة توكيلٌ بالاستقراض وَالتَّويكلُ بِالإستِقراضِ باطلٌ- لأنّهٗ توكيلٌ بالتكدّى اھ

"શિર્કતે ઈનાનના ભાગીદારોમાંથી એકે બીજાને કરજ લેવાનો વકીલ બનાવ્યો તો એ વકાલત સહીહ નથી અને તે વકીલ પોતાના કામના સાથી ભાગીદારના જિમ્મે કરજ લેવાનો માલિક નથી. અને કરજ

આપનાર તે જ વકીલથી કરજ પરત લેશે. તેના ભાગીદારને કરજ પરત લેવાનો હક્ક રહેશે નહીં. એટલા માટે કે દૈન લેવાનો વકીલ બનાવવું કરજ લેવાનો વકીલ છે. અને કરજ લેવાનો વકીલ બનાવવું બાતિલ છે. કેમ કે આ ભીખ માગવાના વકીલ બનાવવાની જેમ છે જે બાતિલ છે.

એ જ ફતાવા ક઼ાઝીખાનમાં બીજા ઠેકાણે છે :–

ولوأقرّ أحد الشريكين أنہٗ استقرض من فلان ألفًا لتجارتهما يلزمه خاصّة۔ وكذا لو أذن كل واحدٍ منهما لصاحبہٖ بالإستدانة عَليْه يلزمُہٗ خاصَّةً، حتى يكون للمُقرض أن يّأخذہٗ منه، وليس له أن يرجع علىٰ شريكہٖ لأنّ التويكل بالإستقراض باطلٌ فيستوى فيه الإذنُ وعدمُ الإذنِ اھ

"બે ભાગીદારોમાંથી એકે એ ઈકરાર કર્યો કે તેણે ભેગા વેપારના માટે ફલાણાથી હજાર રૂપિયા કરજ લીધા છે, એ કરજ ખાસ કરજ લેનારા પર લાઝિમ થશે. એ જ પ્રમાણે જો ભાગીદારોમાંથી દરેકે બીજાને પોતાના જિમ્મે કરજ લેવાની ઈજાઝત આપી દીધી હોય તો પણ કરજ ખાસ કરજ લેનારા પર જ લાઝિમ થશે. જેથી કરજ આપનાર પોતાના કરજદારથી કરજ વસૂલ કરશે. અને તેને એ ઈખ્તિયાર ન હશે કે કરજદારના ભાગીદારના મુઅક્કિલથી કરજ પરત લે. એટલા માટે કે કરજ લેવાનો વકીલ બનાવવું બાતિલ છે, જેથી ઈજાઝત હોવી કે ન હોવી બધું સમાન છે.

આ સર્વ લખાણોનો સાર એ છે કે કરજ લેવા માટે કોઈને વકીલ બનાવવો દુરુસ્ત નથી, જેથી જો કોઈ શરીક (ભાગીદાર) અથવા અજનબીએ બીજા ભાગીદાર અથવા અજનબીને આ કામના માટે વકીલ બનાવ્યો તો એ વકાલત બાતિલ થશે. વિશ્વસનીય કિતાબોમાં પણ આ સ્પષ્ટતા મૌજૂદ છે.

## ★ ફક઼ીહે ઈસ્લામનો ફત્વો ★

હવે અધિક મજબૂતીના માટે ઈસ્લામી જગતના અજોડ ફક઼ીહ ઈમામ અહમદ રઝા عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُના ફત્વાનું એક લખાણ જોઈ લો :

ઝયદે પોતાના નોકરને કહ્યું કે પચાસ રૂપિયા મને કોઈની પાસેથી કરજ લાવી દે. નોકર એક મહાજનથી પચાસ રૂપિયા કરજ લાવ્યો. આ બનાવ વર્ણવીને આપનાથી અમુક સવાલો પૂછવામાં આવ્યા જેનો જવાબ આપતાં આપે લખ્યું છે :

પૂછવામાં આવેલ સ્થિતિમાં જો નોકરે આ પ્રમાણે કરજ માગ્યું હતું કે, મારા માલિકને પચાસ રૂપિયાની જરૂરત છે. મને કરજ આપો. અથવા મારા માલિકના માટે મને પચાસ રૂપિયા કરજ આપો તો મહાજનનું કરજ નોકરના જિમ્મે રહેશે. રદ્દુલ મુહતારમાં છે :

(જામિઅતુલ ફુસૂલૈનમાં છે કે એક શખ્સને કરજ લેવા માટે કોઈની પાસે મોકલ્યો. તેણે તેને કરજ આપી દીધું પણ તે તેના કબજામાં વેડફાય ગયું. હવે જો તેણે આ પ્રમાણે કરજ માગ્યુ હતું કે મને મોકલનારના માટે કરજ આપી દો. તો એ જ સંદેશવાહક તેનું તાવાન (બદલો) આપશે. સારાંશ કે કરજ આપવા માટે વકીલ બનાવવો દુરુસ્ત છે પણ કરજ લેવા માટે વકીલ બનાવવો દુરુસ્ત નથી. અને જો કરજ લેવાના વકીલે વકીલની હૈસિયતથી પોતાના તરફ કરજની નિસ્બત કરીને કહ્યું કે, "મને કરજ આપો" તો પણ કરજનો માલિક વકીલ જ રહેશે. અને તે પોતાના મુવક્કિલને એ માલ કરજ લેવાથી રોકી શકે છે.

قلتُ:وقالوا: إنمالم يصحّ التويكل بالإستقراض لأنّہٗ تويكلٌ بالتكدّى، وهو لايصحّ۔

હું કહું છું : કે ફુક઼હાએ કિરામ ફર્માવે છે કે કરજ લેવા માટે વકીલ બનાવવો એટલા માટે સહીહ નથી કે એ અતિયો (ભેટ) માગવા માટે વકીલ બનાવવું છે જે સહીહ નથી હોતું.

قلتُ:ووجُهُهٗ أنّ القرض صلةٌّ وتبرّع إبتداءً فيقع للمستقرض إذلاتصحّ النيابة فی ذلک فهونوعٌ من التکدّی بمعنی الشِّحَاذة۔ هٰذاماظهرلی۔

''હું કહું છું કે એનું કારણ એ છે કે કરજ શરૂઆતમાં એહસાન તથા બખ્શવું છે, જેથી માલિક કરજ લેનારો થશે. કેમ કે એમાં નાયબપણુ દુરુસ્ત નથી કે એ એક રીતે અતિયા તથા ભીખ માગવું છે. (મારા પર આ જ જાહેર થયું. નિ.)

આ સ્થિતિમાં એ રૂપિયા હકીકતમાં એ (નોકર)ની માલિકીમાં થઈ ચૂક્યા હતા... છેવટ સુધી. *(ફતાવા રઝવિય્યહ, ૭/૨, સુન્ની દારુલ ઈશાઅત–મુબારકપુર)*

ફકીહે ઈસ્લામના ફત્વાના આ લખાણથી આ બાબતો ઉઘાડી થઈને સામે આવી :

**(અ)** કરજ લેવા માટે કોઈને વકીલ બનાવવો સહીહ નથી, બાતિલ છે.

**(બ)** વકીલે જો કરજ લઈ લીધું તો તેનો માલિક ખુદ તે જ થશે, જેથી તેને અખત્યાર હાંસલ હશે કે તે માલ પોતાના મુતવક્કિલને ન આપે.

**(ક)** અને તે કરજનો માલ વકીલ પાસેથી નષ્ટ થઈ ગયો તો તેનો જામિન પણ ખુદ વકીલ જ રહેશે.

સારાંશ કે જ્યારે આ પ્રકરણમાં સહીહ કૌલ, રાજેહ, મુખ્તાર લિલ્ફતવા એ જ છે કે કોઈ પણ શરીક (ભાગીદાર)ને પોતાના શિર્કતે ઈનાનના ભાગીદારોની તરફથી વકીલની હૈસિયતથી કરજ લેવાનો અખત્યાર નથી. અને જો લેશે તો તેનો જિમ્મેદાર એકલો તે જ રહેશે.

જેથી વ્યાજમય કરજ લેવા પછી તેને વ્યાજ સાથે અદા કરવાનો ગુનોહ કેવળ તેના પર જ થશે. અને બાકીના ભાગીદારો આ ગુનાહની નાપાકીથી સંપૂર્ણપણે પાક સાફ રહેશે.

આ ચર્ચાના બારામાં જ્યારે આપણે કંપનીનો સંયુક્ત વેપાર અને ભાગીદારીના માલમાં આયોજનકર્તા ભાગીદારોના તરફથી વ્યાજમય કરજના મિશ્રણનું હકીકત પસંદાના નિરીક્ષણ કરીએ છીએ તો એ વાત ઉઘાડી થઈને સામે આવી જાય છે કે કંપનીના બરાબરના હિસ્સાઓમાં ભાગીદારી જાઈઝ તથા દુરુસ્ત છે, અને આ ભેગા વેપારથી જે કાંઈ નફો હાંસલ થશે તે સૌ હલાલ તથા પાક છે, કેમ કે ગૈર આયોજક ભાગીદારો વ્યાજમય કરજની લા'નતથી મેહફૂઝ તથા પાક સાફ છે.

**ત્રીજા શંકા અને તેનું નિવારણ :** કંપનીનો એક નિયમ એ છે કે તે જરૂરતના સમયે વ્યાજમય કરજ લઈ શકે છે, બલ્કે તે વિવિધ નામોથી એ કરજ લઈને વેપારમાં લગાડે પણ છે. જાહેર છે કે જે શખ્સ પણ કંપનીના ઈક્વિટી શેર લે છે તે ઉર્ફની રીતે તથા કાનૂની રીતે એ નિયમનો પાબંદ હોય છે. બીજા શબ્દોમાં એના માટે રાજી હોય છે કે કંપની વ્યાજમય કરજ લઈ શકે છે. પછી એ વ્યાજમય કરજથી કાંઈ નફો થાય છે તેમાંથી કાંઈક તેને પણ મળે છે, તો ઈક્વિટી લેનાર પણ હકીકતમાં વ્યાજ લેનાર તથા લેવા પર રાજી થઈને ભાગીદાર બને છે અને એ જો કે નાજાઈઝ તથા ગુનોહ છે.

નિવારણ તથા હલ એ છે કે શેર હોલ્ડર શેર લેતી વખતે સાફ સાફ એવું કહી આપે કે અમો કંપનીના વ્યાજમય કારોબારથી રાજી નથી, બલ્કે સર્ટિફિકેટ પર તેને લખી પણ આપે.

وَاللّٰهُ يَعْلَمُ الْمُفْسِدَ مِنَ الْمُصْلِحِ۔وَالصَّرِيْحُ يفوقُ الدلالة

(''અને બગાડનારાને સારી રીતે જાણે છે.'' સૂ. *બકરહ, ૨/૨૨૦)* સ્પષ્ટ વાત ઈશારામય વાત કરતાં અધિક વજન ધરાવે છે.

અને એ બાબત તો પહેલાં જ સ્પષ્ટ કરી દેવામાં આવી છે કે વ્યાજમય શર્ત પર કરજ લઈને જે વેપારના

માલમાં સામેલ કરવામાં આવે છે તે માલ પોતાની જાતના લેહાઝથી ખરાબી તથા ખુબ્ષથી પાક છે. કેમ કે તે પોતે કાંઈ વ્યાજ કે લાંચ કે નાહક્ માલ નથી.

જેથી ભાગીદારીની મૂડીની જેમ કરજની ભાગીદારીથી પણ વેપાર હલાલ છે સાથોસાથ તેનાથી હાંસલ થનારો નફો પણ હલાલ છે.

**ચોથી શંકા** : એ બરાબર છે કે મુખ્તાર મઝહબ પર કંપનીના આમ (સામાન્ય) ભાગીદારો આયોજકોના લીધેલા કરજથી સંબંધ નથી ધરાવતા, પરંતું ખુદ કંપનીનો કાનૂન ભાગીદારો પર કરજનો ભાર નાખે છે એ જ કારણે એ સંયુક્ત કરજ મૂડી વડે અદા કરવામાં આવે છે, જેવું કે ખુદ કંપનીના બંધારણમાં એ સ્પષ્ટતા છે :

★ એ તરીકો જેનાથી કંપની ખત્મ કરવામાં આવે છે અને તેના સામાનો રોકડમાં ફેરવીને તેને કરજદારોને આપવામાં આવે છે તેને કંપનીનો ખાત્મો કહે છે. કંપનીનો ખાત્મો ત્રણ પધ્ધતિઓથી થઈ શકે છે. *(જદીદ તરીકએ તિજારત)*

★ સ્પષ્ટ વાત ઈશારામય વાત કરતાં અધિક વજન ધરાવે છે.

★ કંપનીના ખાત્માની ત્રણેવ પધ્ધતિઓમાં હુકૂમતની તરફથી એક ઓફિસર નિયુક્ત કરવામાં આવે છે, જેને લિક્વિડેટર (**Liquidator** (એટલે દેવુ ચૂકવણી અધિકારી) કહે છે. નિયુક્તિ એટલા માટે કરવામાં આવે છે કે તે કંપનીના માલ સામાનો અને જાયદાદને વેચી કાઢે અને જે મળે તેને કરજ માગનારાઓના કરજાઓ ઉતારવા માટે વાપરે. અને જો કોઈ રકમ બચે તો તેને ભાગીદારોમાં વહેંચી આપે. *(જદીદ તરીકએ તિજારત, ૧/૨૨૪)*

આ લખાણોથી સાફ જાહેર છે કે કંપનીના ખાત્માની સ્થિતિમાં કરજાની અદાયગી સંયુક્ત જાયદાદ તથા સામાનો વડે થાય છે અને ખાત્માથી પહેલાં પણ આયોજક સમિતિ પોતાનો અંગત સામાન કરજ ચૂકવવા માટે નથી વાપરતી બલ્કે એ તે જ સંયુક્ત માલનો ઉપયોગ કરે છે.

તો કંપનીના આ કાનૂનને લક્ષમાં રાખીને સર્વ ભાગીદારો આપસમાં એક બીજાના કફીલ થયા. કેમ કે એ ભાગીદારો કંપનીના બંધારણના પાબંદ છે અને એ જ પાબંદીનું નામ કફાલત છે. જેથી કફીલ હોવાની દષ્ટિથી દરેક ભાગીદાર આયોજક સમિતિના માટે થયેલ કરજાના જિમ્મેદાર છે, તો વ્યાજની ખરાબીથી કોણ બચ્યું ?!

**નિવારણ** : કંપનીનુ એ બંધારણ એના સ્થાને, પરંતું તે ભાગીદારોની આપસની કફાલતને લાગુ થતુ નથી. કેમ કે કંપનીનું બંધારણ વારંવાર સ્પષ્ટ શબ્દોમાં એ એલાન કરે છે કે કોઈ પણ ભાગીદારની જિમ્મેદારી તેના ખરીદેલા હિસ્સા સુધી સીમિત છે અને તેના જિમ્મે કેવળ એટલી જ રકમની અદાયગી લાઝિમ છે જેટલી રકમનું શેર સર્ટિફિકેટ તેણે લીધુ છે, અને બસ તેના સિવાય તેને કંપનીના કોઈ પણ કરજ સાથે કોઈ લેવા દેવા નથી. જેમ કે નીચેનું લખાણ એનું સાક્ષી છે :

★ "સીમિત હિસ્સાવાળી કંપનીઓથી મુરાદ તે કંપનીઓ છે જેમની મૂડી વિવિધ હિસ્સોમાં વહેંચાય છે અને દરેક હિસ્સાદારની જિમ્મેદારી તેના થકી ખરીદેલ હિસ્સાઓ સુધી જ સીમિત રહે છે.

એટલે જો કોઈની પાસે કંપનીના દસ રૂપિયાવાળા દસ હિસ્સા છે તો તે કંપનીના નુકસાનની સ્થિતિમાં કેવળ તે જ દસ હિસ્સાઓ એટલે એકસો રૂપિયાનો જિમ્મેદાર હોય છે. જો તેણે પોતાના હિસ્સાની પૂરી વાજિબ રકમ આપી દીધી છે તો કંપની તેનાથી અધિક કોઈ રકમની માગણી નથી કરી શકતી. આજકાલ આ કંપનીઓ ઘણી લોકપ્રિય છે."
*(જદીદ તરીકએ તિજારત વ તન્ઝીમે તિજારત, ૧/૧૫૨)*

''મેમ્બરોની જિમ્મેદારી કેવળ એ હિસ્સાઓની રકમ સુધી સીમિત હોય છે, આ હદ પછી તેમના પર કોઈ પ્રકારની જિમ્મેદારી લાગુ થતી નથી. અને ન તો તેમનાથી કંપનીના વાજિબોના અદાયગીના બારામાં કોઈ માગણી કરી શકાય છે.'' *(જદીદ તરીકૂએ તિજારત વ તન્ઝીમે તિજારત, ૧/૧૭૩)*

જ્યારે સર્વ ભાગીદારો પોત પોતાનો હિસ્સો જમા કરીને અલિપ્ત થઈ ગયા તો તેમના જિમ્મે કરજની અદાયગીની જિમ્મેદારી ક્યાંથી આવી જેને કફાલત કહેવામાં આવી શકે. કફાલત નામ છે : ضَمُّ الذِّمةِ إِلى الذِمَّةِ فِي المُطَالَبَةِ નું એટલે એક વ્યક્તિ કે એક સંસ્થા પર જે માગણી છે તેને પોતાના જિમ્મે પણ લઈ લેવું.

*(હિદાયહ, ૩/૯૫, અવ્વલ કિતબુલ કિફાયહ, રશીદિયહ)*

શક્ય છે કોઈ સ્થિતિ એવી હોય કે કંપનીના નુકસાન છતાં કરજ લેનારાઓને વ્યાજ પણ અદા કરવામાં આવતુ હોય તો તેનાથી બચવાની રાહ એ છે કે મુસ્લિમ શેરદારો કંપનીમાં ભાગીદારી વખતે જ એ સ્પષ્ટતા કરી દે કે નુકસાનથી ભેટવાના સમયે મારી મૂડી કેવળ કરજની અદાયગીના માટે ખર્ચ થઈ શકે છે, વ્યાજની અદાયગી સાથે મારે લેવા દેવા રહેશે નહીં. હું એનાથી બેઝાર છું.

આ સ્પષ્ટતાના કારણે એ વ્યાજના વબાલથી મેહફૂઝ રહેશે. કંપનીમાં બહુમતી ગૈર મુસ્લિમોની છે તો વ્યાજનો બોજ કરજ સાથે તેમના માથે રહેશે અને મુસ્લિમ શેર ધારકો પર કેવળ અસલ કરજનો થોડોક બોજો રહેશે.

અહીં એ વિચારવામાં ન આવે કે જ્યારે સર્વ ભાગીદારોનો હિસ્સો બધી જ મૂડીઓમાં સંયુક્ત રીતે ફેલાયેલ છે તો પછી આ તફાવત કેવી રીતે શક્ય બનશે ? કેમ કે મુસ્લિમના કાર્યને હુર્મત (હરામ હોવા)થી તથા ખરાબીથી બચાવવાના માટે આ રીતનો તફાવત ખુદ શરીઅતે જાઈઝ રાખેલ છે જેનાં અમુક દષ્ટાંતો અગાઉ વર્ણન થઈ ચૂકેલ છે. એક દષ્ટાંત અહીં પણ જોઈ લો :

ચાંદીના રૂપિયામાં ખોટ (મિલાવટ) વધારે હોય અને ચાંદી ઓછી, રૂપિયો પોતાના જ જેવા બીજા બે રૂપિયાના બદલામાં વેચવામાં આવ્યો તો ખરીદ વેચાણ નાજાઈઝ તથા હરામ હોવું જોઈએ, કે ચાંદીનો સોદો ચાંદીના બદલામાં વધઘટ સાથે થયો જે રસૂલે પાક صلی اللہ علیہ وسلمના આદેશ : والفضلُ ربا, ના મુજબ વ્યાજ છે. પરંતુ ફક઼ીહો એને આ ખુલાસા સાથે જાઈઝ ઠરાવે છે કે એક રૂપિયાની ખોટ (મિલાવટ)ને બીજા રૂપિયાની ચાંદીની સરખામણીમાં માની લેવામાં આવે તો એ ચાંદીનો સોદો ખોટના બદલામાં થશે, જ્યારે કે ચાંદી ખોટના એક એક અંશમાં પ્રવેશ કરે છે. હિદાયાતમાં છે :

فإن بيعت (الدراهم التى غشها غالب) بجنسها متفاضلًا جاز، صرفًا للجنس الىٰ خلاف الجنس۔ فهى فى حكم شيئين، فضة، وصُفرٍ اه

''આ નિવારણ થકી મુસ્લિમ શેર હોલ્ડર વ્યાજના વબાલથી મેહફૂઝ રહેશે.''

*(૨/૯૩, કિતાબુસ્સરફ)*

***

## મ્યુચ્યુઅલ ફંડનો શરઈ હુકમ

મ્યુચ્યુઅલ ફંડવાળા સામાન્યતઃ પૈસા શેર બજારમાં લગાડે છે તો એના બારામાં પણ એ જ હુકમ રહેશે કે જે કંપનીઓના ઉપરોક્ત વર્ણવેલ શર્તો સાથે શેર ખરીદવાની ઈજાઝત છે તો જે મ્યુચ્યુઅલ ફંડવાળા એવી કંપનીઓમાં મ્યુચ્યુઅલ ફંડવાળા પૈસા લગાડતા હોય છે કેવળ તેમની જ સાથે કારોબારની ઈજાઝત રહેશે.

## ● શાદી મુબારક ●

- **બોલ્ટન** : યુ.કે ખાતે ફારૂક કડુજી નબીપુરવાળા (તંત્રી બરકાતે ખ્વાજા માસિકના સાળા)ની નેક દુખ્તર સાલિહાના નિકાહ સમીર હાજી ઈબ્રાહીમ બચ્ચા (ટંકારીઆવાળા)ના નેક ફરઝંદ આદિલના નિકાહ તા. ૬–૧૧–૨૦૨૧ શનિવારના રોજ રાખવામાં આવ્યા. દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનોને મુબારકબાદ ! *–તંત્રી.*
- **અટાલી** : (તા. વાગરા) ખાતે જનાબ યૂનુસ વલી પટેલના નેક ફરઝંદ વકારના નિકાહ તા. ૧૪–૧૧–૨૦૨૧ રવિવારે ઝહોર બાદ લીમડી મુકામે યૂસુફભાઈ ઈસ્માઈલભાઈ પટેલ (સરપંચ)ની નેક દુખ્તર સમીરા સાથે રાખવામાં આવ્યા. દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનોને મુબારકબાદ ! *–તંત્રી.*
- **સુતરેલમાં મેહફિલે નઅત** : સુતરેલ (તા. વાગરા) મુકામે પટેલ મુશ્તાક મૂસા વલીના નેક ફરઝંદ "મુનવ્વર"ના નિકાહ મર્હૂમ ઈકબાલ ઈસ્માઈલ (રાહડપોર)ની નેક દુખ્તર "રોઝમીના" સાથે તા. ૧–૧૧–૨૦૨૧, ૨૬ રબીઉલ આખર, હિ.સ. ૧૪૪૩ સોમવારે ઝહોર બાદ રાખવામાં આવ્યા. જે નિમિત્તે "મેહફિલે નઅતે પાક"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દારુલ ઉલૂમ ગુલશને અજમેર (ભરૂચ)ના અસાતેઝા તથા વિવિધ ઉલમા, અઈમ્માએ હાજરી આપી હતી. તંત્રી બરકાતે ખ્વાજા માસિકએ પણ હાજરી આપી હતી. ઝહોર બાદ મૌલાના હુસૈન નજમી (સદરુલ મુદર્રિસીન દારુલ ઉલૂમ ગુલશને અજમેર)એ તિલાવતે કુર્આન તથા નઅતે પાકના ગુલદસ્તા પેશ કર્યા. બાદમાં મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ દાંપત્ય જીવનને અનુલક્ષીને ઈમાન અફરોઝ, બયાન કર્યું. છેવટમાં બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ કસીદા બુર્દાથી શરૂઆત કરી નઅતોના ગુલદસ્તા પેશ કર્યા હતા, સાથે સાથે પોતાના આગવા અંદાઝમાં મજમાની અમલી ઈસ્લાહ માટે બયાન પણ કર્યું હતું. છેવટમાં સેહરો પઢીને શાદીના માહોલને ખુશગવાર બનાવ્યો હતો. છેવટમાં નિકાહની રસમ અદા કરી હતી. સલાતો સલામ બાદ પ્રોગ્રામ પૂર્ણ થયો હતો. તા. ૧૪–૧૧–૨૦૨૧ના રોજ સુતરેલ ખાતે વલીમો કરવામાં આવ્યો હતો. દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનોને મુબારકબાદ ! *–તંત્રી.*

## ★ દયાદરામાં મીલાદુન્નબી ﷺના જલસાઓ ★

**દયાદરા** : ખાતે મીલાદુન્નબી ﷺ નિમિત્તે ચાંદ ૧ થી ૧૨ સુધી ઈશા બાદ મસ્જિદમાં દુરૂદ શરીફની મેહફિલ બાદ ખત્મે યાસીન શરીફ રાખવામાં આવેલ. તેમજ ચાંદ ૭ થી ૧૦ સુધી ઈશા બાદ મૌલાના તૌસીફ રઝા હલદરવીએ શાને રિસાલતમાં શાનદાર બયાનો કર્યા અને ૧૧મા ચાંદે રાત્રે ઈશા બાદ મોટા ચકલા પર "જશ્ને મીલાદુન્નબી ﷺ" મનાવાયો જેમાં હઝરત મુફતી સાબિર નજમી મિસ્બાહીએ મીલાદ શરીફના હવાલાથી શાનદાર બયાન કર્યું હતું. ૧૨ મી રાતે ઈશા બાદ મોટા ચકલા પર જનાબ કારી મકસૂદ કાવીવાળા (પેશ ઈમામ સાહબ)એ નઅતે પાક તથા મન્કબતો પેશ કરી હતી અને ૧૨મીની સવારે મીલાદ શરીફનું જુલૂસ ગામમાં ફેરી બાદ મસ્જિદમાં હઝરત મુફતી સાબિર નજમી મિસ્બાહી સાહબના શાનદાર બયાન બાદ બાલ મુબારકની ઝિયારત કરાવવામાં આવી ત્યારબાદ અકુજી હોલમાં આમ ન્યાઝ જમાડવામાં આવી.

## જંબુસરમાં શાદી પ્રસંગે સુન્ની ઈજતેમા

તા. ૩–૧૧–૨૦૨૧ બુધવારના રોજ ઈશા બાદ જંબુસર મુકામે જનાબ મલેક અબ્દુલમજીદ સાહબના નેક ફરઝંદો કારી મુઝફફર સાહબ તથા તેમના ભાઈ મુહમ્મદ મિન્હાજની શાદીના પ્રસંગે શાદીની ખુશીમાં બરકતના માટે સુન્ની દાવતે ઈસ્લામીના સુન્ની ઈજતેમાનું આયોજન કરવામાં આવ્યું જેમાં મૌલાના મુબારક સાબરી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ શાનદાર રીતે નિઝામત સંભાળી હતી. ખુસૂસી મહેમાન તરીકે અમીરે સુન્ની દાવતે ઈસ્લામી મૌલાના મુહમ્મદ શાકિર નૂરી તશરીફ લાવ્યા હતા. નઅતે પાકના ગુલદસ્તા જનાબ હાફિઝ મુહમ્મદ ઈસ્માઈલ સાહબે પેશ કર્યા. મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ પતિ પત્નીના હક્કો સંબંધે બોધદાયક અસરકારક બયાન કર્યું. છેવટમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ ખૂબ જ અનોખા અંદાઝમાં પતિ પત્ની વચ્ચે સુમેળભર્યો સંબંધ કઈ રીતે સલામત રહી શકે, એના માટે શું કરવું જોઈએ, એના સંબંધે ખૂબ જ બોધદાયક બયાન કર્યું હતું.

## દયાદરામાં ૧૧મી શરીફ નિમિત્તે વિવિધ પ્રોગ્રામો

ગૌષ પાક સરકારે બગદાદ શયખ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہની ૧૧મી શરીફ નિમિત્તે દયાદરા મુખ્તારુલ મસાજિદ ઉર્ફે નૂરાની મસ્જિદમાં ૧ ચાંદ (રબીઉલ આખર હિ.સ. ૧૪૪૩)થી ૧૧મા ચાંદ સુધી રોજ રાત્રે ઈશા બાદ મેહફિલે દુરૂદ, ખત્મે યાસીન શરીફનું આયોજન કરેલ. અને ચાંદ ૮ અને ૯ રાત્રે ઈશા બાદ મસ્જિદમાં હઝરત મૌલાના મુફતી તૌસીફ રઝા હલદરવી સાહબે શાને ગૌષુલવરામાં બયાનો કર્યા. ૧૦ મા ચાંદે રાતે મોટા ચકલા પર "મેહફિલે નઅતો મન્કબત"નો શાનદાર થયો જેમાં જનાબ કારી મકસૂદ સાહબની નિઝામત હેઠળ, મદ્રસાએ મઝાહેરુલ ઉલૂમ–દયાદરાના ૧૧ તલબાએ નઅતો મન્કબત પેશ કરી હતી. દરેક નઅતખ્વાંને પ્રોત્સાહક ઈનામ જનાબ હાફિઝ સાદિક બાજીભાઈ, મોટલી સુહેલ હાફેજી, ઈકબાલ ચોકવાલા, પટેલ શબ્બીર અલી રઝવીના હસ્તે આપવામાં આવેલ. અને ૧૧ મી શરીફની મંગળવારે ઈશા બાદ મોટા ચકલા પર "જશ્ને ગૌષે આ'ઝમ رضی اللہ عنہ મનાવાયો જેમાં મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ ગૌષ પાક رضی اللہ عنہના મહાન મર્તબા વિશે તફસીલી બયાન કરી ફયઝાને ગૌષિયાથી મજમાને ફયઝયાબ કર્યો હતો. ૧૧મીની સવારે બુધવારે ૮ વાગે જુલૂસે ગૌષિયા દર વર્ષની જેમ મદ્રસા મઝાહેરુલ ઉલૂમથી શરૂ થયું તે ગામ ફેરી નઅત મન્કબતની ગુંજમાં ફરીને નવ વાગ્યે મસ્જિદે પહોંચ્યું. હઝરત સૈયદ ફરીદબાવા સાહબની સદારતમાં કારી મકસૂદ સાહબે નઅત મન્કબત પેશ કરી બાદમાં મૌલાના ઝહીર મિસ્બાહીએ સર્વ સિલસિલાઓમાં ગૌષ પાક رضی اللہ عنہનો ફયઝ કઈ રીતે જારી છે એ વિશે ઈલ્મી રૂહાની ઈમાન અફરોઝ બયાન કર્યું જેમાં સાથે સાથે ખારજીઓ, રાફજીઓ રદ પણ કરી હતી. બાદમાં અદબભેર ગૌષ પાક رضی اللہ عنہના બાલ મુબારકની ઝિયારત કરાવવામાં આવી હતી. અકુજી કોમ્યુનીટી હોલમાં આમ નિયાઝ જમાડવામાં આવી.

## અલ્હાજ કારી રિઝવાન સાહબનો દૌરએ ગુજરાત

તા. ૩૧–૧૦–૨૦૨૧ રવિવારના રોજ નરસંડા (તા. આણંદ) ખાતે ''જશ્ને મીલાદ શરીફ''નું ભવ્ય આયોજન દર વરસની જેમ ચાલુ વરસે પણ કરવામાં આવ્યું જેમાં વિવિધ સાદાતે કિરામ, ઉલમાએ એઝામની સાથોસાથ આ વરસે બુલબુલે બાગે મદીના હઝરત અલ્હાજ કારી રિઝવાન સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી, પ્રિન્સિપાલ હાશમિયા સ્કૂલ–મુંબઈ) ખાસ મહેમાન તરીકે તશરીફ લાવ્યા હતા. સવારે નવ વાગ્યાથી દસ વાગ્યા સુધી આપે કસીદા બુર્દા શરીફ તથા નઅતોના ગુલદસ્તા પેશ કરી હાજરજનોને ફયઝયાબ કર્યા હતા અને મેહફિલમાં રોનક લાવી દીધી હતી.

ત્યાર બાદ હઝરત કિબ્લા કારી સાહબ તથા આપની સાથે જનાબ મૂસા મસ્તાન (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ હાડગુડ (આણંદ) મુકામે બપોર પછી હાજરી આપી જ્યાં સુન્ની દાવતે ઈસ્લામીના ''ઉમ્મીદ''ગૃપ દ્વારા ''કેરીયર ગાઈડન્સ''ની સાથે શિક્ષણ તેમજ સમાજ સુધારણા અર્થે શિબિર સુન્ની દા'વતે ઈસ્લામી હાડગુડના કાર્યકર્તાઓ થકી યોજાઈ, જેમાં ડોક્ટરો, એંજિનિયરો તથા અન્ય એજ્યુકેટેડ વર્ગે ખાસ હાજરી આપી હતી, અલ્હાજ કારી રિઝવાન સાહબે કુર્આન શરીફની આયતો દ્વારા વિજ્ઞાનનાં વિવિધ પાસાંઓની સમજ આપી હતી. સદર શિબિરમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી (મુંબઈ) જનાબ મુહમ્મદ મૂસા મસ્તાન નૂરી (કેમિકલ એંજિનિયર, BPLC), જનાબ ફૈઝુમિયાં મલેક (પ્રોફેસર GCET કોલેજ), જનાબ ડો. મુહમ્મદ ઝૈદ પટેલ, જનાબ અતીક મલેક (ONGC અધિકારી) વગેરે મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

હાડગુડ જામા મસ્જિદ ખાતે ઈશા બાદ મેહફિલે નઅતનું આયોજન થયું હતું જેમાં હઝરત કારી સાહબે મેહફિલમાં રૂહાની રંગત ભરી દીધી હતી. હાડગુડના સુન્ની દાવતે ઈસ્લામીના મુબલ્લિગો જનાબ સૈયદ અબ્દુર્રઉફ સાહબ તેમજ જનાબ સૈયદ હિદાયત તથા સાથીઓએ સારી મહેનત આ આયોજનમાં કરી હતી. ત્યારબાદ હઝરત કિબ્લા કારી સાહબે બીજા દિવસે દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ હાજરી આપી તલબાની પોતાના આગવા અંદાઝમાં તા. ૧–૧૧–૨૦૨૧ સોમવારે દિવસના ૧૧ વાગ્યાથી ૧૨:૩૦ વાગ્યા સુધી કરી હતી તથા નઅતો પેશ કરી હતી. ત્યારબાદ સૂતરેલ નિકાહની મેહફિલમાં હાજરી આપવા રવાના થયા હતા.

## કારી રિયાઝુદ્દીન અશરફી થકી નઅતની મેહફિલો

**ઉમલ્લા** : ખાતે ગૌષ પાક رضی اللہ عنہની ૧૧મી શરીફની મુબારક રાત્રે તા. ૧૬–૧૧–૨૦૨૧ મંગળવારે ઈશા બાદ મર્હૂમ ઈબ્રાહીમ ખત્રીના નેક ફરઝંદ નબીલની શાદી મુબારક નિમિત્તે રાતે ઈશા બાદ ''મેહફિલે નઅત''નું આયોજન કરવામાં આવેલ જેમાં બુલબુલે બાગે મદીના કારી રિયાઝુદ્દીન અશરફી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ પોતાના નિરાલા અંદાઝમાં નઅતોના ગુલદસ્તા, મન્કબતો પેશ કરી હતી. છેવટમાં દુલ્હા માટે સેહરો પઢીને વાતાવરણને ખુશ્નુમા કરી આપ્યું હતું. હઝરત સૈયદ સુબ્હાની બાપુ રાજપીપળાવાળાની સદારતમાં મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી, મૌલાના ઈમરાન રઝા દયાદરવી, મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલી, હાફિઝ મુહમ્મદ સજ્જાદ પટેલ તેમજ અન્ય ઉલમા, સાદાત, હુફ્ફાઝ, અઈમ્મા હઝરાતે ખાસ હાજરી આપી હતી. તા. ૧૮–૧૧–૨૦૨૧ જુમેરાતે નબીલના નિકાહ હઝરત મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલવાળા સાહબે પઢાવ્યા હતા જેમાં મૌલાના ઈમરાન રઝા દયાદરવી સેહરો પઢયા હતા. તા. ૧૭–૧૧–૨૦૨૧ બુધવારે રાત્રે **કેરવાડા** : મુકામે હાફિઝ સૈયદ આસિફ બાપુની સદારતમાં ''મેહફિલે નઅતો મન્કબત''નો શાનદાર પ્રોગ્રામ થયો જેમાં કારી સાહબે નઅતો મન્કબતો પેશ કરી હાજરીનના દિલોને ખીલવી દીધાં હતાં.

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

- **લંડન** : મુકામે જનાબ બાદશાહ (યાકૂબ) આદમ મૂસા કડુજી નબીપુરવાળાનાં અહલિયા ઝુલેખાં (તંત્રી : બરકાતે ખ્વાજા માસિકના મામી)નો તા. ૩૦–૧૦–૨૦૨૧, ૦૫ રબીઉલ આખર, હિ.સ. ૧૪૪૩ જુમ્આના રોજ ઈન્તેકાલ થયો છે. اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیْہِ رَاجِعُوْن મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમાની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે અને ઘરવાળાંઓને સબ્રે જમીલ અતા કરે. (આમીન)
- **હલદરવા** : મુકામે મેહમૂદા દાઊદ ભાયજીનો તા. ૧૫–૧૧–૨૦૨૧, ૧૦ રબી. આખર હિ.સ. ૧૪૪૩ સોમવારના રોજ ઈન્તેકાલ થયો છે.
- **સરથાણ** : (તા. અંકલેશ્વર)થી જનાબ મુશ્તાક અહમદ ગુલાબ શેખ જણાવે છે કે તા. ૨૦–૧૦–૨૦૨૧, ૧૩, રબી. અવ્વલ, હિ.સ. ૧૪૪૩ બુધવારે તેમના ભાઈ મુહમ્મદ ફારૂકનો ઈન્તેકાલ થયો તેમજ તા. ૧૦–૧૧–૨૦૨૧, ૪ રબી. આખર હિ.સ. ૧૪૪૩, બુધવારના રોજ તેમના વાલિદ સાહબ મર્હૂમ હાજી ગુલાબ શેખનો ઈન્તેકાલ થયો. હાજી ગુલાબ શેખ ૩૫ વરસથી મસ્જિદના ટ્રસ્ટી હતા અને મસ્જિદનું સંચાલન કરતા હતા. બંનેવ મર્હૂમોના સવાબ અર્થે **રૂા. ૧૧૦૦/- લિલ્લાહ અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**ને આપે મોકલ્યા. જઝાકલ્લાહ !
- **હિંગલ્લા** : (તા. જિ. ભરૂચ) મુકામે અહમદ ઈબ્રાહીમ અભુજીનો તા. ૧૬–૧૧–૨૦૨૧ મંગળવારના રોજ ૭૯ વરસની વયે ઈન્તેકાલ થયો છે.
- **ટંકારીઆ** : મુકામે મર્હૂમ આઈશા ઈબ્રાહીમ દેગનો ૯૩ વરસની વયે ૧૪ સફરુલ મુઝફ્ફર ૧૪૪૩, તા. ૨૨–૦૯–૨૦૨૧ બુધવારના રોજ ઈન્તેકાલ થયો છે.
- **ઝંઘાર** : મુકામે ઝુલેખા ગુલામ માસ્તર કડવાનો તા. ૧૮–૧૧–૨૦૨૧ ગુરૂવારના રોજ ૧૨ રબી. આખર, હિ.સ. ૧૪૪૩, તા. ૧૮–૧૧–૨૦૨૧ના રોજ ઈન્તેકાલ થયો છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

---

**કેનેડા** : સ્પિરિચ્યુઅલ સોસાયટી કેનેડા (ટોરોન્ટો) થકી તા. ૭–૧૧–૨૦૨૧ થી ૧૬–૧૧–૨૦૨૧ સુધી અસરથી મગરિબ સુધી ''મેહફિલે ગ્યારવીં શરીફ''નું આયોજન કરવામાં આવ્યું. જેમાં હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–ભરૂચ) તથા જનાબ કારી શમીમ સાહબ (પેશ ઈમામ) થકી શાને ગૌષ પાક رضی اللہ عنہમાં બયાનો કરવામાં આવ્યાં. અને તા. ૨૦–૧૧–૨૦૨૧ શનિવારે જશ્ને ગૌષે આ'ઝમ رضی اللہ عنہમાં ગેસ્ટ સ્પીકર તરીકે મુહમ્મદ ફૈઝાન ખાન મદની તથા સ્પે. ગેસ્ટ તરીકે હાફિઝ અબ્દુર્રહીમ બરકાતીએ બયાનો કર્યા હતાં. જનાબ મોહસિન કાદરીએ નઅતો મન્કબત પેશ કરી હતી.